

[illegible] રાસપુટીન અને ઝારીના



"જે દિવસે તે પાદરીઓની અદાલતમાંથી નિષ્કલંક બની છૂટ્યો, ત્યારે તેને મહેલમાં બોલાવવામાં આવ્યો અને ઝારીનાએ તેનાં હાથનું ચુંબન કર્યું"

દુરાત્માનો દોરદમામ

કિંવા

રાસ્કલ રાસપુટીન

સંવત ૧૯૮૨

અનુવાદક,
ચિત્રગુપ્ત

મુદ્રક અને પ્રકાશક
જયશંકર ખોડીદાસ દ્વિવેદી.
મોજ મજાહ પ્રીન્ટીંગ પ્રેસ, ખટાવ બિલ્ડીંગ
ગીરગામ,-મુંબઈ ૪.

દુરાત્માનો દોરદમામ

કિંવા

રાસ્કલ રાસપુટીન !

સૈબીરીયાના ટોબોલસ્ક જીલ્લામાં પ્રોકોવસ્કોઇ નામનું એક ગામ આવેલું છે. આ ગામને માટે કહેવામાં આવે છે કે, તેના જેવું સ્વાસ્થ્યકર અને શાંતિદાયક સ્થળ રશિયામાં બીજે ક્યાંઇ નથી. આ ગામમાં રહેનારાં લાંબાં આયુષ્યવાળા, બળવાન અને નિરોગી હોય છે. પરંતુ વિચિત્ર વાત એ છે કે, ગામનું નામ લેતાંજ લોકોનાં ગાત્ર ઢીલાં થઇ જાય છે. તેઓની છાતી ધડકવા લાગે છે.–એટલે સુધી કે મા જેમ બચ્ચાને 'બાવો આ યો' કહી બીવરાવે છે, તેમ રશિયન માતાઓ પણ પોતાના બચ્ચાંઓને ધમકાવતી વખતે કહે છે કે બહુ તોફાન કરીશ તો પ્રોકોવસ્કોઇ મોકલી આપીશ."

હવે આપણે આ ગામનો ઇતિહાસ જોઇએ.

લગભગ સો વર્ષ પૂર્વે રશિયન સરકારે કેટલાક અપરાધીઓને દેશનિકાલ કરી સૈબીરીયામાં વસવાની આજ્ઞા કરી. આ લોકોએ ત્યાં રહી આસપાસના ગામોની સ્ત્રીઓ સાથે વિવાહ સંબંધ જોડી પોતાની વંશવૃધ્ધિ કરવા માંડી. પરંતુ જીવનનિર્વાહ માટે પરિશ્રમ કરવાની તેઓને ટાઢ ચડવા લાગી. ખેતી કરવી નહિ, કોઇ જાતનું મહેનતનું નામ સાંભળતાંજ તેઓના મનમાં તિરસ્કાર છુટવા લાગ્યો. આવી સ્થિતિમાં જીવિકા કેમ ચાલે? તે એક સવાલ થઇ પડયો. પણ આ રશિયન વીરો કાંઇ ગાજ્યા જાય તેવા નહોતા..તેમણે એક નવો શાહુકારી ધંધો શોધી કહાડયો, કે જેમા તેમને નાણું રોકવું પડે તેમ નહોતું કિંવા વધારે પરિશ્રમની આવશ્યકતા નથી. માત્ર "રામનામ જપના, પરાયા માલ અપના" એ સૂત્રનું પાલન કરી લોકોના ઘોડા ચોરી લાવી તેના પર તેઓ નિર્વાહ કરવા લાગ્યા. આ કામ તેમને એટલું તો સરળ અને લાભદાયી થઇ પડ્યુ કે, આ વ્યવસ્થાને તેમણે પોતાનો ખાસ ધંધો બનાવી લીધો અને કેટલીક પેઢીઓ એમને એમજ વીતી ગઇ! વખત જતાં આ ગામ નિવાસીઓ આ વ્યવસાયમા એટલા તો તરએજ થઇ ગયા કે, ઘોડા ચોરી લાવવા એ તો તેમના ડાબા હાથનુ કામ થઇ પડ્યું! બે ચાર ઠેકાણેથી હાથ મારી આવ્યા પછી તેઓ ઘોડાના વેપારીઓની માર્ગપ્રતિક્ષા કરતાં શાંત બેસી રહેતા રશિયામાં આવા વેપારીઓની ખોટ નથી લગભગ રશિયાના દરેક પ્રાંતમાં આવા ઘોડાના વેપારીઓ ફર્યા કરે છે તેઓના પાસે સોદો નક્કી થતાંજ બાનાનાં રૂપિયા દારૂના બાટલામાં ઉડી જતા.

એટલુંજ નહિ પણ લોકો એટલે સુધી દારૂ પીવા લાગ્યા કે આ હરામના માલના નાણાં આવતાંજ બેફામ રીતે દારૂ પી તેઓ મતવાલા બની જતા. લગભગ આખું શહેર આવું બની ગયું હતું એટલે પ્રોકોવસ્કોઇને બબ્બાનું બજાર કહેવામાં આવતું.

કોઇ કોઇ વખત ચોરીના ગુન્હા માટે પોલીસ તપાસ કરવા આવતી, પણ ગામના લોકો તેઓને એવો તો હાથ બતાવી દેતા કે, તેઓ ગ્હોડામાં આંગળા નાખી પલાયનજ કરી જતા ! કોઇ કોઈ વખત જીલ્લાના અધિકારીઓના દબાણથી ગ્રામપંચાયત તેમનો વિચાર કરી સખ્ત શિક્ષાઓ સંભળાવતી, પણ કોઈ દિવસ તેનો અમલ થનો નહિ. અર્થાત્ લોકો નિડર બની પોતાનું કામ કર્યે જતા હતા.

આ શરીફ બદમાશોના સ્વર્ગ સમાન ગણાતા અર્થાત્ પ્રોકોવસ્કોઇ ગામમા ગ્રેગરી એફીમોવીચ-જે પાછળથી રાસપુટીનના નામથી મુલ્ક મશહૂર થયો- તેનો ૧૮૭૨ ના જુલાઇની સાતમી તારીખે જન્મ થયો.

ગ્રેગરીનો પિતા ધોકાબાજ-શરાબી અને બદમાશ હતો. દગો, ફટકો, લુચ્ચાઈ અને ધુર્તતામાં એટલો બધો તે પારંગત હતો કે, તેના આવા સદ્દગુણો જોઇ ગામના લોકો તેને " રાસપુટીન " નામથીજ બોલાવતા. રશિયન ભાષામાં " રાસપુટીન " શબ્દનો અર્થ દુરાચારી અથવા ફરેબી એવો થાય છે. આ ઇલિકાબ-પ્રોકોવસ્કોઇ જેવા બદમાશોના શહેરમાં જેને મળે તે માણસને મહા પ્રતિષ્ઠાવાન તરીકે ગણવામાં આવતો હતો.

ગ્રેગરીને પિતાના વારસામાં માત્ર તેનાં દુરાચરણો સાથે

ભાંગી–તૂટી ઝુંપડી અને થોડા એકર જમીન મળી હતી. બાલ્યપણથીજ તેની વૃત્તિઓ હમેશા નીચ કર્મો તરફ વળ્યા કરતી. એક ડૉકટર તેની ચિકિત્સા કરતી વખતે લખી ગયો છે કે, " ગ્રેગરી સહજ શામળા રંગનો છોકરો હતો અને તેની આંખોમાં એવી તો અદ્દ્‌ભૂત વિચિત્ર શકિત હતી કે, જેનો પ્રભાવ મારા પર પણ પડયો હતો. શરીરે તે રૂષ્ટ પુષ્ટ, બળવાન, નિડર અને પહેલા નંબરનો જુઠો હતો તેની આસપાસના પડોસીઓ તેનું નામ લેતાંજ કંપતા હતા. કોઇનું તે સન્માન રાખતો નહિ, તેનો ગુસ્સો એટલો તો ક્રુર હતો કે, એક દિવસ તેણે એક દોઢ વર્ષની છોકરીને તેના તરફ હસીને નહિ જોવા માટે નાળામાં ફેકી દીધી હતી !

જગતમાં બને છે, તેમ આવા બદમાશોને દુષ્ટ મિત્રોનો પણ કાંઈ તોટો હોતો નથી. તેણે ત્રણ ચાર મિત્રોને એવા બનાવી રાખ્યા હતા કે, કાષ્ટના પુતળાંની માફક તેઓને તે જેમ નચાવવા ધારે તેમ નચાવી શકે. તેઓમાંનો એક તો રિટૂયાપચેફ અને બીજો બારનેબી હતો. આ બન્ને તેના અંગત મિત્રો હતા અને દરેક કામમાં હમશરીક હતા.

જ્યારે તે ચૈદ વર્ષનો હતો, ત્યારે એક બુઢ્ઢી સ્ત્રીને લૂંટવા અને મારપીટ કરવાના અપરાધ માટે તેને ભર બજારમાં ચાબૂકનો સ્વાદ ચાખવો પડયો હતો. આવી રીતે જાહેર રીતે સજા ભોગવવાથી તેના હૃદયમાં ભકિતની જ્યોતિ ઉત્પન્ન થઈ, જે તેના અંતકાળ સૂધી કાયમ રહી. કોઇ કોઇ વખત તેનો ભકિતભાવ એટલો બધો ઉછળી આવતો કે તે જોઇ તેના ચિરપરિચિત મનુષ્ય પણ આશ્ચર્યથી દિંગ્મઢ થઈ જતા.

હવે તેણે પોતાની જીંદગીના નાવનું સુકાન ફેરવ્યું. તેણે દેવળોમાં અને મઠોમાં જવા માંડયું. એટલુંજ નહિ પણ સરેબા-જાર ધુંટણીએ પડી તે ઇશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો અને શરીર પર કાંટાની ડાળીઓ માર્યા કરતો હતો.

તેનો આવો ભકિત ભાવ જોઇ લોકો કહેતા કે, " વાહ ! શયતાનમાં પણ પ્રભુએ વાસ કર્યો છે ! શું તેની ભકિન ! કેવી તેની તપસ્યા ! ખરેખર આના હૃદયમા ઇશ્વરેજ વાસ કર્યો છે." જે કોઇ તેને જોતા, તેના હૃદયમાં તેને વિષે ભકિત ભાવ ઉત્પન્ન થયા સિવાય રહેતો નહિ. લોકો તેનાથી એક દેવદૂતથી ડરે, તેવી રીતે ડરતા. તે જે જગ્યાપર અડ્ડો લગાડીને બેસી જતો, ત્યાં થોડા વખતમાંજ રૂપિયાથી તેની ઝોળી ભરાઇ જતી, પરંતુ તેનો આ ઢોંગ લાંબો વખત ચાલ્યો નહિ. તેની જૂની કુટેવોએ જોર કર્યું. એક દિવસ એક વૃધ્ધ ભીખારણ પર આક્રમણ કરી તેણે તેને લુંટી તે દિવસથીજ પુનઃ તેના અધઃપાતની શરૂઆત થઇ. ચોરી અને મદ્યપાન તે કરવા લાગ્યો અને તેને લીધે તેને બે વખત જેલ જાત્રા પણ કરવી પડી. તેનું ચરિત્ર આવું ઘૃણીત અને તીરસ્કરણીય હોવા છતાં 'ઓલગા ચેનીગાફ' નામની એક સુંદર છોકરી સાથે તે પ્રેમમાં પડયો. આ પ્રેમ દિનપ્રતિદિન વધતો ગયો અને આખરે ૧૮૯૫ ની અંતમાં બન્નેએ લગ્ન કરી સંસારિક જીવનની શરૂઆત કરી. તેની સ્ત્રી લગ્ન વખતે એક ગાડી, બે ઘોડા અને થોડાક એકર જમીન અને ત્રણસો રૂબલ પોતાની સાથે લાવી હતી.

*

ગ્રેગરીએ યૌવનકાળમા પ્રવેશ કર્યા હતો. તેનું શરીર સુંદર મજબુત અને ઘાટીલું હતુ, તેની મ્હોટી મ્હોટી કાળી આંખો-માંથી એવી તો વિચિત્ર શકિત ચમકારા મારી રહેતી કે, તેની સામે જોવાની કોઈની હિંમત ચાલતી નહિ. તેનો વર્ણ ગોર હતો અને હાવભાવ એટલા તો આકર્ષક હતા કે, મ્હોટાં ખાનદાન કુટુંબની સ્ત્રીઓ પણ તેના પર મુગ્ધ થઈ જતી હતી.

વિવાહિત જીંદગી શરૂ કર્યા પછી ગ્રેગરીની સ્ત્રીએ ચાર વર્ષમાં બે કન્યા અને એક પુત્ર રત્નને જન્મ આપ્યો. લગ્ન વખતે તેની સ્ત્રી જે થોડી ઘણી માલમીલકત લાવી હતી, તે પણ તેની શરાબીમા ઉડાડી નાખી હતી, માત્ર બે ઘોડા અને ગાડી રહી હતી, અને તેના દ્વારા ભાડું ઉત્પન્ન કરી પોતાના કુટુંબનું તે જેમતેમ પોષણ કરતો હતો.

એક દિવસ શરાબથી તે એટલો બધો બેહોશ બની ગયો કે જે દિવસે તેને શુધ્ધિ આવી ને જ્યારે તે સચેત થઇ ખાટલામાં આળસ મરડી રહ્યો હતો તે વખતે તેનો જીવન મિત્ર બારનેબી તેની પાસે આવી રડવા લાગ્યો એટલે આશ્ચર્યચકિત થઇ રાસપુટીને પૂછયુ: "દોસ્ત! રડે છે શા માટે? શું થયું છે?"

બારનેબીએ આંખો લુછતાં કહ્યું:-"બિરાદર! શુ કહું?"

રાસપુટીને તેનો હાથ પકડી કહ્યું:-"અરે પણ કહે તો ખરો કે, રડવાનુ કારણ શું છે?"

બારનેબીએ ડુસકાં ભરતાં કહ્યું—"ભાઇ, આજ હું તમારી પાસેથી વિદાય લેવા આવ્યો છું. મારો નિર્વાહ અહિં ચાલતો નથી. વળી કામ પણ મળતું નથી એટલે જીંદગી પણ કેવી રીતે

ગુજારૂં ? એટલે ટોબોલસ્કમાં એક સ્થળે મેં માળીની નોકરી શોધી છે, ત્યાં જાઉં છું. આ નોકરી જો હું ન સ્વીકારૂં તો ભૂખે મરી ગયા સિવાય રહું નહિ. હાય, દોસ્ત! શું કહું આ પેટનો ખાડો પુરવા તમારાથી અલગ થવું પડે છે!"

મિત્રનાં વચનો સાંભળી રાસપુટીનનો નિશો સંપૂર્ણ ઉતરી ગયો. ખાટલામાંથી બેઠા થઇ મિત્રને ગળે લગાડી તે બોલ્યોઃ-- ભાઇ, ગભરા નહિ હું એટલા રૂપિયા અને શકિત પેદા કરીશ કે જેને લીધે તમોને બીજે ક્યાંઇ જવું નહિ પડે. તમે હમેશાં મારી સાથેજ રહેશો. આ દુનિયામા તમો અને સ્ટિયાપચેફ સિવાય મારો અંગતમિત્ર કોઇ નથી. તમોને હું મારા સગા ભાઇ જેવા ગણું છુ. ઇશ્વર પાસે દુવા માગો કે, મને તે એવી શકિત આપે કે જેથી આપણે બધા કદી પણ જુદા ન પડીએ અને આપણી ઇચ્છાઓને પૂર્ણ કરી શકીએ."

રાસપુટીનનાં વચનથી બારનેબીમાં જરા હિંમત આવી. રાસપુટીને તરતજ એક દારૂની બાટલી મંગાવી અને તેને ઇન્સાફ આપી બન્ને મિત્રો જુદા પડયા.

પ્રકરણ ૨ જું.

"મોક્ષને માટે પાપ કરો-પાપ કરો!"

એક દિવસ રાતના રાસપુટીનનાં બારણાં કોઇ ખડખડાવતું કહેવા લાગ્યું કે 'દરવાજો ખોલો'

રાસપુટીનની સ્ત્રીએ તરતજ દરવાજો ખોલતાંજ એક નવયુવક તેની નજરે પડયો. તેણે ગરમ ઉનનાં કપડાં પહેરેલા હોવાં છતાં પણ તે ઠંડીથી ધ્રુજતો હતો. તેણે પૂછયું:-"રાસપુટીન શું કરે છે?" એટલું કહેતાંજ તે ઘરની અંદર દાખલ થયો અને સગડી પાસે બેસી તાપવા લાગ્યો.

રાસપુટીનની સ્ત્રી ઓલગાએ આ નવયુવકને માથાથી પગ સુધી તપાસી લીધો અને તેને જણાયું કે આ તો દેવળનો પાદરી છે એટલે તેને પ્રણામ કરી કહેવા લાગી:—"મહારાજ! એ તો શરાબના નશામાં ચકચૂર થઇને પડયા છે. આવો, ઉઠાડો તો કદાચિત્ ઉઠે." એટલું કહી રાસપુટીન જ્યાં સૂતો હતો તે તરફ તેણે આંગળીથી ઇશારત કરી. પાદરીએ જોયું કે એક ચટાઇ ઉપર રાસપુટીન ટુટીયાવાળી ગોટમોટ પડયો હતો.

ઓલગાએ કહ્યું—"બે દિવસ પહેલાં ગાડીમાં અનાજ ભરી ટોમીન ગયા હતા. ત્યાંથી જે કાંઇ ભાડું મળ્યું તેમાંથી ઘરમાં એક પાઇ પણ આપી નથી. બધા પૈસા શરાબમાં નાખી દીધા અને ઘેર આવ્યા ત્યારે વાત કરવાની પણ શુધ્ધિ ન હોતી. પ્રભુ! વધારે શું કહું, એમને પાલે પડયા પછી સુખનો

એક પણ દિવસ મેં જોયો નથી."

ઓલગાની વાત પર ધ્યાન નહિ આપી પાદરી રાસપુટીનની પાસે પહોંચ્યો અને તેને ઢંઢોળી કહેવા લાગ્યો:-"રાસપુટીન-રાસપુટીન-ઉઠ અને ગાડી તૈયાર કર" પણ રાસપુટીન તેમ કર્યા દાદ આપે એવો હતો. પાસું બદલી તે કહેવા લાગ્યો:-"અરે યાર! હયરાન ક્યાં કરે છે. જરા સુઈ લેવા દે."

પાદરીએ સહજ મશ્કરીમાં હસીને કહ્યું:-"ઉઠે છે કે નહિ? કે લગાવુ બે ચાર થપ્પડ?"

રાસપુટીને શરીર પર ધાબળો ખેંચી લેતાં કહ્યું:-"ભાઈ, ખુદાને ખાતર થોડી વખત સુઇ રહેવા દે, તબીયત બરાબર નથી."

પાદરીનો મિજાજ હવે હાથમાં ન રહ્યો. તેણે ક્રોધ કંપિત સ્વરે કહ્યું:-"સીધી રીતે ઉઠ નહિ તો હાડકાં-પાસળાં નરમ થઇ જશે સમજ્યો?"

પાદરીની ધમકીથી રાસપુટીન સહજ ગભરાયો અને બડબડતો બડબડતો બોલ્યો-"યાર! આ વખતે તમે ક્યાંથી આવી પહોંચ્યા. ચાલો આવું છું." એટલું કહી આળસ મરડી તે બેઠો થયો અને પાંચ મીનીટમાં પોતાની સ્લે (બરફપર ચાલતી ગાડી) ઠીક કરી મુસાફરી માટે તૈયાર થઇ ગયો.

પાદરી સ્લેમાં બેઠો અને કહેવા લાગ્યો:-"ટોમીન તરફ જલ્દીથી હાંક." તે દિવસે ૧૯૦૩ ના જાનેવારીની પાંચમી તારીખ હતી. સમય રાત્રીનો હતો. સ્લે બર્ફપર ઘણી તેજીથી ચાલી જતી હતી.

બન્ને જણા થોડીવાર સૂધી ચુપચુપ બેસી રહ્યા પણ પછી

મૌનભંગ કરતાં પાદરીએ કહ્યું:—"રાસપુટીન! તમારું જીવન ઘણું પતિત થઈ ગયું છે તમારાં બાળબચ્ચાંઓ સાથે પણ ખરાબ વર્તન ચલાવો છો. શું તમને તમારાં આ કાર્યો પર શરમ નથી આવતી?"

રાસપુટીને પાદરી પર એક વક્ર દૃષ્ટિ ફેંકતાં જવાબ આપ્યો. "માત્ર હું શરાબ જ પીઉં છું અને તેને માટે મારી કમાઇના પૈસા ખરચું છું-કોઇની ચોરી કરવા જતો નથી."

પાદરી:—"ઠીક છે. ચોરી નથી કરતા એટલે કાંઇ તમે છૂટી શકતા નથી. તમે જરા વિચાર તો કરો કે, તમે કેટલાં દુષ્ટ કૃત્યો કરો છો. ઇશ્વરના દરબારમાં તમે તમારું શું મ્હોડું બતાવશો? હું અનુમાન કરું છું ત્યાં સુધી તમારી ઉમર ત્રીસેક વર્ષની હોવી જોઇએ; છતાં હજી તમે જેવાને તેવા મૂર્ખ અને બુમબ જેવા રહ્યા છો!"

પાદરીના શબ્દો સાંભળતાં જ રાસપુટીન ગુસ્સાથી લાલ લાલ થઇ ગયો અને બોલ્યો:—"સાહેબ, બોલવું બંધ કરો. વધારે સાંભળવા હું માગતો નથી. મને જો વધુ ટકકટ કરશો તો એકાદ વૃક્ષ સાથે ગાડીની ટક્કર લગાવી દઇશ કે કુતરાના મોતની માફક આપણે બન્ને મરી જઇશું."

"કુતરાની માફક તો તમે મરી જશો, મારો તો વાંકો વાળ પણ થવાનો નથી. કારણ કે, મારું રક્ષણ તો ઇશ્વર કરશે."

"હવે વધારે ત્રણ-પાંચ કરવી રહેવા દો, પાદરીઓ કેવા ઠગ હોય છે એ હું બરાબર જાણું છું."

"ત્યારે પરીક્ષા કરી જુઓ. પણ પાદરીઓ જ શા માટે,

જેઓ ઇશ્વરનું શરણ લે તેનું તે રક્ષણ કરે જ છે. એટલે સુધી કે, તમે પણ તેની રક્ષાનું પાત્ર બની શકો છો."

"ત્યારે હું શું કરૂં ?" રાસપુટીને સહજ નમ્ર બની પૂછ્યું.

"માત્ર એટલુંજ કે, કાલે તમે મઠમાં જાઓ. મારૂં નામ લેતાંજ તમને અંદર જવાની આજ્ઞા મળશે. ત્યાં જઈ પંદર દિવસનું વ્રત રાખી ઇશ્વર ધ્યાનમાં નિમગ્ન રહો. બસ, પંદર દિવસમાં તમારી કાયા પલટ થઇ જશે. તમારા અંતરાત્મામાં ઇશ્વરીય જ્યોતિનો પ્રકાશ પડી જશે. અત્યારે તમને શરાબમા જે આનંદ મળે છે, તેજ આનંદ હરીરસમાં તમને મળશે. તમારૂં કંટકમય જીવન પુનઃ સુખ શાન્તિના વારીથી પ્રફુલ્લિત થઇ જશે. જ્યાં જ્યાં તમે જશો ત્યાં સુખ અને આનંદની વર્ષા વહેવા લાગશે."

પાદરીના શબ્દોએ રાસપુટીનના હૃદયપર સારો પ્રભાવ પાડયો. તેણે આશ્ચર્યચકિત બની પૂછ્યુ:–"શું તમે ખરૂં કહો છો કે, તેમ બની શકવું સંભવનીય છે ?"

"તેમાં શું શક. મારૂં અંતઃકરણ તો સાફ સાફ કહે છે કે, ઉજ્વળ ભવિષ્ય તમારી પ્રતીક્ષા કરી રહ્યું છે."

આ ઘટના બન્યા પછી રાસપુટીન પંદર દિવસ સુધી ક્યાંઇ અંતરધ્યાન થઈ ગયો. તેની પત્ની અને બાળ બચ્ચાંએ માની લીધું કે હવે તે આ સંસારમાં નથી.

*

પંદર દિવસ પછી રાસપુટીન ઘેર આવ્યો. તેને જીવિત દશામાં આવેલો જોઇ ઘરમાં બધાંઓનો આનંદ સમાયો નહિ, તેની સ્ત્રીએ કહ્યું:–"આટલા બધા દિવસો તમે ક્યાં હતા ?

અમે તો માન્યું કે તમે—"

"મરી ગયા" રાસપુટીને ગંભીર બની વાક્ય પુરું કર્યું "પણ તમે નક્કી માનજો કે, તમારો પૂર્વનો રાસપુટીન મરણ પામ્યો છે–શરાબી અને દુરાચારી રાસપુટીન જગતમાંથી ચાલ્યો ગયો છે.".

ઓલગાને તેના આ શબ્દો ઉપર વિશ્વાસ બેઠો નહિ તેણે પુનઃ પૂછ્યું:–"આટલા દિવસ કયાં હતા અને શું બકયા કરો છો, તેની મને સમજણ પડતી નથી."

રાસપુટીને કહ્યું:–"મઠની અંદર જઇ હું ઇશ્વરોપાસના કરતો હતો. ઇશ્વરનો દૂત મારી પાસે આવ્યો હતો અને મારામાં દૈવી શકિત ભરી ગયો છે. હવે હું દારૂડીયો રાસપુટીન નથી પણ ઇશ્વરીય શકિતનો પ્રતિનિધિ–પેગંબર છું."

પ્રોકોવસ્કોઇના રહેવાસીઓ રાસપુટીનમાં થયેલાં આ અદ્‌ભુત પરિવર્તનને ભૂલ્યાં નહિ. દુરાચારી, પતિત અને જાતિને કલંકિત કરવાવાળો રાસપુટીન ભકત બની ગયો હતો–લોકોની નજરે એ એક ઇશ્વરીય ચમત્કાર.જ હતો.

આવી રીતે કેટલોક સમય વીત્યા બાદ રાસપુટીનને પૈસાની તંગી જણાવવા લાગી. આ તંગીને દૂર કરવા માટે તેણે એક નવો ફરેબ રચ્યો. તે લોકોને કહેવા લાગ્યો કે, ઇશ્વરના દૂતોની આજ્ઞા છે કે, એક ચર્ચ (દેવ મંદિર) બનાવવામાં આવે. તેનો આ પ્રસ્તાવ રજુ થતાંજ તેની પાસે ધનના ઢગલા થવા લાગ્યા. ઉદાર અને શ્રધ્ધાવાન અંધભકતોએ થેલીઓનાં મ્હોં છોડી મૂકયાં. રશિયામાં ધાર્મિક ક્રિયાઓ માટે પૈસાની અડચણ કયારેય

પડતી નથી કારણ કે ત્યાં રહેલી સીલવૈનિક જાતિ ધનાઢ્ય અને દાની છે.

આ નવા ધર્તાગથી રાસપુટીને મનમુરાદ પૈસા એકઠા કરી લીધા. ત્યાર પછી તે કઝન, કયુ તથા મોસ્કોની તરફ ગયો અને ત્યાં જઇ પોતાનાં ધાર્મિક વ્યાખ્યાનો અને મીઠી મીઠી વાતો કરી લોકોને પોતાના તરફ આકર્ષવામાં ફતેહ પામ્યો. જ્યારે તે ત્યાંથી પાછો ફર્યો ત્યારે મોટા મોટા મઠોના મહંતોએ ઘણી શ્રધ્ધાથી તેનો આદરસત્કાર કર્યો અને પોતાના મઠોમાં રહેવાની ઇચ્છા પ્રદર્શિત કરી. રાસપુટીન તેઓની વાતમાં સંમત થયો અને મઠોમાં રહી ધર્મોપદેશ આપવા લાગ્યો.

જ્યારે તેની પુષ્કળ વિખ્યાતી થઇ ગઇ ત્યારે તે પોતાનાં જન્મ સ્થળમાં પાછો ફર્યો અને ત્યાં રહી તેણે પોતાનો પવિત્ર આત્મા–અર્થાત્ પાદરી તરીકેના વ્યવસાયને ચમકાવવાનો નિશ્ચય કર્યો.

પરંતુ ઘરના ઝગડાઓને લીધે તેના આ કામમાં વિઘ્નો નડવા લાગ્યાં. અર્થાત બાળબચ્ચાંઓ માટે થોડીક માસિક રકમ બાંધી આપી તે તેમનાથી જૂદો થઇ તેજ ગામની અંદર એક ભાંગીતુટી ઝુપડીમાં રહી ઇશ્વર ભજન કરવા લાગ્યો.

થોડા દિવસ બાદ આ સાધુ વેષધારી શયતાનપર લોકો તૂટી પડવા લાગ્યા, સ્ત્રી–પુરૂષ, યુવાન–વૃધ્ધ બધાં તેના દર્શનને માટે આવી પૈસાની ભેટ ધરી તેની ચરણરજ માથે ચડાવવા લાગ્યાં. એટલુંજ નહિ પણ કેટલાક ગંભીર અને સૂક્ષ્મ વિષયોમાં પણ લોકો તેની સલાહ લેવા આવવા લાગ્યા. આવા લોકો સાથે

તે ભવિષ્ય વેત્તાની માફક વાત કરતો હતો અને તેઓને તેવાજ દ્રિઅર્થી જવાબો આપી સંતોષતો હતો.

અંધભક્તિ એ વિચિત્ર વસ્તુ છે, તે જેમ જેમ બનાવટી ઉટપટાંગ વાતો કરી લોકોને ઝુલાવતો હતો, તેમ તેમ લોકો તેના એકેએક શબ્દને ઇશ્વર વાક્ય માની ઝુલતા હતા.

પરંતુ આ બનાવટી વેષ માટે તેને શુધ્ધાચરણનું પાલન કરવું પડતુ, જે તેને ભારરુપ જણાતું હતું. તેણે વિચાર કર્યો કે, કોઇ એવા મતનું પ્રતિપાદન કરવું કે, જેથી શુધ્ધાચરણના અભાવે પણ લોકોના હૃદયમાં એવો પ્રભાવ પડે કે જેવો વર્તમાન ધર્મનો પડે છે.

એક દિવસ તેણે ભકતોને કહ્યું કે, "અમુક મઠમાં જાઉં છું જ્યાં ઇશ્વરના દૂતોએ મને બોલાવ્યો છે અને ભકતોના લાભની કોઇ વાત કહેનાર છે."

આ પ્રમાણે કહી તે એક મહિના સુધી ક્યાંઇ અદૃશ્ય થઈ ગયો.

એક મહિનો પૂરો થતાં તે પાછો આવ્યો. ભક્તો તેનો સંદેશો જાણવા માટે ઘણા આતુર થઇ તેની પાસે આવ્યા.

ભકતોના સવાલના જવાબમાં તેણે જણાવ્યું કે, "ઇશ્વરીય કૃપાથી મને એ શકિત પ્રાપ્ત થઈ છે કે જેથી હું દરેક આત્માને મોક્ષ આપી શકું છું."

થોડા દિવસમાં આ સમાચાર વીજળીની માફક આખા સૈબીરીયામાં ફેલાઇ ગયા. સ્ત્રી-પુરૂષના ટોળેટોળાં મોક્ષ પ્રાપ્તિ માટે તેની પાસે આવવા લાગ્યાં.

તેણે લોકોને કહ્યું:–" હું જે કાંઇ કહું તે ઇશ્વરીય જ્યોતિ છે તેનાથી તમારૂં અંતઃકરણ પ્રકાશમય થઇ જશે. ઇશ્વર, જે સૌનો પિતા છે, તે કોઇના પર અત્યાચાર કરતો નથી. જો માણસ શુધ્ધ હૃદયથી પશ્ચાતાપ કરે તો તેને ઇશ્વિર છાતીએ લગાડવાને તૈયાર છે. પરંતુ પશ્ચાતાપ ત્યારેજ થાય કે જ્યારે પાપની પરાકાષ્ઠા પૂરી થાય. માટે ભાઇઓ, " પાપ કરો–પાપ કરો " અને જ્યારે પાપને માટે પ્રશ્ચાતાપ કરવાનો વખત આવશે, ત્યારે ઇશ્વર તમારે માટે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં કરી દેશે. "

આ મતના એટલે પાપદ્વારા મોક્ષપ્રાપ્તિ કરવાવાળા ઘણા અનુયાયીઓ તેને મળી ગયા.

આ મતનો પ્રચાર કર્યા પછી રાસપુટીને હોમ હવાનાદિ ક્રિયાઓ કરવાનો આરંભ કરી દીધો. જમીનમાં એક ખાડો ખોદી તેમાં લાકડાંઓ ભરી રાસપુટીન ખુદ પોતે તે સળગાવતો હતો. જ્યારે લાકડાં સળગવા લાગતા ત્યારે સુગન્ધીત પદાર્થો નાખવામાં આવતા અને સ્ત્રી પુરૂષો એક બીજાના હાથ પકડી તે હવનકુંડની ચારે બાજુ પરિક્રમા કરતાં હતાં.

આ વખતે રાસપુટીન કહેતો કે, "મોક્ષને માટે પાપ કરો–પાપ કરો. "

લોકો પણ તેના શબ્દોને ઉઠાવી લઇ, " મોક્ષને માટે અમે પાપ કરીએ છીએ. " એમ કહી પાગલની માફક યજ્ઞકુંડની પ્રદક્ષિણા કર્યા કરતા. દોડતા દોડતાં તેઓ એજ મંત્રોનો ઉચ્ચાર કરતા હતા કે, " મોક્ષને માટે અમે પાપ કરીએ છીએ. "

જ્યારે લાકડાં લગભગ ઓલવાઇ રહેવા આવતા ત્યારે

રાસપુટીન બે હાથ ઉઠાવી તેઓને આશીર્વાદ આપતાં કહેતો કે, " મારા પ્રિયબંધુઓ અને બ્હેનો, હું તમોને પાપથી મુક્ત કરૂં છું. હવે તમારે યથાશક્તિ આપણા દેવમંદિર માટે સહાયતા કરવી જોઇએ. "

તેના મ્હોડાંમાંથી આટલા શબ્દો નીકળતાંજ તેના બન્ને હાથો પૈસાથી ભરાઇ જતા. આવી રીતે હજારો સ્ત્રી પુરૂષ તેના ચેલા ચેલીઓ બની તેને પોતાનો ધાર્મિક નેતા માનવા લાગ્યા.

પરંતુ તેની બુધ્ધિમતિ પત્ની ઓલગા તેને ઢોંગી અને ધુતારો સમજતી હતી. તે હંમેશ કહેતી કે, " મારે માટે તો તમે હમણાં છો તેના કરતાં શરાબી જ ઉત્તમ હતા. "

પ્રકરણ ૩ જું.

ભેદી પ્રેમ-પત્રો

રશિયન સમ્રાટ્ ઝારનો અધિકારી જનરલ ઓ' ઘોડા પર બેસી બહાર ફરી આવી ઘેર પાછો ફરતો હતો, એ વખતે એક દશ વર્ષના છોકરાએ તેના હાથમાં એક પત્ર મૂકતા કહ્યું:–" હુજુર ! આ પત્ર હમણાંને હમણાં વાંચી જુઓ."

જનરલ ઓ'એ પત્ર લીધો અને વાંચી જોયો. તેમાં લખ્યું હતું કે, "તમારી પર વિપત્તિનું વાદળ તુટી પડવાનું છે અને તે માટે તમારો એક મિત્ર તમારી સાથે થોડી વાતચિત કરવા ઇચ્છા રાખે છે. આજે બે વાગે તે તમારા ઘરપર આવશે. આશા છે કે, તમે તે વખતે તેની મુલાકાત લેશો."

પત્ર વાંચી રહ્યા બાદ પહેલાં તો જરા તિરસ્કારભરી દૃષ્ટિ તે પત્રપર ફેંકી, પરંતુ પાછળથી વિચાર આવતાં પેલા છોકરાને તેણે કહ્યું:—"વારુ જેમણે તને પત્ર આપ્યો હોય, તેમને કહેજે કે, બરાબર વખતસર આવે હું તેમની મુલાકાત લઇશ"

જનરલ ઓ' મજબુત બાંધાનો અને ખુબસૂરત જવાન હતો. ઝારના અધિકારીઓમાં તે સૌથી વિશેષ આકર્ષક હતો. આ વખતે તેની ઉમર ચાલીસેક વર્ષની હતી. તેનો જન્મ રશિયન રાજપરિવાર સાથે સંબંધ ધરાવતા એક ઉચ્ચ કુળમાં થયો હતો. તેના જીવનની સ્ત્રી સંબંધી ઘટનાઓ વિષે ઘણી વાતો થતી હતી. કારણ કે, સ્ત્રીઓની દૃષ્ટિએ એ કનૈયા તરીકે પ્રખ્યાત હતો. રમણી મનરંજન કરવાની અદ્વિતીય કળામાં પારંગત હતો અને તેની છેલ્લી ટોચે પૂગ્યો હતો. અર્થાત્ તેના અંતિમ વિજયની વાત આખા રશિયામાં ફેલાઇ રહી હતી અને તે બીજી કોઇ નહિ પણ લોકો કહેતા હતા કે, રશિયાની મહારાણી–ઝારીના એલેકઝાન્ડ્રા તેના પ્રેમમાં દીવાની બની ગઇ હતી.

બપોરના જનરલ જ્યારે ઘેર આવ્યો, ત્યારે તેણે નોકરને બોલાવીને કહ્યું:—"એક માણસ મને મળવાને આવશે, તેને મારી પાસે લઇ આવજે."

નોકરે કહ્યું:—"હજુર ' પરંતુ આપે તો હજી ભોજન પણ કર્યું નથી!"

"કોઇ હરકત નહિ. મને ભૂખ નથી. આજે હું જમવાનો નથી." જનરલે ઉત્તર આપતાં કહ્યું.

બરાબર બે વાગે એક વૃધ્ધ પુરુષ જનરલની મુલાકાતે આવી પહોંચ્યો. તેણે એક લાંબો ઉનનો જબ્બો પહેર્યો હતો અને તે ?

દાઢી એટલી તો લાંબી અને ઘટ હતી કે, જેની અંદર તેનો ચ્હેરો છુપાઇ ગયા જેવો દેખાતો હતો. આ વખતે જનરલ પોતાના કાગળ-પત્રો તપાસી રહ્યો હતો. વૃધ્ધને જોતાંજ તેણે ચોંકીને તે પત્રો ટેબલખાનામાં મૂકી દીધા અને કહ્યું:-"ઓહો ! આપ છો ? કહો, આપને શું કામ છે ?"

પાદરીએ ઉત્તર આપ્યો:-"પુત્ર, હુ તને એક વિપત્તિમાંથી બચાવવાને આવ્યો છુ."

રશિયન સમ્રાટ્ ત્રીજા એલેકઝાન્ડરના વખતમાં આ પાદરીને મહા શકિતવાન રાજ્યના શુભચિન્તક તરીકે સમજવામાં આવતો હતો. ફ્રાન્સની સાથે સંધી કરવામા એણેજ સમ્રાટ્ને અત્યાગ્રહ કર્યો હતો, પરંતુ ઝાર નિકોલસ ગાદીએ આવતાંજ તેના પ્રભાવનો અત આવી ગયો અને ગત સમ્રાટના કેટલાક અન્ય પ્રિયપાત્ર માણસોની માફક તેને રાજ્ય સાથેનો પોતાનો સંબંધ તોડી નાખવો પડ્યો, પરંતુ થોડા દિવસો બાદ રાજકુમારનો જન્મ થતાંજ તેને ફરીથી દરબારમાં બોલાવવામા આવ્યો.

પાદરીની વાત સાભળી જનરલ વિચારમાં પડી ગયો. પાદરીએ પુન કહ્યુ:..."હું તને એક મહા વિપત્તિમાંથી બચાવવાને આવ્યો છું અને તે વિપત્તિ એ છે કે જેને લીધે તારો-અને જેના સાથે તુ પ્રેમ કરે છે તેનો-તમો ઉભયનો નાશ થયા સિવાય રહેશે નહિ તમારી ગુપ્ત વાતો હવે ગુપ્ત રહી નથી. જે લોકો તે જાણી ગયા છે તેઓ તેનો ઘણી નિર્દયતાથી લાભ ઉઠાવવા..."

"બસ કરો-ઘણું થયું." પાદરીને બોલતાં વચ્ચેજ અટકાવીને જનરલે કહ્યું "આપની વાત સાંભળવા હું માગતો

નથી. આપ ભૂલ કરો છો. મારી ગુપ્ત વાતો—જો તેને ગુપ્ત કહેવામાં આવતી હોય તો માત્ર મારી સાથેજ સંબંધ રાખે છે. બીજાને તેથી કોઇ જાતનો લાભ........"

પાદરીએ તેને આગળ બોલતો અટકાવી કહ્યું:-"પુત્ર, તું ભ્રમમાં છે. એક વ્યક્તિ એવી છે કે જેની આબરૂનો ખિયાલ રાખી તારે સચેત થઇ જવું જોઇએ. મ્હારો કહેવાનો ભાવાર્થ સમજ્યોને ?"

પાદરીની છેલ્લી ટકોર સાંભળતાં જ જનરલ ઉઠીને બેઠો થયો અને ગુસ્સાથી તેની સામે હાથ ઉઠાવી કહેવા લાગ્યો:-"દુષ્ટ, આજકાલ તું બહુ ફાટી ગયો છે."

પાદરી જો કે વૃધ્ધ હતો, છતાં હજી સુધી તેના શરીરમાં અસીમ બળ હતું. તેણે જનરલની છાતી પર હાથ રાખી તેને પાછો હઠાવી દીધો અને કહ્યું-"બચ્ચા, જરા હોશિયારીમાં આવ અને આ વાંચી જો." એટલુ કહી પાદરીએ જનરલના હાથમાં કેટલાક કાગળો મૂકયા.

કાગળો વાંચતાં જ જનરલના મુખ પર ફીનકળા છવાઇ ગઇ. અશકત બની તે ખુરસી પર બેસી ગયો.

જનરલની આવી દશા જોઇ પાદરી તેની પાસે ગયો અને તેના ખભા પર હાથ મૂકી નમ્રતાપૂર્વક કહેવા લાગ્યો:-"હું જાણું છું કે, મારા કહેવાનો ભાવાર્થ તમે સમજી ગયા હશો. આ બધી તે જ પત્રોની નકલ છે કે, જે એક મહાન્ સ્ત્રી વ્યકિત તરફથી તમારા પર લખવામાં આવ્યા હતા અને જો મારૂં અનુમાન સત્ય હોય તો તમારી ટેબલ પરના લખોટામાં

પણુ–વારૂ તે વાત જવા દો. પણુ જે વ્યકિતએ મને તમારી પાસે મોકલ્યો છે તેની પાસે આ બધા પ્રેમ પત્રોના ફોટોગ્રાફ છે. જો તમે રશિયાને તિલાંજલી આપી અહિંથી ચાલ્યા જાવ અને પુનઃ પાછા નહિ ફરવાની પ્રતિજ્ઞા કરો, તો આ પત્રોના ફોટોગ્રાફનો ઉપયોગ કરવામાં આવશે નહિ અને જો તમે તેમ કરવા તૈયાર થશો નહિ તો આવતી કાલે પ્રભાતમાં જ તે સ્ત્રીના પતિ પાસે બધા ફોટોગ્રાફ પહોંચી જશે. તમે જાણો તો છો કે, તે સ્ત્રીનો પતિ કેટલો બધો શકિતવાન છે અને તમો બન્નેને એક ક્ષણુ માત્રમા પાયમાલ કરી ચપટીમાં ચોળી નાખ્યા વિના રહેશે નહિ. માટે મારૂ કહેવું માનો અને બેમાંથી એક વાત પસંદ કરો.”

પાદરીની વાત સાંભળી જનરલ વિચારમાં પડી ગયો. કેટલોક વખત આમ દિંગ્મૂઢ બની જઇ વિચાર કર્યા બાદ ઉંચું માથું ઉઠાવી દર્દ ભર્યા અવાજે તે બોલ્યો.–“ મારા માટે વિચાર કરવાનો વખત હવે કયાં બાકી રહ્યો છે ! જેમણે તમને મારી પાસે મોકલ્યા છે, તેઓએ એટલી બધી સાવધાનતાથી કામ પૂર્ણ કર્યું હશે, કે છુટવાની કોઇ બારીજ નહિ હોય, એટલે તમારી વાતનો હું સ્વીકાર કરૂં છું.” એટલુ કહેતાં જ જનરલનું ગળું ભરાઇ આવ્યું. તેના નયનોમાં અશ્રુ ભરાઇ આવ્યાં. પુનઃ તે કહેવા લાગ્યો –“ કાલે જ હુ અહિંથી ચાલ્યો જઇશ અને ઇશ્વરને સાક્ષી રાખી પ્રતિજ્ઞા કરૂ છું કે, રશિયાની સરહદની અંદર કોઇ દિવસ પગ પણુ મૂકીશ નહિ. પરંતુ આપ મને એટલું આશ્વાસન આપી શકશો કે, અમારા બન્નેની ગુપ્ત વાતો પ્રકાશમાં લાવવામાં ન આવે અને આ બાબતમાં અમો ઉભયને કષ્ટ આપી હમરાન

કરવામાં ન આવે."

પાદરીએ પોતાના ગળામાં પહેરેલા ક્રૉસને ભકિતપૂર્વક ચુંબન લેતાં કહ્યું:-"પુત્ર, ઇશ્વરના સૌગદ ખાઇને કહું છુ કે, તમોને હયરાન કરવાનું કામ કદી બનશે નહિ. જાવ, ભયરહિત બની અહિંથી ચાલ્યા જાવ-હૃદયમા કોઇ જાતની શકા નહિ લાવતાં પલાયન કરી જાવ. તમારી ગુપ્ત વાત કોઇ દિવસ પ્રકાશમાં નહિ આવે અને જે સ્ત્રીને તમે પ્યાર કરો છો તેને સંસારમા એટલીજ પવિત્ર અને નિષ્કલક માનવામાં આવશે કે જેટલી એક મહારાણી હોય છે." એટલું કહી પાદરી જનરલ પાસેથી વિદાય લઈ ચાલ્યો ગયો.

બીજા દિવસે અનિશ્ચત કારણો દર્શાવી જનરલ ઝાર પાસેથી રજા મેળવી પોતાની માતૃભૂમિ-પેટ્રોગ્રાડ છોડી ચાલી નીકળ્યો.

કેટલાક મહિના બાદ કેરો (મિસરની રાજધાની) ના એક હોટલમાંથી જનરલની લાશ મળી આવી હતી અને જે ટૂંકમા તેના પ્રેમ પત્રો હતા એ ટૂંક ગુમ થઇ ગઈ હતી.

પ્રકરણ ૪ થું

—:o:—

દુઃખદ સમાચાર

જનરલ ઓ'ને કેવી યુકિતથી પાદરી જોન કોન્સટન્ટે દેશનિકાલ કર્યો એ આપણે જોઇ ગયા. હવે તેને દેશનિકાલ કરવાનું શું કારણ હતું અને તેનાથી તેને શું લાભ હતો. એ આપણે જોઇએ.

ઇ. સ. ૧૯૦૫ ની સાલમાં રશિયામા થયેલી રાજક્રાંતિમાં

ત્યાંના રાજવિભાગનો પણ હાથ હતો, તે વખતે રશિયાના રાજતંત્રમા બે વિભાગો પડી ગયા હતા, અને એક બીજાને મહાત કરવાને પ્રયત્નો કરી રહ્યા હતા. એક વિભાગમાં ત્રીજા એલેકઝાન્ડરની વિધવા મહારાણી, ગ્રેન્ડ ડ્યૂક મિકાઇલ, અને ત્રીજા એલેકઝાન્ડરના કેટલાક મિત્ર તથા દરબારીઓ હતા, જ્યારે હરીફોમાં એવા સ્વેચ્છાચારીઓ હતા, જેઓને નવયુવતી ઝરીના આંગળીના ટેરવે નચાવતી હતી અને જર્મનના રાજતંત્રની મુક્તકંઠે વાહ વાહ પોકારતા હતા.

એમ કહેવામા આવે છે કે, વિધવા મહારાણીનો પોતાના પુત્ર સાથે જેવો જોઇએ તેવો સદ્ભાવ નહોતો અને તેનું કારણ એમ બતાવવામાં આવે છે કે, તેનો સ્વભાવ તેને પસંદ નહોતો. તે હમેશાં ખુલે ખુલ્લું કહેતી કે, મારો પુત્ર સ્રીઓના જેવા દુર્બળ હૃદયનો છે અને તેને લીધેજ તે પોતાના બીજા પુત્ર મિકાઇલ (ગ્રૅન્ડ ડ્યૂક) ને વધારે ચાહતી હતી. છતા ઝારના પ્રતિષ્ઠા અને માન મરતબાને જરા પણ ડાઘ લાગે તેવું કાર્ય કરતી નહિ કિંવા તેની વિરૂધ્ધનો એક પણ શબ્દ સાંભળી શકતી નહિ.

આપણે તે વખતની રશિયન રાજ્યક્રાંતિનો ઇતિહાસ તપાસીએ તો ઝારને તે કઈ દૃષ્ટિએ જોતી હતી તે જણાઇ આવે છે. જો કે તે વખતે ઝારે તેનો બહિષ્કાર કર્યો હતો, તો પણ તે દુ:ખને ગળી જઇ તે તેના તરફ સહાનુભૂતિ તથા પ્રેમ પ્રકટ કરતી હતી. જ્યારે વિધવા મહારાણીને જણાયું કે, તેની પુત્રવધુ—ઝરીના તેના પુત્રની વિરૂધ્ધમાં પડયંત્રો રચી રહી છે, ત્યારે તેના

દિલને બહુ દુઃખ થયું. તેણે જોયું કે જેના લીધે તે રશિયન સામ્રાજ્યની મહારાણીની પદ્વિએ ચડી–તે પતિનું જ નામો નિશાન મિટાવી દેવાનો પ્રયત્ન કરી રહી છે, ત્યારે તેના મનના વેદના અસહ્ય થઇ પડી તેણે ગુપ્ત પોલીસની મદદ લીધી અને ઝારીનાનાં છિદ્રો શોધી કહાડવાનો આરંભ કર્યો જેનાં પરિણામે જનરલ ઓ' અને ઝારીનાના પ્રેમ પત્રો મેળવવામાં અને જનરલને દેશ છોડી જવાનો ફરજ પાડવામા ફત્તેહમદ થઇ.

આ કાર્યમાં પાદરી જોન વિધવા મહારાણીને મદદ કર્યા કરતો હતો. જનરલ ઓ'ના રાશયામાંથી ચાલી જવાથી તે ખુશ થયો તેનું કારણ એ હતું કે, ઝારીનાને તે સચેત કરવા માગતો હતો અને જર્મન પાતાળ યત્રીઓના પ્રપચો--જે ઝારીનાની મદદથી પૂર્ણ થવાના હતા--તેના પર પાણી ફેરવવા માગતો હતો.

જનરલ ઓ'ના દેશ નિકાલ થવાથી ઝરીનાને બહુ દુઃખ થયું, કારણ કે તે તેને જીગરના પ્યારથી ચાહતી હતી. તેની સાથે પ્રેમ રસમાં તે રસબસ થઇ ગઇ હતી, પરતુ એકાએક તેના પ્રણય સુખનો ન કલ્પી શકાય તેવી રીતે અત આવી ગયો. જનરલે રશિયા છોડતી વખતે ઝરીનાને એક છેલ્લો પત્ર લખ્યો હતો, તેમાં લખવામાં આવ્યુ હતુ કે, "પાદરી જોન મને મળ્યો અને હમેશાને માટે રશિયા છોડી જવાની મને ફરજ પાડી. આ જીવનમાં હવે આપણે પુનઃ મળી શકીશુ નહિ, પરતુ એટલું તો યાદ રાખજો કે, આપની કૃપા તથા પ્રેમ જીંદગીના છેલ્લા દમસુધી હું ભૂલી શકીશ નહિ. મરતી વખતે પણ મને આપનુ જ ધ્યાન રહેશે."

આ પત્ર વાચ્યા પછી ઝારીનાના મનમાં થયું કે, પાદરી જોનની સખ્ત રીતે ખબર લેવી, પરંતુ લાંબો વિચાર કરી જોતા મગ ગળી જવામાંજ સાર છે, એમ માની તે મૌન રહી. કારણકે પાદરી જોનને તે પોતાનો શત્રુ સમજતી હતી. તેની સાથે વાતચિત કરવાને પણ તે ભય પામતી હતી કે કદાચિત્ તેમ કરવાથી તેની હિંમત વધી જાય અને તેને કોઇ એવા સકંજામાં તે લે કે જેથી તેને હમેશાને માટે ડરવું પડે.

ઉપરોકત બનાવ બની ગયા પછી ઝારીના એકાન્ત વાસમાં રહેવા લાગી. કોઇની સાથે મળવા–ભેટવાનો પણ તેણે ત્યાગ કરી દીધો. પોતાના રાજકુમારને લઇ દુખિત હૃદયે તે મહેલમા પડી રહેતી હતી. એ વખતે રાજકુમારની ઉમર બે વર્ષની હતી અને રોગી રહ્યા કરતો હતો.

અપવાદ દાખલ માત્ર એક સ્ત્રી–જેનું નામ આના વાઇરો નબોવા હતું, તે સ્વચ્છંદતાપુર્વક ઝારીનાની પાસે આવજાવ કરતી શકતી હતી. તેને કોઇ જાતનો અટકાવ ન હોતો. પહેલાં તો આનાની ગણના ઝારીનાની ખાસ દાસીમા થતી હતી; પરંતુ એક લેફ્ટેનન્ટની સાથે વિવાહ કરી લેવાને લીધે કેટલાક દિવસ માટે તેને આ પદ છોડી દેવું પડયું હતું. લગ્ન બાદ આનાનો ગૃહસંસાર સુખી નીવડયો નહિ. તેનો પતિ તેને મારપીટ કરવા લાગ્યો એટલે ઝારની અનુમતીથી તેણે તેની સાથે છુટા-છેડા કરી લીધા અને પુનઃ ઝારીનાની સેવામાં હાજર થઇ.

આના સ્થૂલ શરીરની અને વિદ્રૂપ સ્ત્રી હતી. ઝારીનાના મહેલમાં તેને બધા 'રસોયણ'ના નામથી સંબોધતા અને વસ્તુતઃ

તે નામને તે લાયક જ હતી. ખુશામદ કરી ઝારીનાને તે પ્રસન્ન રાખતી હતી. વિધવા મહારાણી (ઝારીનાની સાસુ)ની કે જેને ઝારીના પોતાના બધાં દુખોનું મૂળ સમજતી હતી, તેની યથેચ્છ નિન્દા આના કર્યાં કરતી, અને તેજ તેને વિશ્વાસ પાત્ર બનવાનું મુખ્ય કારણ હતુ.

ગમે તેમ હોય, પણ એટલું તો ખરૂં કે ઝારીનાના ઉક્ત દુઃખદ્ સમયે આના પોતાના ખરા જીગરથી તેની સેવા–સુશ્રુષા કરતી હતી. આનાનો પલંગ પણ ઝારીનાના પલંગ પાસે રાખવામાં આવ્યો હતો અને રાત દિવસ તેની સાથે રહી તેના જીવને આનંદ આપવાને તે ચેષ્ટા કર્યાં કરતી. કયાં એક રશિયન સામ્રાજ્યની મહારાણી અને કયાં એક સાધારણ દાસી! લોકો આ બન્નેના સખી ભાવથી આશ્ચર્યમાં પડી જતા હતા, અને હતું પણ તેમજ. ઝારીનાને તેના વિના એક ક્ષણને માટે પણ ચેન પડતું નહોતું. આનું એક બીજું પણ કારણ હતુ. ઝારીના વિચિત્ર વર્તણુંકવાળી સ્ત્રી હતી, સમાજના લોકો જેઓની તરફ ઘૃણાની દૃષ્ટિથી જોતા અને રશિયામાં જેને પતિત સમજવામા આવતા તેઓથી ઝારીના હમેશાં પ્રસન્ન રહેતી. તેવા લોકોને તેના કૃપાપત્ર બનવાને આ એક કીમીયો હાથ લાગી ગયો હતો. અર્થાત્ આવા વિચિત્ર સ્વભાવને લીધે લોકો જેમ જેમ આનાની ચાલચલગત માટે દોષારોપણ કરતા જતા હતા, તેમ તેમ ઝારીનાને તે વધારે પ્રિય થઈ પડતી હતી.

એક દિવસ પ્રભાતમાજ આના આંસુ ભર્યાં નયને ઝારી-નાની પાસે આવી અને બોલીઃ—“ મહારાણી, આજના શોક સમાચાર તમે વાંચ્યા ? ”

ઝારીના એકાએક ચોંકી પડી બોલી:-" આના, શા સમાચાર છે ? તું તો જાણે છે કે, આજ કેટલાયે મહિના થયાં મેં વર્તમાન પત્રો વાંચવાનું છોડી દીધું છે."

" શહેનશાહ બાનું, ત્યારે આટલું વાંચવાની તસ્દી લ્યો " એમ કહી આનાએ ઝારીનાના હાથમાં એક વર્તમાન પત્ર મૂક્યું. પત્રમાં લખ્યું હતું કે.-" કેરોના એક હૉટેલમાં રશિયન સામ્રાજ્યના એક મોટા અધિકારી જનરલ ઓ'નું અકસ્માત મૃત્યુ થઇ ગયું છે. ડોકટરોએ તપાસ કરી સ્વાભાવિક કારણોથી મૃત્યુ થવાનો મત દર્શાવ્યો છે. પરંતુ જનરલની એક ટ્રંક-કે જેમા કેટલાક મહત્વનાં કાગળીયાં હતા-તે ગુમ થઇ ગઇ છે ! "

આ સમાચાર વાંચતાજ ઝરીના બહોશ થઇ ગઇ.

કેટલાક વખત બાદ શુધ્ધિમા આવતા ઝારીનાએ આનાને પોતાના પલંગ પાસે ઉભી રહી ચોધાર આંસુએ રડતી જોઇ.

ઝારીનાએ કરૂણ સ્વરે આનાને કહ્યું:-" વ્હાલી આના, તું પ્રતિજ્ઞા લે કે, હવેથી એક ક્ષણને માટે પણ તું મારાથી દૂર થઇશ નહિ અને જેઓ મારો સર્વનાશ કરવાને ટાંપી રહ્યા છે, તેઓના પ્રપંચનો ભોગ થતી બચાવીશ "

આનાએ આંસુ લુછતાં કહ્યુ:-" મહારાણી, હું સૌગંદ ખાઇને કહું છું કે, આ અત્યાચારીઓ સામે કોઇ દિવસ બદલો લેવાની જરૂર પડશે, તો તે માટે હું એક ડગલું પણ પાછળ હઠીશ નહિ."

આના અને ઝારીના આ પ્રમાણે શોકમગ્ન સ્થિતિમાં ભાવિનો વિચાર કર્યા કરતાં હતાં, બરાબર તેજ વખતે પાદરી

જોન એક બીજા પાદરી ઇલીઓડરને સાથે લઇ વીન્ટર પેલેસ (જેમાં ઝાર શિયાળાની ઋતુમાં રહેતો હતો,) માંથી બહાર નીકળ્યો.

પાદરી ઇલીઓડર એક દ્વેષી માણસ હતો. તેની નિર્દયતા અને કઠોર હૃદય જોઇ ઝાર તેના પર ખુશ હતો. રશિયા-જાપાન યુધ્ધ તથા બીજા એકાદ બે પ્રસંગોએ તેણે ભવિષ્ય વાણી કહી સંભળાવી હતી અને તે ખરી પડવાથી ઝારની તેના પર શ્રધ્ધા બેઠી હતી.

પાદરી જોને કહ્યું:-"જનરલ ઓ'નાં મૃત્યુ પર ઘણી ટીકાઓ થવાની અને મને ખાત્રી છે કે, ઝારીના તો મનેજ તેના મૃત્યુનું કારણ કલ્પી લેશે."

ઇલીઓડરે સહજ તેના તરફ વક્ર દૃષ્ટિ કરી કહ્યું:--"તેમાં શું શક ! કેટલીક ઉપર ચોટીયા વાતો પણ માણસને ભ્રમમાં નાખી દે છે !"

જોને દૃઢતા પુર્વક કહ્યું -"ભાઇ ! હું ઇશ્વરને સાક્ષી રાખીને કહુ છું કે, આ હત્યામા મારો બિલકુલ હાથ નથી આ બનાવથી મારા મનમા એટલો બધો તિરસ્કાર છૂટયો છે કે, હત્યાકારીઓનો મને જરા પણ પત્તો મળી જાય તો તેઓને સજા કરાવ્યા વિના રહુ નહિ"

થોડા વખત સુધી તેઓ ચુપચુપ ચાલ્યા પછી પુનઃ જોન બોલવા લાગ્યો--"પેલી ગુમ થયેલી ટ્રંક-કે જેમાં કેટલાક મહત્વના કાગળો હતા. તે કાગળોથી હું સંપૂર્ણ વાકેફગાર છું, પરંતુ તેને કોઇનાથી લાભ થાય એવું હું માનતો નથી. માત્ર વિધવા મહારાણી જે બધું જાણે છે. તે પણ

આવું કૃત્ય કરે એમ મારૂં મન સાક્ષી પુરતું નથી. કારણ કે, તેની પાસે તો તે બધા પત્રોના ફોટોગ્રાફ છે!"

ઇલીઓડર બોલ્યોઃ-"ત્યારે કદાચિત્ એમ હોવું જોઇએ કે, તેની ટૂંકમાં લશ્કરી કાગળ પત્રો હોય અને તેનાથી કોઇ વિદેશી રાજ્યને લાભ થવાનો હોય. સંભવ છે કે જર્મની.."

પાદરી જોન તેને આગળ બોલતો અટકાવી બોલ્યો--"આપણા દેશ તરફ જર્મની કઇ દૃષ્ટિએ જુએ છે, એ સર્વ વિદિત છે. આપણાં મૂળ ખોદી નાખવાને તે ચોવીસે કલાક પ્રયત્નો કર્યા કરે છે, ભવિષ્યમાં થનારી દુર્ઘટનાઓ કે જેના સ્વપ્નાં હજી પણ મને આવ્યા કરે છે–અને તેવો ઇશ્વરીય સંકેત હોય તો—"

ઇલીઓડરે ગુસ્સામાં આવી કહ્યું--"તમે જાણો છો કે જર્મની કરતાં રશિયામાં ત્રણ ગણાં માણસો છે અને તેઓ એવા તો બળવાન છે કે, જગતની કોઇ પણ શકિતની સામે તેને ડરવાની જરૂર નથી. જર્મના જેવાની પીઠ તો એક ઠોંસો લગાવતાંજ તોડી શકીએ એમ છીએ."

જોન સહજ હસ્યો. તેના મિત્રની વાતમાં તેને વિશ્વાસ બેઠો નહિ. તેણે કહ્યું--"જે દિવસે જર્મની આપણને નીચા પાડવાનો પ્રયત્ન કરશે, ત્યારે મહા બળવાન યોધ્ધાઓ અને તોપોથી કામ નહિ લે, પણ આપણાંજ સૈનિકોને આપણી ઉપર ઉલટાવી દેશે એટલે કે, આપણી શકિતને આપણી વિરૂધ્ધમાં જ ઉભી કરી દેશે"

ઇલીઓડરે કહ્યું-" દોસ્ત ! રાજકારણ તમે સમજતા નથી !"
જોને વ્યંગપૂર્વક કહ્યું-" ઇશ્વર ન કરે ને તમને તે સમજવાની આવશ્યકતા ઉત્પન્ન થાય ! "

પ્રકરણ ૫ મું

કીર્તિ મંદિરમાં પ્રવેશ

ગ્રેગરી રાસપુટીન પોતાની દરેક સફળતાઓને એક તત્ત્વવેત્તાની દષ્ટિએ જોતો હતો. જ્યાં પોતાની વધતી જતી કીર્તિમા પણ તે પોતાના જૂના દોસ્તોને ભૂલ્યો ન હોતો. તેની પત્ની ઓલ્ગા કે જેની સાથેનો સંબંધ તેણે તોડી નાખ્યો હતો, તે પોતાના બાળબચ્ચાં સાથે એક ધનાઢ્ય વિધવા તરીકે રહી ભરપોષણ કરી શકે એવી તેણે વ્યવસ્થા કરી આપી હતી. તેના બાલમિત્ર બારનેબીને વચન આપ્યા મુજબ પોક્રો વસ્કોઇમા બોલાવી પોતે બનાવેલા મંદિરમા ઉચ્ચ પદ પર નિયત કર્યો. બીજા મિત્ર રિટ્રઆપચેફને તેણે પોતાનો સેક્રેટરી અને મેનેજર બનાવ્યો. રાસપુટીનની આવક જાવક અને બધા વ્યવસાયની તે દેખરેખ રાખતો હતો.

ઇ. સ. ૧૯૦૪ માં રાસપુટીન કઝાન તરફ યાત્રા કરવાને ગયો. ત્યાં તેને લીડીયા નામની એક ધનાઢ્ય સ્ત્રી સાથે મુલાકાત થઇ. લીડીયા એક શ્રીમંત વેપારીની વિધવા

પત્ની હતી. તેનો પતિ મૃત્યુ વખતે અઢળક સંપત્તિ મૂકી ગયો હતો, જેની લીડીયા એકની એક માલેક હતી. લીડીયાની ઉમર ચાળીસેક વર્ષની હતી છતાં તે એક રૂપસુંદરી જેવી દેખાતી હતી. તેના હૃદયમાં કોઇની તરફ પ્રેમ નહોતો. પોતાની વૈધવ્ય દશા--જેને તે વૈવાહિત પ્રાણોત્સર્ગ કહેતી હતી-. એ સ્થિતિમાં તેની ચિત્ત વૃત્તિઓ ભક્તિ તરફ વળી. તીર્થયાત્રા કરવાનો તેને બહુ શોખ હતો. સાધુ--સંતોને ભેટ આપવામાં અને ધર્માર્થ પૈસો ખરચવામા પોતાના ધનનો વ્યય કરવાને તે પાછી પાની કરતી નહિ. દરેક ધાર્મિક કાર્યમાં તે અગ્ર ભાગ લેતી અને ઘણુાજ કડક નિયમ પાળી સયમથી રહેતી હતી. છતાં તેના આત્માને શાન્તિ તો નહોતી જ. આવી રીતે ભક્તિ કરવા છતાં પણ જ્યારે ચિત્તની પ્રસન્નતા તે મેળવી શકી નહિ એટલે તે થાકી ગઇ અને પોતાની રહેણી કરણી બદલવાના વિચારો કર્યા કરતી હતી એટલામાં એકાએક રાસપુટીન સાથે તેને મુલાકાત થઇ અને રાસપુટીનના નવા મતે તેના દિલને આકર્ષી લીધું.

રાસપુટીનના નવા સંપ્રદાયના મત તરીકે તે હમેશાં કહ્યા કરતો કે. "મોક્ષને માટે પાપ કરો એટલે સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં થઇ જશે."

લીડીયાએ સ્વપ્નમાં પણ આવી વિચિત્ર વાત સાંભળી નહોતી. તેણે માન્યુ કે, તેનાં હિત માટેજ ઇશ્વરે રાસપુટીનને આ મતનો પ્રચાર કરવા મોકલ્યો છે. લીડીયા આ મત પર અને તેના પ્રચારકપર મુગ્ધ થઇ ગઇ. એક સોનાની ચીડીયાને પોતાના ફંદામાં ફસાતી જોઇ રાસપુટીનના હર્ષનો પાર રહ્યો નહિ. રાસ-પુટીનપર મુગ્ધ બની લીડીયાએ એક સુન્દર મોટર ગાડી તેને

ભેટ આપી અને તેજ ગાડીમા રાસપુટીનની સાથે પ્રોક્રોવસ્કોઇ આવી પહોંચી.

રાસપુટીનના બાલસ્નેહિ બારનેબી અને રિટ્આપચેફ લીડીયા જેવી શ્રીમંત વિધવાને પોતાના સંપ્રદાયમાં ફસાયેલી જોઇ ખુશ ખુશ થઇ ગયા. લીડીયાના દિલમાં સંપ્રદાયની પાકી છાપ પાડવાને અને ફંદામા સપડાવી લેવા માટે તેઓએ એક નાટક ભજવવાનો નિશ્ચય કર્યો. એક દિવસ રાસપુટીન લીડીયાની સાથે બેસી કોઈ વાતચિત કર્યા કરતો હતો, એટલામાં રડતી સૂરત લઇ બારનેબી આવ્યો અને કહેવા લાગ્યો:—

"ગુરૂ મહારાજ! લોકનિન્દા હવે તો મારાથી સાંભળી શકાતી નથી, માટે મને હવે આપની સેવામાંથી રજા આપો. હું આ ધર્મ મંદિરમાથી બહાર ચાલ્યો જઇશ."

રાસપુટીને અજાયબ થઇ પૂછયું--"બારનેબી, તું શું કહે છે? મને છોડી તું ચાલ્યો જવા માગે છે? અરે! તું તો મારો પટ્ટ શિષ્ય છે. આવો વિચાર કરવાનું તને કંઇ કારણ—"

બારનેબી અધોવદને ઉભો રહી બોલ્યો:–"મહારાજ! જગતમાં આપના વિષે શું શું બોલાય છે, તે આ કાનથી સાંભળી શકાતું નથી. એક સ્ત્રીએ આપના હૃદય પર અધિકાર જમાવ્યો છે, પણ તે સમજતી નથી કે એથી આપની કેટલી બધી હાની થાય છે. એક પછી એક આપની શિષ્યાઓ આપને બદનામ કરતી દેવમંદિર છોડી ચાલી જાય છે. થોડા દિવસમાં લીડીયા સિવાય આપની સેવામાં કોઇ પણ હાજર થશે નહિ.

રાસપુટીને પોતાની લાકડી ઉગામી અને ગુસ્સાથી લાલચોળ

બની કહ્યું–"બદમાશ, અહિંથી દૂર થા. તમારા જેવા પાજીઓની હું પરવાહ કરતો નથી. તમે એમ ઇચ્છો છો કે હું તમારા કહેવા મુજબ વરતુ ? નહિ, કદી નહિ. ઇશ્વરનો હુ પ્રિયપાત્ર છું–હું જે કાંઇ કરૂં છું તે તેની ઇચ્છાથી જ કરૂં છું. જાઓ, તમે બધા ચાલ્યા જાઓ. તેથી મારૂં રતિ ભાર પણ નુકસાન થવાનું નથી."

રાસપુટીનના આ જુસ્સાદાર વર્તનથી લીડીયાના દિલપર સારો પ્રભાવ પડયો. તેણે વિચાર્યું કે, મારા લીધે રાસપુટીન આખા જગતને તિલાંજલી આપવાને તૈયાર થઇ ગયો છે

બીજા દિવસે રિદૂઆપચેફે પણ લીડીયાની હાજરીમાં તેવો નાટક ભજવી બતાવ્યો. આખરે એ ત્રણે ઢોગી ગુરૂ અને લાલચુ ચેલાઓએ લીડીયાને એવી તો પોતાના સકંજામા લઇ બનાવી કે રાસપુટીનના બધા ખર્ચનો ભાર તેણે પોતાના શિરપર વોરી લીધો અને હમેશને માટે તેના સાથે રહેવાનો નિશ્ચય કર્યો.

લીડીયા જેની તન--મન--ધન અર્પણ કરનારી ભકતાણી અને બારનેબી રિદૂઆપચેફ જેવા ઢોગી ધુતારાઓની સંપૂર્ણ સહાયતા મળતાંજ રાસપુટીનની ઉચ્ચાભિલાષાઓ દિન-પ્રતિદિન વૃધ્ધિંગત થવા લાગી, પરતુ તે જાણતો હતો કે, કોકો વરકોઇમાં રહીને તે ઉચ્ચા ભિલાષાઓ પૂરી થાય એવો સભવ ન હોતો. એટલે તેણે અહિં નહિં ફરી ચેલાઓ અને ચેલકીઓ મૂંડવાનો નિશ્ચય કર્યો. લીડીયાને તેની આ વાત પસંદ પડી અને તેના કાર્યમાં હમરાગીક થઇ. કારણ કે, રાસપુટીનને તે સમસ્ત રશિયામાં વિખ્યાત કરવા માગતી હતી.

તેઓએ પોતાના આ ફરેબી ધંધાની કજાનથી શરૂઆત કરી. ધનાઢ્ય લીડીયાની મદદથી મોટા મોટા કુટુંબોમાં પણ તેની પધરામણીઓ થવા લાગી. આ વખતે આડંબરેનો ત્યાગ કરી તે પૂરેપૂરો બગલો ભગત બની ગયો. તે એટલો તો સાદો બની ગયો કે, છરી કાંટાઓને તિલાંજલી આપી તેણે હાથથી ખાવા માંડયું. આ વાતથી લોકોના મનપર સારો પ્રભાવ પડયો. બધાઓ તેને સાધુ-મહાત્મા-સંત એમ કહી તેની વાહવાહ પોકારવા લાગ્યા.

હવન હોમ ઈત્યાદિ નવા ઢોંગ ધતુરા કરી તે લોકો પર પોતાનો પ્રભાવ પાડવા માગતો અને તે કામમાં તેના બન્ને મિત્રો અને લીડીયા સંપૂર્ણ રીતે સહાય કરતા હતાં. કોઇ કોઇ વાર તે એવી તો ચાલાકી કરી બતાવતો અને ગૂઢ શબ્દોમા ભવિષ્ય વાણી કહી સંભળાવતો કે, લોકો આશ્ચર્યથી દિગ્મૂઢ બની જતા.

એક દિવસ કજાનના ઇન્સ્પેકટર જનરલની સાથે તેને મુલાકાત થઇ. જનરલનું નામ સ્ટમંર હતું. રાસપુટીને તેને કહ્યું:- "તું દરેક કાર્યમાં સફળતા મેળવીશ અને ઉચ્ચપદનો અધિકાર પ્રાપ્ત કરીશ"

આવીજ રીતે એક વર્ષ પહેલાં તેણે એક બદમાશને ભવિષ્ય વાણી કહી સંભળાવી હતી. ભવિષ્ય વાણી સાંભળ્યા બાદ થોડા દિવસમાંજ તે માણસને ખૂનના અપરાધ માટે ફાંસીની સજા મળી. તે વખતે પોતાની ભવિષ્યવાણી ખરી પડતાં રાસપુટીને કહ્યું, "મારા કહેવાનું તાત્પર્ય એ હતું કે, તેને બધા માણસોના કરતાં ઉંચે ઉભો રાખવામાં આવશે!"

કૃજાનમાં પોતાનો અડ્ડો બરાબર જમાવી આ ટોળી હવે કયુ શહેર તરફ વળી. ત્યા એક વિચિત્ર બનાવ બન્યો. કયુમાં રાસપુટીનને એક ભકતાણી મળી. તેના પર તે એવો તો લટ્ટુ બની ગયો કે, એક મહિના સુધી તેના પ્રેમમાં તે દીવાનો બની ગયો અને પોતાનાં કાર્યને પણ ભૂલી ગયો. રાત દિવસ તે સ્ત્રી સાથે રહેવા લાગ્યો. તેના બન્ને મિત્રો તેને હમેશ સતેજ રાખવાનો પ્રયત્ન કર્યા કરતા હતા. અને કહેતા કે, દોસ્ત! આવી નકામી ઝંઝટમાં કયાં ફસાઈ ગયો. રાજધાની પેટ્રોગ્રાડમાં ચાલ. તારા જેવાની ત્યાં આવશ્યકતા છે. ''

રાસપુટીન મિત્રોની ટકોર ઉપરથી સમજી ગયો કે, આમ પાગલ બની જવામાં સાર નથી. એટલે આ ઢોંગી ધુતારાની ટોળીએ પોતાનો મોરચો પેટ્રોગ્રાડ તરફ વાળ્યો. લીડીયાએ તો તેઓ પહોંચે તે પહેલાંજ રાસપુટીનનાં બણગાં ફુંકાવવા માંડ્યાં હતાં. તેણે પોતાના બધા મિત્રો, પાદરીઓ અને ભકતો–જેઓની સાથે તિર્થયાત્રા કરતાં તેઓને પરીચય થઇ ગયો હતો તેઓને રાસપુટીનનાં અદ્દભુત કાર્યો, ભવિષ્યવાણી અને મોક્ષ પ્રાપ્તિના નવીન મત વિષે લખી મોકલ્યું હતું અને વિશેષમાં જણાવ્યું હતું કે, રાસપુટીન જયારે ત્યાં આવે ત્યારે તેનો આશીર્વાદ લેવાને બધાએ હાજર થવું. એટલું જ નહિ પણ પહોંચેલ બુટ્ટી લીડીયાએ ત્યાંના સમાચાર પત્રોમાં પણ તેની પ્રશંસાના મજકુરો છપાય એવો પ્રબંધ કર્યો હતો. દૃષ્ટાંત તરીકે પેટ્રોગ્રાડનાં એક પ્રખ્યાત પત્રમાં તા. ૨૭ મી જુલાઇ ૧૯૦૪ ના અંકમાંથી એક ઉતારો અહીં આપીએ છીએ:—

" મહાત્મા ગ્રેગરી રાસપુટીન ઇશ્વરના પરમ ભકત છે. એક દરીદ્ર ખેડુતના ઘરમાં જન્મ લીધેલો હોવા છતાં પણ તેમણે મોસ્કો, કયુ, કજાન અને ઓડેસા વગેરે સ્થળે અદ્દ્ભુત ચમત્કારો કરી બતાવ્યા છે. ભવિષ્યની કોઇ પણ વાત તેમનાથી ગુપ્ત નથી. આવતી કાલે શું થશે, દસ દિવસ પછી શું થવાનું છે, એટલુંજ નહિ પણ દશ શતાબ્દી પછી શું થવાનું છે, વગેરે બાબતોથી તે અજ્ઞાત નથી. તેમની દૃષ્ટિ ઘણી સશકત છે અને ઇચ્છાશકિત એટલી તો પ્રબળ છે કે તેની સામે કોઇ ટકી શકતું નથી. ઇચ્છાશકિતના પ્રયોગદ્વારા માત્ર આંગળી લગાડીનેજ તેમણે ઘણા અસાધ્ય રોગોને નાબૂદ કર્યાં છે. તેમની કૃપાથી આંધળાઓ દેખતા થાય છે. સ્ત્રીઓ તરફ તેમની બહુ મહેરબાની છે. વધારે તો શું પણ સ્ત્રીઓના તો તે ઇષ્ટદેવ છે. તેમની સેવાથી સ્ત્રીઓ તો શુધ્ધ અને શાંત થઇ જાય છે. નાનાગારમાં જઇ સ્નાન કરવાવાળાઓને તે પવિત્ર મંત્ર કહી સંભળાવે છે, તેની સાથે પ્રાર્થના કરે છે અને તે આત્માઓને જ્યોતિપૂર્ણ કરી દે છે. આવી રીતે સ્નાન કરવાથી શરીરની સાથે આત્માની પણ શુધ્ધિ થઇ જાય છે. આવા મહાત્માઓની ચરણરજ પ્રાપ્ત કરવાની અમૂલ્ય તક થોડા વખતમાંજ સેંટપિટસબર્ગની પ્રજાને મળનાર છે. ઉકત મહાત્માને અહિં આવવાને માટે પ્રાર્થના કરવામાં આવી છે, અને અમોને આશા છે કે, મહાત્મા અહિં પધારી ધર્મપ્રેમી મનુષ્યોના આત્માઓને શાંતિ આપશે.

" વળી વિશેષ ખુબીની વાત તો એ છે કે, ઉકત મહાત્માએ હજી સુધી પોતાના પિતાનાં કલંકિત નામ " રાસપુટીન "નો

ત્યાગ કર્યો નથી. આ ઉપરથી તેમની પિતૃભકિત અને ખ્રીસ્તી ધર્મ ઉપરની શ્રધ્ધા જણાઈ આવે છે અને સાબીત થાય છે કે, પોતાની તપસ્યાના જોરે "રાસપુટીન" જેવા ખરાબ નામને પણ તેમણે પવિત્ર અને સુંદર નામ બનાવી દીધું છે."

આ પત્રનો મત વાંચ્યા બાદ ત્યાંની પ્રજા પર રાસપુટીન વિષે કેવો મત ફેલાયો હશે અને તેને કેવો આવકાર મળ્યો હશે, તે તો વાંચકો સ્પષ્ટ સમજી શકે એમ છે. અર્થાત્ જ્યારે રાસપુટીન પોતાની મંડળી સાથે સેંટપિટર્સબર્ગનાં સ્ટેશનમાં ઉતર્યો ત્યારે લગભગ બે હજાર ઉચ્ચ ખાનદાનનાં માણસો તેનુ સ્વાગત કરવાને હાજર હતા. જ્યારે તે સ્ટેશનની બહાર આવ્યો ત્યારે ગગનભેદી ઉચ્ચ સ્વરે લોકોએ તેની જય પોકારી અને સ્વાગત કર્યું. તેની ચરણરજ લેવાને સેંકડો મનુષ્યો પ્રયત્નો કરવા લાગ્યા. સ્ત્રીઓ તેનાં વસ્ત્રને આંખે લગાડવા લગાડી ચૂમવા લાગી પુરૂષો તેના પગમાં પડી નમસ્કાર કરતા હતા. ત્યારે રાસપુટીન પોપની માફક તેઓને આશીર્વાદ આપી નાટક ભજવ્યે જતો હતો.

રાસપુટીનના આ સ્વાગત-સમારંભ વખતે પાદરી જોન અને પાદરી ઈલીઓડર પણ સ્ટેશન પર આવ્યા હતા. તેમણે તેના હાથોનું રશિયન રીત મુજબ ચુંબન કરી કહ્યું:—

"પૂજ્ય મહાત્મા! પ્રજામા, નવું જીવન ઉત્પન્ન કરવા ઈશ્વર આપને સહાય કરે એવું અમો ઇચ્છીએ છીએ."

ધૂર્ત રાસપુટીને નાટકીયા હાવભાવથી નમ્રતાપૂર્વક કહ્યું.— "જેવી ઈશ્વરની મરજી. જેમ તેમની આજ્ઞા થશે, તેમ હું કરીશ."

અર્થાત્ મહત્વાકાંક્ષી રાસપુટીનને પોતાની ઉચ્ચ અભિલા-

પાઓ પૂર્ણ કરવાનો જાણે ઇશ્વરેજ માર્ગ આપ્યો હોય તેમ રશિયાની રાજધાનીમાં તેના મત પ્રચાર માટે તેને વિશાળ ક્ષેત્ર મળી ગયું.

પ્રકરણ ૬ ઠું

જાદુગરનું જાદુ

લીડીયાએ પેટ્રોગ્રાડમાં બધાને રહેવા માટે એક આલીશાન રાજમહેલ જેવું મકાન ભાડે લઇ લીધુ હતું. આ મકાન પર દરેક જાતના માણસો રાસપુટીનનાં દર્શનને માટે આવતાં હતાં. આ માણસોમાં મોટા મોટા ભવિષ્યવેત્તાઓ, તત્ર મંત્ર જાણુવાવાળાઓ, સામુદ્રિક શાસ્ત્રીઓ, વિજ્ઞાનવેત્તાઓ અને શરીફ બદમાશો પણ આવતા હતા. રાસપુટીન દરેકની આંખમાં ધુળ નાખી તેઓને સંતુષ્ટ કરીને પાછા મોકલતો હતો. તે વખતનું રશિયાનું એક પત્ર પોતાના તા. ૧૨ મી એપ્રીલ ૧૯૦૫ ના અંકમાં જણાવે છે કે:—

" રાસપુટીનનાં બારણા પાસે હજારો લોકોની ભીડ જામેલી રહે છે. ત્રણ ત્રણ દિવસ સૂધી લોકોને તેની મુલાકાત માટે ખોટી રહેવું પડે છે. મુલાકાત લેનાર દરેક વ્યકિત તેની અસાધારણ દૈવ શકિત તથા ભવિષ્યવાણીનો સ્વીકાર કરે છે. વળી એમ પણ કહેવામાં આવે છે કે, જ્યારે તેમની ઇચ્છા થાય છે, ત્યારે તેઓ કોઇ અદ્દભુત કાર્ય કરી બતાવે છે. એક દિવસ મુઠીમાં

ધુળ લઇ તેને ફૂંક મારી ગુલાબ વૃક્ષ બનાવી દીધું હતું. એક વખત એક વૃધ્ધ સ્ત્રીને તેમણે ગાડીમાં બેસીને જતી જોઇ. તે બાઇના બન્ને પગ વાથી ઝલાઇ ગયા હતા. રાસપુટીન તેની પાસે ગયો અને કેટલીક ક્ષણ સૂધી તેની સામે જોઈ રહ્યા પછી બોલ્યો:–"બાઇ, તું બેઠી કેમ છે? ચાલ ઉઠ, અને ચાલવા લાગ." એટલું કહેતાંજ તે બાઇ ઉઠીને પોતાના પગે ચાલવા લાગી.

"રાસપુટીનના અનુયાયીઓમાં સ્ત્રીઓ વિશેષ છે. અમારો ખબરપત્રી જણાવે છે કે, એક વખતે લગભગ ચારસો સ્ત્રીઓને તેણે રાસપુટીનનાં દર્શનને માટે રાહ જોતી જોઇ હતી. રાસપુટીન પોતાના નિયમ મુજબ યુવાન અને ખુબસૂરત સ્ત્રીઓનેજ પોતાની પાસે આવવા દે છે. તેઓનું કહેવું એવું છે કે, યુવાન સ્ત્રીઓજ વિશેષ પાપ કરતી હોય છે. અર્થાત્ તેઓનેજ ક્ષમા-પ્રદાનની વધારે આવશ્યકતા છે. દરેક સ્ત્રીને તે અડધો કલાક મુલાકાત માટે આપે છે અને જે સ્ત્રી મુલાકાત લઇને બહાર આવે છે તે પોતાને પવિત્ર થયેલી સમજે છે અને મુકત કંઠે રાસપુટીનનાં ગુણગાન ગાવાને મંડી જાય છે.

"ગ્રેગરી રાસપુટીન થોડા વખતમાં અતુલ સંપત્તિનો માલેક બની જશે. કારણ કે, લોકોને સલાહ આપવાની તેણે કોઈ નિશ્ચિત રકમ રાખેલી નથી. તેનો સેક્રેટરી રિટૂઆપચેફ સો રૂપિયા લીધા વિના કોઇને રાસપુટીનની સાથે મળવા દેતો નથી. તેથી જે વિશેષ આવતું હોય, તેના પર ઝટ ધ્યાન આપવામાં આવે છે. એક કોઇ ખાસ જરૂરતાનાં કામ માટે........નામની બાઇ રાસપુટીનને મળવા ઇચ્છે છે અને તે માટે રૂપિયા એક હજાર

આપવાને તૈયાર થઇ છે, પરંતુ તેનો સેક્રેટરી તેથી પણ સંતુષ્ટ નાહિ થતા આનાકાની કર્યા કરે છે કહેવામા આવે છે કે, આવી રીતે એકઠો કરેલો પૈસો ચર્ચના કામ માટે ઉપયોગમાં આવે છે. તેઓ મોટા મોટા શક્તિશાળી લોકોની સાથે સંબંધ ધરાવે છે. ઉચ્ચ ખાનદાની કુટુંબોમા તેમની હમેશાં પધરામણી થયા કરે છે અને ત્યાં મોટા ગ્રેન્ડ ડ્યુકને મળતું માન આપવામા આવે છે.

કાઉન્ટેસ...સાથે તેમને ઘણો ઘાડો સબંધ છે અને દરરોજ સાંજે તેઓ તેને ત્યાં જાય છે."

કાઉન્ટેસને ત્યાં રાસપુટીનની ઘણી શ્રધ્ધાભક્તિથી પૂજા થતી હતી. તેને ત્યાં મોટે ભાગે લડાઇ ખાતાના અમલદારો અને ચર્ચના મોટા મોટા પાદરીઓ આવતા અને ધાર્મિક તથા રાજકીય વિષયો પર ચર્ચા થતી. પાદરી જોન તથા પાદરી ઇલીઓડર પણ હંમેશાં ત્યાં આવતા હતા અને તેઓની મહેરબાનીથી જ રાસપુટીનનાં પગલાં કાઉન્ટેસને ત્યાં પૂજાતાં હતાં. કાઉન્ટેસ એક સજ્જન પણ નબળા મનની સ્ત્રી હતી. રાસપુટીનની મીઠી લહેજતદાર વાતો સાંભળી ભક્તિથી તે ગદ્ગદ્ થઇ જતી હતી.

મોટા કુટુંબોની સ્ત્રીઓ તેને 'પેગંબર' પ્રમાણે માનતી હતી. આમ આખા પેટ્રોગ્રાડમાં રાસપુટીનની બોલબાલાની વાતો ચાલી રહી હતી, પણ તે હજી સુધી ઝારીના કિંવા તેની પ્રિય સહચરી આનાના કાન સુધી પહોંચી નહોતી. કારણ કે, આના પણ ઝારીનાની સાથે એકાંત વાસમાં રહેતી હતી. આખરે એક નોકર–કે જેણે રાસપુટીનને કાઉન્ટેસને ત્યાં જોયો હતો–તેના દ્વારા આનાને નવા ધર્મગુરૂની ખ્યાતીની ખબર પડી. નોકરે

આના તથા ઝારીના પાસે એટલા તો જોરથી રાસપુટીનની પ્રશંસા કરી કે, ઝારીનાનું મન તેને મળવાને તળપાપાડ થવા લાગ્યું. ઝારીનાએ આનાને કહ્યું:–" વ્હાલી આના, આ નોકર કહે છે તેવા જો તે નવા ધર્મગુરૂ હોય તો તેમને આપણે ત્યાં લઈ આવને ?"

ઝારીનાની આજ્ઞા મળતાજ આના રાસપુટીનની પાસે પહોંચી. રાસપુટીન તો તેનાં આવવાનાં સ્વપ્નાં જ જોઇ રહ્યો હતો ! કારણ કે, રાજમહેલની દરેક ગુપ્ત વાતોથી તે ક્યારનોય જ્ઞાત થઇ ચૂક્યો હતો અને ઝારીનાને મળવા માટે અધીર બની ગયો હતો. તેના મનને ખાત્રી હતી કે, દરેક સ્ત્રીઓની માફક ઝારીના પણ તેના પર મુગ્ધ થઇ પોતાનું સર્વસ્વ ન્યોછાપર કરવાને તૈયાર થઇ જશે. આનાને મુઠીમાં રાખવી એ રાસપુટીનને મન રમત વાત હતી. રાસપુટીને તેને એવાં તો ઉંઠાં ભણાવ્યાં કે, તે તેના શ્વાસેજ જીવવા લાગી. પોતાની કામ કરવાની રીતભાત અને પોતાનો સિધ્ધાંત–'મોક્ષને માટે પાપ કરો " એનું રહસ્ય પણ આનાને સમજાવી દીધું.

આવી રીતે શરૂઆતમાં રાસપુટીને આનાને પોતાના કબ્જામાં લઇ લીધી અને બન્નેએ એક બીજાનાં મિત્ર થઇ વર્તવાની ખાસ પ્રતિજ્ઞા લીધી. તે દિવસથીજ રાસપુટીને લીડીયાને પદચ્યુત કરી તેની જગ્યાએ આનાને પોતાની પ્રિય શિષ્યા તરીકે નિયત કરી. આનાએ પણ તેને માટે રાજમહેલના દરવાજા ખુલ્લા કરી દીધા અને ઝારીનાની કૃપા મેળવી આપવાનું વચન આપ્યું. હવે બાકી શું રહ્યું ? આ ફત્તેહથી રાસપુટીનના આનંદનો પાર

શ્યો નહિ. તેણે આનાને કહ્યું:—"પ્યારી આના, હવે જેમ બને તેમ જલ્દી તું મને ઝારીના સાથે મુલાકાત કરાવી આપ."

આનાએ કહ્યું:—"ગુરૂ મહારાજ! કાંઇ ફિકર કરશો નહિ. થોડા વખતમાં જ તમોને ઝારીનાની સમક્ષ ઉપસ્થિત કરી દઇશ. પણ તે પહેલાં તમારે તમારૂં નામ બદલવું પડશે. ઝારીનાને 'રાસપુટીન' એવું હીનપસ્તી ભરેલું નામ પસંદ આવશે નહિ માટે 'પ્રચારક' એવું નામ રાખો અને તે નામજ તમારે માટે યોગ્ય છે."

તે દિવસે સાંજનાજ આનાએ ઝાર અને ઝારીનાની સાથે રાસપુટીનને મુલાકાત કરાવી આપી.

ઝારને જાદુના ખેલ બહુ પસંદ હતા એટલે તેમણે રાસપુટીનને કહ્યું:-"કોઈ અદ્દભુત કાર્ય કરી બતાવો."

રાસપુટીને દીવાસળીની ડબી કહાડી ઘણીજ નમ્રતાપુર્વક કહ્યું:-"આ એક સાધારણ દીવાસળીની પેટી છે; પરંતુ મહારાણીને હું ખાત્રી આપું છું કે, તેઓ તે ઉઠાવી શકશે નહિ. તેમાં એક ટનનું વજન છે."

ઝારને રાસપુટીનના બોલવા પર વિશ્વાસ બેઠો નહિ. તેઓ ખડખડ હસી પડયા. એટલે રાસપુટીને સહજ ઉત્તેજીત બની કહ્યું:-"શું આપ મારી વાતને જૂઠી માનો છો? એક ટન તો શું પણ તેમાં ત્રણ-ચાર ટનનું વજન છે!"

ઝારીનાએ તરતજ ડબીને હાથ લગાડયો અને બધાનાં કૌતુક વચ્ચે તે ડબી જરા પણ હીલવી શકી નહિ.

રાસપુટીને સહજ હસીને કહ્યું:-"ફરી પ્રયત્ન કરી જુઓ."

ઝારીના ચકિત થઈ ગઈ, ભયભીત અને ચકિત દૃષ્ટિએ તે રાસપુટીનના ચ્હેરા તરફ જોવા લાગી જ્યારે ઝારે માન્યું કે, ગારૂડીઓના ખેલ જેવો આ પણ એક ખેલ છે.

બરાબર તક સાધી આના કહેવા લાગી:-" ખરેખર, એમાં કોઈ જાતનો સન્દેહ નથી કે રાસપુટીન ઇશ્વરે મોકલાવેલા પયગમ્બર છે."

બીજાજ દિવસે રશિયાનો શાહી પોલીસે લીડીયાને રાજધાનીનો ત્યાગ કરવાનો હુકમ ફરમાવી દીધો અને રશિયાના કલ્યાણ માટે રાસપુટીનને "સરકારી પયગમ્બર'ના પદ પર નિયત કરવામાં આવ્યો.

પ્રકરણ ૭ મું

સ્ત્રીઓનો દેવ

રાસપુટીનની જગ્યાએ જો કોઈ બીજો માણસ હોત તો તે જે સ્થિતિએ પહોંચ્યો હતો તેથી સંતોષ માની બેસી રહેત. રાજ્યનો પયગંબર, નગરવાસીઓનો ધાર્મિક નેતા, ઝારીનાનો ઇષ્ટદેવ, રાજ પરિવારનાં માણસોનો મિત્ર તથા આનાનો પ્રેમિક–આથી તેને વધારે શું જોઇએ ?

આટલું બધું મળવા છતાં રાસપુટીન પોક્રોવસ્કોઇનો ગાડીવાન રાસપુટીન-સંતુષ્ટ થયો નહિ. તેની મહત્વાકાંક્ષાઓ અગ્નિમાં ઘી હોમતાં જેમ ભયંકર જ્વાળાઓ સળગી ઉઠે તેમ સળ-

ગવા લાગી. માત્ર તે ભવિષ્યવેત્તા કિંવા પયગંબર બનવા ચાહતો નહોતો, પણ તેનું લક્ષ્યબિન્દુ જૂદું જ હતું. તે રશિયાનો સ્વામી થવા માગતો હતો.

શાહી જનાનખાનામાં દાખલ થયા પછી તેણે પાદરીઓ પર પોતાનો પ્રભાવ પાડવાનો આરંભ કરી દીધો. તેણે સૌથી વડા પાદરી સાથે ઘનિષ્ઠ સંબંધ બાંધવા વિચાર કર્યો અને તે માટે તેણે આર્ચબીશપ સાથે યાત્રા કરવા માંડી. મોટાં મોટાં શહેરો અને યાત્રાનાં સ્થળોએ ફરી વ્યાખ્યાનો તથા ઉપદેશ આપી લોકો પર પોતાનો પ્રભાવ પાડી તેણે પોપ બનવાનો વિચાર કર્યો. પરંતુ આટલી ઉચ્ચ સ્થિતિએ પહોંચવા છતાં પણ તેની કુટેવો છૂટી નહિ. તેના મિત્ર રિટ્આપચેફે તેને ઘણો સમજાવ્યો અને કહ્યું, “ભાઇ, હવે આ બધી વર્તણુક તમને શોભા આપતી નથી. સ્ત્રીઓની સાથે અધિક સંબંધ રાખવાનું તમે છોડી દો. અને જો નહિ છોડો તો અત્યાર સુધી મેળવેલી બધી બાજી માટીમાં મળી જશે. તમારે માટે જોઇએ તો ચાર-છ-દસ-પંદર જેટલી સ્ત્રીઓ રાખો પણ દરેક સ્ત્રીની સાથે અનુચિત સંબંધ રાખો નહિ.”

રાસપુટીન મિત્રની વાતને બરાબર સમજતો હતો. તો પણ સ્ત્રી અને શરાબ તરફનો તેનો અનુરાગ લેશ માત્ર પણ ઓછો થયો નહિ. માત્ર એટલો તેણે પોતાનાં વર્તનમા સુધારો કર્યો કે, હલકો દારૂ પીવાનું તેણે છોડી દીધું અને ઉચ્ચ પ્રકારની શેમ્પીન આદિ પીવા લાગ્યો; પરંતુ નહાતી વખતે સ્ત્રીઓના આત્માને શુધ્ધ કરી પાપ ધોઇ નાખવાનો અને રાસલીલા રચવાનો પોતાનો

ક્રમ જરા પણ છોડયો નહિ.

રાસલીલાઓ જોઇ તેના બન્ને મિત્રો જ્યારે તેને ઠપકો આપતા ત્યારે તે કહેતો કે, " જે દિવસે સ્ત્રીઓ મને પોતાનો ઇષ્ટદેવ માનવાનું છોડી દેશે તે દિવસે હું રાસપુટીન તરીકે રહીશ નહિ. "

અને તેનાં આ કથનમાં કેટલોક સત્યાંશ પણ હતો.

ઇ. સ. ૧૯૦૮ ની ગ્રીષ્મઋતુ પસાર કરવા રાસપુટીન પોતાની બાર ચેલીઓ અને કેટલાક ખાંધીયા મિત્રોને લઇ પોતાને ગામ ઉપડી ગયો. આ બાર ચેલીઓ ઉચ્ચ ખાનદાન કુટુંબોની વહુ તથા પુત્રીઓ હતી. દરેકને તેણે પોતાના રાજમહેલ જેવા આલીશાન ભવનમાં જુદા જુદા સુસજ્જિત ઓરડાઓ રહેવાને માટે આપ્યા હતા. આ વખતે તેણે પોતાની પૂર્વાશ્રમની પત્ની ઓલ્ગા અને સંતાનોને પણ પોતાની પાસે બોલાવી લીધાં હતાં. તેઓને પણ બધાથી જૂદા ત્રણ ચાર ઓરડાઓ રહેવાને માટે કહાડી આપવામાં આવ્યા હતા..

રાસપુટીન હમેશાં પ્રભાતની અંદર પોતાના ચેલા–ચેલીઓને સાથે લઇ ખુલ્લા મયદાનની અંદર પ્રાર્થના કરતો હતો. બપોરનો સમય તે એકાંત વાસમાં વ્યતિત કરતો. સંધ્યાકાળ થતાં બધા એક મ્હોટા દિવાનખાનામાં એકઠાં થતાં કે જ્યાં એક પાંચ હજાર રૂપિયાની કિંમતનો પિયાનો રાખવામાં આવ્યો હતો. તેની ચેલીઓમાં ઘણી ખરી ઉત્તમ પ્રકારે ગાવાવાળી હોવાથી રાતના ત્રણ વાગા સુધી દરરોજ નાચ રંગ અને ગાન ગુલતાન ચાલ્યા કરતાં,

ગ્રીષ્મઋતુ પૂરી થતાંજ ઝારીનાએ રાસપુટીનને પ્રેટ્રોગ્રાડ બોલાવી લીધો કારણ કે, તેના વિના ઘડી પણ તેના જીવને ચેન પડતું નહિ.

જ્યારે તે પુનઃ રાજધાનીમાં આવી પહોંચ્યો ત્યારે તેને જણાયું કે, તેની ગેરહાજરીમાં તેના ભકતો આકુળ વ્યાકુળ થઇ ગયા હતા. ઝાર તો તેના પર એટલો બધો દીવાનો થઇ ગયો હતો કે, તેનાં દર્શન થતાંજ એકદમ પ્રસન્ન થઇ બોલી ઉઠયોઃ-"પૂજ્ય ગુરૂ, કહો, આપની શી ઇચ્છા છે? હું પ્રતિજ્ઞા કરીને કહું છું કે, તમારી ઇચ્છાની પૂર્તિ કરવામાં કોઇ પણ પ્રકારની ત્રુટી રહેશે નહિ."

રાસપુટીને થોડો વખત વિચાર કરતો હોય તેવો ડોળ કરી કહ્યુંઃ-"મારી ઇચ્છા છે કે, મારા મિત્ર બારનેબીને ટોબોલસ્કનો વડો પાદરી બનાવવામાં આવે."

બે દિવસમાંજ બારનેબીને ટોબોલસ્કના વડા પાદરીનો હોદ્દો મળી ગયો; પરંતુ તેનો આ ઉત્કર્ષ અને સત્તા બીજાઓથી જોઇ શકાતી નહોતી. તેની પ્રતીતિ તેને થોડા વખતમાંજ થઇ. વડો પાદરી થિયોફેન, પાદરી ઇલીઓડર જેઓ તેને શરૂઆતમાં દરેક પ્રકારની સહાયતા કરતા હતા, તેઓને તેમની ભૂલ જણાઇ હતી. તેઓએ જોયું કે, રાસપુટીનની સત્તા વધતી જાય છે, એટલે તેનો ભડો ફોડી નાખવાનો તેઓએ નિશ્ચય કર્યો. એક દિવસ પ્રભાતમાંજ વડા પાદરી તરફથી રાસપુટીન પર સમન પહોંચાડવામાં આવ્યો. તેમાં લખેલું હતું કે, સમન મળે કે તરત તેણે પાદરીઓની અદાલતમાં હાજર થવું.

રાસપુટીન પર અનેક પ્રકારનાં દોષારોપણ કરવામાં આવ્યાં હતાં. પાદરી ઇલીઓડરે પોતાની જુબાનીમા લખ્યું હતું કે, "હું વડા પાદરી હરમોજન અને રાસપુટીનની સાથે યાત્રાએ ગયો હતો. તે વખતે તેની સાથે રહેવાથી મને ખબર પડી કે, તેની ચાલ ચલગત બહુ ખરાબ છે. તેનું વર્તન એક પતીત માણસને પણ શરમાવે તેવું છે, અત્યંત નિર્લજ બની રાત દિવસ તે સુન્દર યુવતીઓના સહવાસમાં રહેવાનું પસંદ કરે છે. હું તેને એક સંન્યાસિઓનો મઠ દેખડવા લઇ ગયો હતો અને મારી મૂર્ખતાથી મેં ત્યાંની મુખ્ય અધ્યાપિકા સાથે તેની મુલાકાત કરાવી આપી હતી, પરંતુ તેટલાથી સતુષ્ઠ નહિ થતાં તે સન્યાસિનીઓની કોટડીઓમાં ગયો અને તેની સાથે પ્રાર્થના કરવાની ઇચ્છા પ્રકટ કરવા લાગ્યો. રસ્તામાં તેને એક વૃધ્ધ સ્ત્રી મળી હતી. પ્રણામ કરી તેણે તેની પાસે આશીર્વાદ માગ્યો, પરંતુ તેણે તેને ધકેલી દેતા કહ્યું –"ધરડા-બુઠ્ઠાને હું આશીર્વાદ આપતો નથી." ગરમીના દિવસોમાં તેની સાથે હું તેને ગામ ગયો હતો, ત્યાં જતાજ મને ખાત્રી થઇ કે, આ તો ભવિષ્યવેત્તા કિંવા ઇશ્વરનો ભક્ત-બેમાનો એકે નહિ પણ પહેલા નંબરનો ધુર્ત અને પ્રપંચી જણાય છે. એક દિવસ ઝાર અને ઝારીના વિષે વાતચિત ચાલતી હતી એ વખતે તેણે તેઓ વિષે એવા શબ્દો ઉચ્ચાર્યા કે જે સાંભળી લજ્જાથી હું શરમિંદો બની ગયો. મને ખાત્રી છે કે, તે વખતે તે સંપૂર્ણ શરાબના નશામાં હતો."

ટાબોલસ્કનો વડો પાદરી કે જેની જગ્યા પર રાસપુટીનના મિત્ર બારનેબીને નીમવામાં આવ્યો હતો-તેણે એક પત્રની અંદર

રાસપુટીનનો ધૂર્તતાનું બયાન લખી મોકલ્યું હતું. તે સિવાય બીજાં પણ અનેક પ્રમાણો તેની વિરૂધ્ધ મળી આવ્યાં હતાં. એક ઉચ્ચ કુટુંબની સ્ત્રીએ લખ્યું હતું કે, રાસપુટીને મારી બન્ને કન્યાઓને ભ્રષ્ટ કરી છે અને કોણ જાણે તેના પર કેવું જાદુ કર્યું છે કે તેમની બુધ્ધિ ઠેકાણે રહેતી જ નથી ! ”

વડા પાદરી થિયોફ્રને રાસપુટીનની ધૂર્તતા ઉઘાડી પાડી તેને દંડ કરવાનો નિશ્ચય કર્યો અને ફેંસલો આપવા જાય છે એટલામાં આના જઇ પહોંચી અને ઝારીના તરફથી જણાવ્યું કે, રાસપુટીનને દોષિત ઠરાવવામાં ન આવે.

ઝારીનાનો હુકમ સાંભળતાં જ બધા વિચારકોનાં ટાંટીયા ઢીલા થઈ ગયા. તેની વિરૂધ્ધમાં પ્રમાણો મળવા છતાં પ્રમાણાભાવનું બહાનું બતાવી તેને નિષ્કલંક રીતે છોડી દેવામાં આવ્યો.

રાસપુટીનનો આ અણીનો સમય હતો. તેણે આટલાથી સમજી લેવાની જરૂર હતી કે, હમેશાં જનતાના વિચારોનો નિરાદર કરનાર સુખથી બેસી શકતો નથી; પરંતુ ઘમંડ અને બદફેલીમાં રચીપચી રહેતા રાસપુટીને ઝાર–ઝારીનાની રક્ષા હોવાથી પોતાની વર્તણુક બદલવાની જરૂર જોઇ નહિ.

જગતનો એક એવો વિચિત્ર નિયમ છે કે, જે ચીજને ધિક્કારવામાં આવે તેની તરફ લોકોનું વિશેષ ધ્યાન ખેંચાય છે. રાસપુટીનનાં દુષ્કૃત્યો જેમ જેમ બહાર પડતાં ગયાં તેમ તેમ ઝારીનાનો પ્રેમ અને વિશ્વાસ તેના તરફ વધવા લાગ્યો. જે દિવસે તે પાદરીઓની અદાલતમાંથી નિષ્કલંક બની છુટયો ત્યારે તેને મહેલમાં બોલાવવામાં આવ્યો અને ઝારીનાએ તેના બન્ને હાથનું ચુંબન

કર્યું અને શત્રુઓ તરફથી તેને જે ત્રાસ આપવામાં આવ્યો હતો, તે માટે ક્ષમા માગી. ઝારીનાના અંતઃકરણમા રાસપુટીન તરફ એટલી બધી અંધભક્તિ ઉત્પન્ન થઇ ગઈ હતી કે, તેની રક્ષાનો ભાર તેણે પોતાની ચારે રાજકુમારીઓને માથે નાખી દીધો.

રાજકુમારીઓની અગ્રેજ શિક્ષિકા આથી અપ્રસન્ન થઇ. પરંતુ તે જોઈ શકતી હતી કે ઝાર અને ઝારીનાનાં કાર્યમા હાથ નાખવો એ તેની શક્તિની બહારની વાત હતી. તેણે જોયું કે, રાસપુટીનની પછવાડે ઝાર અને ઝારીનાનુ માથુ ફરી ગયું છે ત્યારે તરતજ તેણે પોતાનાં ગાસડા પોટલાં બાંધી લીધાં અને "અંગ્રેજ રાજદૂત" સર જ્યાર્જ બુકાનેનની પાસે જઇ પહોંચી. ત્યાં જઇ તેણે કહ્યું કે:-"રાજમહેલમા એક ક્ષણ વારને માટે પણ હું રહી શકું એમ નથી. કારણ કે રાસપુટીન પાછવાડે બધાં પાગલ બની ગયાં છે. માટે મહેરબાની કરી મને ઇગ્લાંડ પહોંચાડી આપો."

ઇ. સ. ૧૯૦૮ ની સાલમાં રાસપુટીનનું બીજું કલંક બહાર આવ્યું. રશિયાની એક રાણીએ વડા પાદરીને લખ્યું હતું કે, "રાસપુટીને મને ફસાવી મારી પાસેથી ૨૭૦૦૦૦ રૂપિયા લઇ લીધા છે માટે મહેરબાની કરી તેની પુરી તપાસ કરો."

પાદરીઓને તો આટલું જ જોઇતું હતું. તેઓએ બરાબર તપાસ કરી તેમાં જણાઈ આવ્યું કે, "રાસપુટીને રાણીને મળી તેને તેના સ્વર્ગવાસી પતિનો અવતાર ઓળખાવ્યો હતો. એક દિવસ ઇસુ ખ્રીસ્તે પ્રકટ થઇ તે વિધવાને જણાવ્યું કે, રાસપુટીન ઇશ્વરનો પરમ પ્રિય ભક્ત છે એટલે તારી પાસે જેટલા રૂપિયા હોય, તે બધા તેને આપી દે. તેથી તારું કલ્યાણ થશે અને તને મોક્ષની પ્રાપ્તિ થશે."

આ તપાસમાં એટલું પણ સાબીત થયું કે, આ નાટક ભજવવામાં ઇસુ ખ્રિસ્તનો ભાગ રાસપુટીનના પરમપ્રિય મિત્ર રિટ્આપચેફે ભજવ્યો હતો. અને તેનો માળી પણ તેઓને મળી ગયો હતો કે જેણે નકલી ઇસુ માટે કાંટાનો તાજ બનાવી આપ્યો હતો. આવાં ફંદ ફીતુરીનાં અને લોકોને છળવાનાં સેંકડો દષ્ટાંતો મળી આવ્યાં હતાં તેમાંનો એક દૃષ્ટાંત અમો આપીએ છીએ જેથી વાંચકોને વિદિત થશે કે, રાસપુટીને લોકો પર કેવો પ્રભાવ પાડયો હતો. એક વ્યકિત લખે છે કેઃ—

"એક વર્ષથી હું રાસપુટીનના ફંદામાં ફસાયો છું અને જીવનથી કંટાળી ગયો છું. મે મારા હૃદયને કેટલીયે વાર પૂછ્યું છે કે, વાસ્તવિક રીતે રાસપુટીન ઇશ્વરનો દૂત છે યા મનુષ્યાવતારમાં નરપિશાચ છે? આજે મારૂં હૃદય પોકારી પોકારીને કહે છે કે, તેના પંજામાથી નીકળવું એ સહેલી વાત નથી. હું તેનાથી બચવા માગું છું, પણ કોઇ ગુપ્ત શકિત મને તેની તરફ આકર્ષી રહી છે. જે વખતે હું તેની સામે જાઉ છું ત્યારે તે તેની તીક્ષ્ણ દષ્ટિથી મારી સામે જુએ છે. તે વખતે મારૂં શરીર ભયથી કંપવા લાગે છે અને અશકત બની ઘુંટણીએ પડી હું તેને નમન કરૂં છું. ઇશ્વરની પાસે હું હમેશાં સવિનય પ્રાર્થના કરૂં છું કે, તેના પંજામાંથી મને છોડાવે નહિ તો મારા જીવનનો અન્ત થોડા વખતમાંજ આવી જશે."

આવાં આવાં અનેક પ્રમાણો સાબીત થવાથી પાદરીઓની અદાલતે રાસપુટીનને શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો. પ્રમાણ એટલાં હતો મજબુત હતાં કે, તેમાં ઝાર યા ઝારીનાનું કાંઇ પણ ચાલી

શકે એમ નહોતું. તેઓ રાસપુટીનને બચાવી શક્યાં નહિ. પાદરીઓની અદાલતે રાસપુટીનને એક વર્ષ સુધી કોઇ એકાંત મઠમાં રહેવાની શિક્ષા કરી; પરંતુ ઝારીનાએ ઝારને વિનંતિ કરી તેને દેશનિકાલની સજામાં ફેરવી દીધી. અર્થાત્ રાસપુટીનને હુકમ કરવામાં આવ્યો કે, એક વર્ષ સુધી તેણે પોતાના ગામ પોક્રોવસ્કોઇમાં રહેવું. આ હુકમ એ શિક્ષા નહિ પણ રાસપુટીનની જીતજ હતી. પુનઃ તે પોતાના ચેલા અને ચેલકીઓને લઈ પોતાના સુસજ્જિત મકાનમાં આવીને રહેવા લાગ્યો. મકાન ઇન્દ્રનો અખાડો બની ગયું રાત દિવસ નાચ-ગાન-તાન અને શરાબની બાટલીઓ ઉડવા લાગી.

રાસપુટીનને ફટકા પર ફટકા પડવા લાગ્યા છતાં પોતાની વર્તણુક સુધારવાને તે ચેત્યો નહિ. પૂહેલાંના કરતાં પણ વિશેષ મોજ-મજાહ તેણે ઉડાવવા માંડી. આ વખતે તેની પત્ની ઓલ્ગા તેને કહેતી કે, "ઇશ્વરને ખાતર પણ તમે તમારો આ ધંધો હવે છોડી દો અને પહેલાંના ખેડૂત બની જીવનનો શેષ ભાગ શાંતિપૂર્વક વિતાવો. કારણ કે, સુખ ચેનમાં રહી શકો તેટલી સંપત્તિ તમે એકઠી કરી લીધી છે—"

ઓલ્ગાનાં આ અમૂલ્ય વચનો પર ધ્યાન આપવાને બદલે તે તેનો તિરસ્કાર કરતો. કારણ કે, તેનાં કર્મો એવાં હતાં કે, તેનાં પરિણામ માટે તેને તેવોજ ભોગ આપવો પડે એવી કુદરતની ઇચ્છા હતી.

પ્રકરણ ૮ મું.

યુવરાજનો બચાવ

પોક્રોવસ્કોઇ ચાલી જવા બાદ રાસપુટીનને ઘણા લોકો ભૂલી ગયા. તેના જવા બાદ બીજાજ દિવસે એક જાદુગરણી પેટ્રોગ્રાડમાં આવી અને લોકોને પોતાના અંધ વિશ્વાસની તૃષ્ણા તેનાથી છીપાવવી પડી.

પરંતુ ઝારીના અને આના રાસપુટીનને ભૂલી નહિ. દરેક અઠવાડીએ તેઓના પત્રો રાસપુટીનને મળતા હતા અને જુદા જૂદા પ્રસંગોએ તેની સલાહ લીધા વીના એક પણ કાર્ય કરવામાં આવતું નહિ. આના પણ હમેશાં રાજમહેલમાં બનતી ઘટનાઓથી તેને માહિતગાર રાખતી હતી.

રાસપુટીન ભણ્યો ન હોતો એટલે પત્રોના જવાબ આપ-વામાં તે અશક્ત હતો. તેણે પોતાના ખાનગી સેક્રેટરી તરીકે બારને-બીની બહેનને રાખી લીધી અને તેની મદદથી દરેકને પત્રોના જવાબ લખી મોકલવા લાગ્યો. આ પત્ર વ્યવહારનું પરિણામ એ આવ્યું કે તેની સલાહ વિના રાજ્યનું એક પાંદડું પણ હાલતું નહિ એમ કહેવામાં આવે તો તે અતિશયોકિત ભરેલું કહેવાય નહિ. પોક્રોવસ્કોઇમાં બેઠો બેઠો તાજ વગરના રાજાની માફક બધાં સૂત્રયંત્રો તે ચલાવતો હતો.

ઇ૦ સ૦ ૧૯૦૮ થી ૧૯૧૪ સુધીમાં અવાર નવાર રાસ-પુટીન પેટ્રોગ્રાડમાં આવ્યા કરતો અને એક મોટી મોટરકારમાં

બેસી રાજમહેલમાં જતો. પેટ્રોગ્રાડમાં પોતાની હાજરી ગુપ્ત રાખવા તે હંમેશાં કોઝેક સિપાહીનો પોષાક પહેરીને આવતો અને પોતાની સુપરિચિત આંખો ઓળખાઇ ન જાય એટલા માટે કાળાં ચશ્માં પહેરી રાખતો.

રાજ મહેલમાં તે શા માટે આવતો હતો ? એ એક વિચિત્ર પ્રશ્ન છે. શું ઝારીના અને રાસપુટીન વચ્ચે "ગુરૂ-શિષ્યા" સિવાય બીજો પણ ગુપ્ત સંબંધ હતો ? શું એમ પણ માની ન શકાય કે ઝારીના પોતાના ધાર્મિક આવેશમાં તેને પોતાનો પથ પ્રદર્શક સમજતી હતી એટલે તેની સાથે ગુપ્ત સંબંધ રાખ્યા વિના તે કેમ બચી હોય ?

ગમે તેમ હોય, આગળ ઉપર અમે કેટલાક પત્રો રજુ કરીશું, તે પરથી વાંચકો તે વિષેની કલ્પના કરી લેશે.

રશિયન યુવરાજ એલેક્સિઝ રોગી અને નાતવાન શરીરનો હતો. કોઇ કોઈ વાર કલાકોના કલાક સૂધી દુઃખથી તે બૂમો પાડયા કરતો હતો જેથી તેની સેવા સુશ્રુષા કરવાવાળાઓને તેના જીવન વિષે ચિંતા રહ્યા કરતી હતી. તે આરોગ્ય પ્રાપ્ત કરે તે માટે સેંકડો ઉપાયો યોજવામાં આવતા અને તેના જીવનને કોઇ પણ રીતે ધક્કો ન પહોચે એટલા માટે પુરતી ખબરદારી રાખવામાં આવતી. જે વખતે તે બાલકામાં હતો ત્યારે તેનું જીવન નષ્ટ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો; પરંતુ તે વાતને પુષ્ટિ આપે તેવાં હજી સૂધી પ્રમાણો મળ્યાં નથી. ત્યાર પછી એક ખલાસીદ્વારા તેનો પ્રાણ લેવાનો અખતરો અજમાવવામાં આવ્યો હતો, તેમાં પણ પ્રપંચીઓને ફત્તે મળી ન હોતી.

*

વાત ગમે તેમ હોય, પણ એટલું તો ખરૂં કે, યુવરાજની જીંદગી જોખમમા હતી. ઝારીના પોતાના પુત્ર ઉપર બહુ પ્રેમ રાખતી હતી અને એમ પણ માની શકાય કે, રાસપુટીને આના-દ્વારા તેના મનમાં એમ ભરાવી દીધું હોય કે, રાસપુટીન જ પોતાની દૈવી શકિતઓથી યુવરાજને બચાવી શકે એમ છે. આમ ખાત્રી થવાથી ઝરીનાની અંધ ભકિત રાસપુટીન તરફ વિશેષ હોય તો કાંઇ નવાઇ પામવા જેવું નથી.

ઇ. સ. ૧૯૧૩ માં એક એવો બનાવ બન્યો કે જે આ ઘટનાઓ પર પુરતો પ્રકાશ નાખે છે.

યુવરાજ હમેશાં પોતાની માતા ઝારીનાના ખાસ ઓરડાની બાજુના ઓરડામા હમેશાં રમ્યા કરતો. તે ઓરડામા બીલીયર્ડ રમવાનું મોટું ટેબલ હતુ અને તેજ તેનું રમવાનું સાધન હતું.

એક દિવસ રાસપુટીન ઝારીનાની મુલાકાતે આવ્યો હતો. ઝારીના-આના અને રાસપુટીન ત્રણ ગપ્પા મારી રહ્યાં હતાં એટલામાં આના બોલી ઉઠીઃ—"વારૂ કોઈ એવી યુકિત છે કે જેનાથી ભવિષ્યમાં થનારી દુર્ઘટનાઓ જાણી શકાય ?"

રાસપુટીને સહજ હસીને કહ્યું:-" હા; પરંતુ યુકિતદ્વારા કદી જાણી શકાતીજ નથી."

" ત્યારે કઇ રીતે જાણી શકાય ?"

" આવી વાતો તો જે ઇશ્વરનો પરમ ભકત હોય, તેજ જાણી શકે છે."

" ત્યારે આપને તો ખબર પડી જતી હશે ?"

" હા. માલુમ પડે છે."

"માલૂમ પડે છે શું-અગાઉથી જ તમને ખબર પડની હોવી જોઇએ."

રાસપુટીન થોડો ચુપ રહ્યા પછી બોલ્યો:—"તમારાથી હું કોઇ વાત છુપાવીને રાખતો નથી એટલે કબૂલ કરૂં છું કે, ભવિષ્યમાં આવનારી આપત્તિઓનું જ્ઞાન મને પહેલેથી જ થઇ જાય છે."

ઝારીના બાળકના જેવી ઉત્સુકતાથી બોલી ઉઠી:-"વારૂ, કેવી રીતે જાણી શકો છો ?"

રાસપુટીન હસીને બોલ્યો:-"મહારાણી, માફ કરજો, આવી વાતોનો ખુલાસો હું કરી શકીશ નહિ. હા, એટલું ખરૂં કે, કોઇ ગુપ્ત શકિત દ્વારા મારા આત્મામાં તેનો સંચાર થાય છે."

રાસપુટીનનો આટલો ટુંકો ખુલાસો મળતાંજ આના બોલી ઉઠી:-"બસ, અમારી ખાત્રી થઇ ગઇ છે કે, આથી કોઇ વધારે બતાવી શકે નહિ તેમ કહી પણ શકે નહિ."

ત્યાર પછી કેટલાક વખત સુધી અહિં તહિંની વાતો ચાલી રહી. વાતોનો બરાબર રંગ જામ્યો હતો. રાસપુટીન એકાએક ગભરાઇને બોલી ઉઠયો:—"ઓહ ! યુવરાજ કયાં છે ?"

ઝારીનાએ બેપરવાઇથી જવાબ આપ્યો:-"બિલીયર્ડવાળા ઓરડામાં હશે."

"ગજબ થઇ ગયો. જલ્દી કરો નહિ તો તેના પ્રાણ બચી શકશે નહિ." એટલું કહી તે બિલીયર્ડવાળા ઓરડા તરફ દોડયો. તેની પછવાડે ઝારીના અને આના પણ દોડી.

રાજકુમાર બિલીયર્ડ ટેબલ ઉપર બેસી તોપો બનાવી રમી રહ્યો હતો. રાસપુટીન એકદમ દોડી પહોંચ્યો અને રાજકુમારને

ટેબલ પરથી ઉઠાવી તેને પોતાની ગોદમાં લઇ ત્રણ ચાર પગલાં પાછળ હઠી ગયો. તરતજ ટેબલ ઉપર લટકતું એક ઝાડ તૂટી પડયું અને ટેબલના ચૂરેચૂરા થઈ ગયા. રાસપુટીને આ વખતે સમયસૂચકતા વાપરી ન હોત તો રાજકુમારના જીવનનો અંત આવી ગયો હોત. આ ઘટના બન્યા પછી ઝારીના પર તેનો પ્રભાવ કેવો પડયો હશે તેની કલ્પના વાંચકો કરી શકે એમ છે. ઝાર તો તેનાં આ કાર્યથી એટલો તો ખુશ થયો કે, રાસપુટીનને તેણે એક હીરો ભેટ આપ્યો. આ હીરો ત્રણ હજાર રૂપિયાની કિંમતનો હતો અને જે ઝારને રાજ તીલક સમયે ભેટ તરીકે મળ્યો હતો. રશિયામાં રાજ્યક્રાંતિ થઇ ગયા પછી રાજ મહેલના નોકરો દ્વારા ઉપરોકત ઘટનાની પોલ ખોલવામાં આવી હતી. અને જણાવવામાં આવ્યું હતું કે ઉકત બનાવ બની ગયા પહેલાં તે સ્થળે નાટકનું થિયેટર બનાવવામાં આવ્યું હતું. પડદાઓ ચડાવવા માટે ત્યાં આનાની આજ્ઞાથી યંત્રો ગોઠવવામાં આવ્યાં હતાં. સીન સીનરી તરીકે કુદરતી ઝાડો ગોઠવવામાં આવ્યાં હતાં. આ ઝાડ તેની યાદગીરી તરીકે એક ખૂણામાં રાખવામાં આવ્યું હતું. આનાએ તેનું થડ કરવતથી કપાવી ટેકાને આધારે ટકાવી રાખ્યું હતું. રાસપુટીન યુવરાજને ઉંચકી લે કે તરત ઝાડને નીચે તોડી પાડવાની યોજના એક માણસ દ્વારા ગુપ્ત રીતે કરવામાં આવી હતી. આવી રીતે ઝારીના ઉપર પોતાની દૈવી શક્તિનો પ્રભાવ પાડવા તેણે નાટક રચ્યો હતો. આ અસર ઝાર અને ઝારીના ઉપર કેવી થઇ તે આપણે અગાઉ જોઇ ગયા છીએ.

પ્રકરણ ૯ મું

—:૦:—

ખૂની માશુક

એક યુવતી રાસપુટીન પર આસક્ત થઇ હતી, તે આપણે પાચમા પ્રકરણમા જોઇ ગયા છીએ. વાચકોને યાદ હશે કે, લીડીયા બેકમેકાઓની સાથે યાત્રા કરતા એક મહિના કરતા પણ અધીક વખત સુધી તે તેના પ્રેમમાં પાગલ બની ગયો હતો. આ યુવતી એક ખેડુતની છોકરી હતી તે ખૂબસૂરત અને ઘાટીલા શરીરવાળી હતી. તેની આખો મોટી અને મોહક હતી. તે થોડું ઘણુ લખી વાંચી પણ જાણતી હતી અને પોતાના ગામમાં એક નાની રાણીની માફક રૂવાબથી રહેતી હતી. તેનું નામ ખિયોની હતું.

ખેતરોમાં રખડતી વખતે રાસપુટીનની અને તેની મુલાકાત થઇ હતી. તે વખતે સોનેરી ચીડીયાઓને પોતાની જાળમા ફસાવવા માટે રાસપુટીન હમેશાં બાગ બગીચા અને ખેતરોમાં ફર્યાં કરતો હતો.

રાસપુટીન અને મોક્ષ પ્રપ્તીના તેના મત પર ખિઓની જલ્દી મુગ્ધ બની ગઇ. ખિઓનીની વાત ઉપરથી જાણી શકાય છે કે, રાસપુટીને કયારેય પણ તેનો ત્યાગ નહિ કરવાની પ્રતીજ્ઞા લીધી હતી અને એટલું પણ કહ્યું હતું કે, રાતના તને ઇશ્વર પાસે લઇ જતો જઇશ. ઉભયનો પ્રેમ થોડા દિવસજ ચાલ્યો. કારણ કે રાસપુટીન પોતાના ચેલાઓ પર અવશ્યકતાથી વિશેષ પ્રેમ કયારેય કરતો ન હોતો. એક મહિના સુધી તેની

સાથે પ્રેમ સુખ ભોગવ્યા પછી રાસપુટીને તેનો ત્યાગ કરી દીધો અને પોતાની મંડળી સાથે મોસ્કો ચાલ્યો ગયો.

રાસપુટીન પાછો જરૂર આવશે એવી આશામાં ને આશામાં ખિયોની બેસી રહી. આમ લગભગ બે વર્ષ વીતી જવાથી રાસપુટીનનાં વિશ્વાસઘાતીપણાની તેને પ્રતિતી થઇ. ખિયોની વિચિત્ર ખિયાલાતની સ્ત્રી હતી તે એવી પ્રકૃતિની સ્ત્રી ન હોતી કે તેના પ્રેમમાં પાગલ બની ગલીએ ગલીએ ઠોકરો ખાઇ હૃદયને દબાવી બેસી રહે. જેટલી તે મિત્ર બની શકતી હતી, તેટલીજ શત્રુ પણ બની શકતી હતી. તેણે રાસપુટીનની બેવફાઇનો બદલો લેવાનો નિશ્ચય કર્યો. તે ઘરમાંથી બહાર નીકળી અને દરેક શહેરમાં રાસપુટીનની પ્રપંચલીલાઓ અને ધૂર્તતાનાં વ્યાખ્યાનો આપવા લાગી.

એક વખત તે ટોબોલસ્કથી પોક્રોવસ્કોઇ જતી હતી, એટલામાં રાસપુટીનની અને તેની મુલાકાત થઇ ગઇ આ વખતે રાસપુટીનની ચડતી હતી એટલે પોલીસને તેણે રીપોર્ટ કર્યો કે, આ ઓરત મને ગાળો આપે છે ! અર્થાત્ આવું ખોટું તહોમત મૂકી તેણે તેને એક મહિનો જેલમાં ધકેલાવી દીધી.

જેલમાંથી છૂટી આવ્યા બાદ દૈવવશાત ખિયોની અને પાદરી ઇલીઓડરની મુલાકાત થઇ ગઇ. ઇલીઓડર પણ રાસપુટીનનાં ખૂનનો તલબગાર હતો એટલે ખિયોનીને તેણે તેના કામમાં મદદ કરવાનું વચન આપ્યું.

ઇલીઓડરે ખિયોનીથી છુટા પડતાં કહ્યું કે, “તું મારી

સાથે હમેશાં પત્ર વ્યવહાર કરતી રહેજે. અને મોકો આવશે એટલે બદલો લેવાની યુક્તિ તને બતાવીશ."

હવે ખિયોની ઇલીઓડરની શરણમાં આવી. રાસપુટીનની માફક ભક્તિ અને શ્રધ્ધાથી તે તેને જોવા લાગી. ઇલીઓડર તેના આત્માને શાંતિદાતા થઈ ગયો છતાં બન્નેનો સંબંધ કોઇ પણ પ્રકારે અપવિત્ર યા શંકા ઉઠાવાય એવો નહોતો.

આમ લગભગ ત્રણ વર્ષ સુધી ખિયોની અને ઇલીઓડરની વચ્ચે પત્ર વ્યવહાર ચાલ્યો. ત્યાર પછી અકસ્માત બંધ થઇ ગયો. તેનું કારણ ઝારીના હતી. કારણ કે, ઇલીઓડરે રાસપુટી-નને એક વર્ષની સજા કરાવ્યાથી તે તેના પર બળતી હતી. ઝારીના ઇલીઓડરને ફસાવવાનો ફાંદો રચી રહી હતી.

આ વાતની ઇલીઓડરને ખબર પડી ગઈ એટલે રશિયા છોડી જવાને તે તૈયાર થયો. ખિયોનીને જ્યારે ખબર પડી કે, રાસપુટીન અને ઝારીનાને લીધે ઇલીઓડરને રશિયા છોડી નોર્વેમાં ચાલ્યા જવું પડયું છે, ત્યારે તેનો વૈરાગ્નિ વિશેષ પ્રજ્વલીત થયો. તેણે હવે બે કારણોને લીધે વેર લેવાનો નિશ્ચય કર્યો. એક તો પોતાનું અને બીજું ઇલીઓડરનું તા. ૨૮ મી જુન ૧૯૧૪ ના દિવસે તે રાસપુટીનના ગામના સ્ટેશન ટોમીન જઇ પહોંચી ત્યાં તેને ખબર મળ્યા કે, પંદર દિવસ થયાં રાસપુટીનને રાજમહેલમાં બોલાવવામાં આવ્યો છે અને તા. ૩૦ મીએ પાછો ફરનાર છે. બે દિવસ સુધી તે પ્લૅટફૉર્મ પર પડી રહી. આખરે તા. ૩૦ મીના દિવસના ત્રણ વાગે રાસપુટીન પેટ્રોગ્રાડથી આવી પહોંચ્યો. ગાડીમાંથી નીકળી તે પ્લૅટફૉર્મ પર ઉતર્યો કે તરત ખિયોની

તેની પાસે ગઈ અને બોલી:—" મારો અને ઇલીઓડરનો નાશ કરવાવાળા નરપિશાચ, આજે તારો આખરી દિવસ છે. આજે કુતરાની માફક તારૂં મોત –"

એટલું કહેતાંજ ખિયોનીએ પિસ્તોલના બે અવાજ કર્યાં. એક અવાજ ખાલી ગયો જ્યારે એક ગોળી રાસપુટીનના પેડુમાં લાગી. આ વખતે રાસપુટીનની જગ્યાએ કોઇ બીજો માણસ હોત તો કયારનોય મરી ગયો હોત; પરંતુ તેના શરીરમાં અસાધારણ બળ હોવાથી તે બચી ગયો. તેને ટૈમીનની હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યો. ઝારને જ્યારે ખબર પડી કે, રાસપુટીનપર ખુની હુમલો કરવામાં આવ્યો છે, ત્યારે તેણે ટોબોલસ્કના ગવર્નરને લખ્યું કે, "રાજ્યના સૌ વિશેષ મિત્રના પ્રાણ બચાવવાને કોઇ જાતની ત્રુટી રાખવી નહિ"

લગભગ ત્રણ અઠવાડીયા બાદ રાસપુટીન સાજો થઇ હોસ્પીટલમાંથી બહાર પડયો.

આ બાજુ સ્ટેશન પરજ ખિયોનીને પોલીસ દ્વારા પકડી લેવામાં આવી. કેટલાક દિવસ બાદ એક અર્ધ-સરકારી સમાચાર છપાયા તેમાં લખ્યું હતું કે, ડૉકટરી તપાસને અંતે ખિઓની પાગલ માલૂમ પડી છે એટલે તેને દિવાનાશાળામાં મોકલી આપવામાં આવી છે." પરંતુ કયા પાગલખાનામાં મોકલી આપવામાં આવી છે, તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નહોતો. વાંચકોએ જાણવું જોઇએ કે, તે વખતે સ્વેચ્છાચારી રશિયન રાજ્યમાં–રશિયાના જેલખાનાઓમાં જલ-સ્રોતપૂર્ણ તહખાનાએ અને કબરોનો કાંઇ ટોટો નહોતો.

પ્રકરણ ૧૦ મું

—:o:—

ત્રણ પ્રેમ પત્રો

એક વર્ષની સજા થયા બાદ રાસપુટીન જ્યારે પોતાના ગામમાં રહી આનંદ અને મોજ શોખ ઉડાવી રહ્યો હતો, એટલામાં મહા યુધ્ધની ચિનગારીએ આખા યુરોપને સળગાવી દીધું. રશિયાએ જર્મની અને ઓસ્ટ્રીયાની વિરૂધ્ધમાં લડાઇ પોકારી, બધાનું ધ્યાન લડાઇ અને સરહદ તરફ રોકાઇ રહ્યુ એટલે દેશની અંદર શું ચાલતુ હતું તે તરફ કોઇને લક્ષ્ય આપવાને વખત કિંવા વિચાર કરવાને ફુરસદ મળતી નહોતી.

લડાઇ અને સૈન્યની હિલચાલ ઉપર આખા દેશનુ ધ્યાન લાગી રહ્યું હતું. રાજ દરબારીઓને તેના સિવાય બીજો એક પણ મહત્વનો વિષય જણાતો નહોતો. રાત્રિ દિવસ ઝારને લડાઇની ચિંતા થયા કરતી હતી છતાં રશિયન રાજ્યની મહારાણી-ઝારીના અને દાસી આનાનું ચિત્ત તો રાસપુટીનમાં જ પરોવાયેલું હોતુ. ચોવીસે કલાક તે તેનું જ રટણ કર્યા કરતી હતી. લડાઇ જાગતાં જ પુનઃ તેને પેટ્રોગ્રાડમાં બોલાવવાનો તેને મોકો મળ્યો. ઝારીનાએ ઝારને અત્યાગ્રહ કર્યો. ઝાર તેના આગ્રહને વશ થયો એટલે ઝારીનાએ રાસપુટીનને બોલાવવા માટે નીચે પ્રમાણે પત્ર લખ્યો—

" આપને પત્ર લખતાં મને ઘણોજ આનંદ થાય છે કે નિકી', (ઝાર નિકોલસને ઝારીના 'નિકી' એવા ટુંકા નામથી

બોલાવતી હતી.) એ પુનઃ તમોને રાજમહેલમાં આવવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે, માટે જલ્દી અહિ ચાલ્યા આવો. કારણ કે, તમારી ગેરહાજરીમાં મારા હૃદયને બહુ કષ્ટ ભોગવવું પડે છે. મને કયાંઇ ચેન પડતું નથી જ્યાં સુધી હુ તમારા હાથને મારા હાથમાં લઇ તમારી આંખોમા મારા આત્માની જયોતિ નહિ જોઉં ત્યાં સુધી મને ચેન પડવાનું નથી તમે એક કલાક પણ મોડા આવશો તો મારાથી એ દુઃખ સહન થઈ શકવાનુ નથી. કારણ કે, જયારથી તમે અહિંથી ગયા છો, ત્યારથી એક પળ પણ મારી આનંદમાં ગઇ નથી. ગ્રેગરી, હવે મને સંપૂર્ણ ખાત્રી છે કે, આપણાં કષ્ટોનો અંત આવી ગયો છે હવે પછી આપણે કયારેય પણ જૂદાં પડી શકીશું નહિ. ઇશ્વરને ધન્યવાદ દેતી હું એજ પ્રાર્થના કર્યાં કરૂં છું કે, તમારી સાથેજ મારૂં મૃત્યુ થાય અને આપણે બન્ને સ્વર્ગમાં સાથે જ વસીયે. ગ્રેગરી, માત્ર મારી એકલીનીજ આવી દશા છે, એમ માનતા નહિ. આના પણ તમારા વિયોગે અધમુઇ થઈ ગઇ છે. અમારા બન્ને પર દયા કરો અને અહિં જલ્દી આવો. કારણ કે, અમે બન્ને તમને અમારા હૃદય-દેવતા માનીએ છીએ અને તમારા વિના જીવી શકીએ એમ નથી.

વળી તમારી નિકટમાં મારો દેહ હોય છે ત્યારે જેવો આશિર્વાદ આપો છો, તેવો જ પ્રેમપૂર્ણ આશિર્વાદ તમારા મનમાં મને આપો એવું હુ ઇચ્છું છું.

લી. આપની "અત્યંત પ્રેમ કરવાવાળી પુત્રી એ"

આ પત્રની લખાવટ ઉપરથી જાણી શકાય છે કે, એક

મહારાણી તરીકેના નહિં પણ એક પ્રિય મિત્રના દરજ્જાને છાજતો પત્ર લખ્યો હોય એમ સ્પષ્ટ જણાઈ આવે છે.

બીજો એક પત્ર જે રશિયામાં પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે, તે પહેલા પત્રથી પણ વધારે વિચિત્ર છે. તે પત્રમાં લખ્યું છે કેઃ–

મારા વ્હાલા ગ્રેગરી, તમે મારે માટે જે કાંઇ કરી રહ્યા છો, તેને માટે હું કયા મ્હોડે ધન્યવાદ આપું ? તમારી છાતી પર મારૂં મસ્તક રાખી જે સુખ, જે આનંદ હું અનુભવું છું તે વખતે હું મારાં બધાં કષ્ટોને ભૂલી જાઉ છું. અહા ! આથી વધારે સુખ બીજું શું સંસારમાં હોઇ શકતું હશે ? આ મારૂં સુખ–આનંદ–સ્વર્ગ જે કહો તે તમારે લીધે છે. અને તેટલા માટેજ હું તમારી આભારી છું.

'મારી અપૂર્ણતા–ત્રુટીઓ તરફ તમારે ક્ષમાની દ્દષ્ટિથી જોવું જોઇએ. કારણ કે, ધાર્મિકતાના શુધ્ધ અર્થમાં ધાર્મિક થવું એ મહા કઠીન છે. મારામાં કેટલીક ખરાબ ટેવો–દુર્ગુણો છે, તેઓનો ત્યાગ કરવાને હું તદ્દન અસમર્થ છું. તેમાં તમોએ મને સહાયતા કરવી જોઇએ. કેમ કરશો કે નહિ ? વળી મારાથી અલગ રહેવાનો સ્વપ્ને પણ ખ્યાલ કરશો નહિ, કારણ કે, તમે મારા હૃદય–દેવતા છો–મારો બધો વિશ્વાસ તમારામાં છે.

આના પર દયા રાખજો. તમે જાણો છો કે, આજકાલ તે કેટલું બધું કષ્ટ ઉઠાવી રહી છે. ઇશ્વરની પ્રાર્થના કરો કે, આપણું મિલન જલ્દી કરાવે. તમોને હૃદય સાથે ચાંપી આશિર્વાદ મેળવવાને મારૂં દિલ તલપી રહ્યું છે.

લી. તમારી પુત્રી "એ"

ત્રીજો એક પત્ર જે ઝારના ભૂતપૂર્વ મંત્રી તરફથી મળેલો તે નીચે પ્રમાણે છેઃ—

"તમારા માટે આખી રાત હું જાગતી બેસી રહી પણ તમે આવ્યા નહિ. દુઃખથી હું અધમુઇ થઇ ગઇ છું. જલ્દી આવો. મારા પ્રાણ કરતાં પણ હું તમને વિશેષ ચાહું છું.

મારા નાના હૃદયને કલપાવતા તમે આટલા બધા કઠોર કેમ થઇ ગયા છો ? યાદ રાખજો કે, તમારા સિવાય બીજા કોઇ પર હુ પ્રેમ કરતી નથી.

લી તમારી પુત્રી એ.

આ પત્રો, કે જેના ખરાપણા માટે કોઇ જાતની શંકા લાવવા જેવું કારણ નથી–તે વાંચતાં જ ઘણી અજાયબીમા પડી જવાય એવું છે. આ પત્ર વાંચતાંજ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે, રાસપુટીન અને ઝારીના વચ્ચે શું અપવિત્ર સંબંધ હોય એમ માની શકાય ? આ એક ઘણોજ નાજુક પ્રશ્ન છે. ફ્રાંન્સના એક પ્રખ્યાત રાજદ્વારી નર મૉરયો ડેચ–જે રશિયાના રાજ પરિવારથી સંપૂર્ણ રીતે વાકિફગાર હતા અને લડાઇ શરૂ થઇ તેના આગલા દિવસ સુધી રશિયન રાજમહેલમાં વિદ્યમાન હતા, તેઓએ એક વખત એવો મત ઉચ્ચાર્યો હતો કે, "આવી નિરર્થક અને ઘૃણિત વાતોમાં હું બિલકુલ વિશ્વાસ ધરાવી શકતો નથી. ઝારીના જર્મન લોહીની હોવા છતા તેને શુધ્ધાચરણનું શિક્ષણ મળેલું હતું. અપવિત્રતાનો તે તિરસ્કાર કરતી એટલે ધાર્મિક સિવાય બીજો કોઇ અપવિત્ર સંબંધ તે રાસપુટીન સાથે રાખતી હોય, એમ માની શકાય નહિ."

વાંચકોની સમક્ષ ઉપરોક્ત ઘટનાની બન્ને બાજુઓ અમે રજુ કરી છે. જેના પર વિચાર કરી મત બાંધી લેવો એ તેમનું કામ છે.

પ્રકરણ ૧૧ મું

રાસપુટીનનાં હથીયાર '

રાસપુટીનની જીંદગીમા હવે વિચિત્ર પરિવર્તન થઈ ગયું. રાજ્ય પરનો તેનો પ્રભાવ છેલ્લી ટોચે પૂગ્યો હતો. યુધ્ધને લીધે ઝાર અને ઝારીનાના હૃદયમાં ઇશ્વરીય વાતો સાંભળવાને પ્રબળ લાલસા ઉત્પન્ન થઈ હતી અને તેથી જ રાસપુટીનને પોતાની દરેક ઇચ્છાઓ પુર્ણ કરવાનો અવસર મળ્યો.

હવે તે રાજમહેલ (વીન્ટર પેલેસ) ની નજીકમાંજ રહેવા લાગ્યો, અને રાત દિવસમાં જ્યારે પણ ઝારીનાની ઇચ્છા થાય ત્યારે તેની સેવામાં ઉપસ્થિત થવા લાગ્યો તેની સેવાઓના બદલામાં મહારાજા તથા મહારાણી તરફથી તેને મૂલ્યવાન ચીજ વસ્તુઓ ભેટ તરીકે મળવા લાગી. તેના મકાન પર ભક્તોની ભીડ કાયમ રહેતી. વ્યાપારીઓ, મોટા મોટા અમીર ઉમરાવો અને ઉચ્ચ ખાનદાનની સ્ત્રીઓ તેની સેવામાં હર હમેશ હાજર રહેતી. બીજી બાજુ આના પણ પોતાનો પાર્ટ બરાબર ભજવ્યે જતી હતી.

રાજમહેલની અને રાજપરિવારની દરેક ગુપ્ત વાતો તે

રાસપુટીનને પહોંચાડતી હતી. ઝારને કોણુ મળવા આવ્યું, કોણે શું કહ્યું વગેરે દરેક ગુપ્તમાં ગુપ્ત વાતો પોતાનાં સ્થળે બેસી આનાની મદદથી રાસપુટીન જાણવા લાગ્યો.

આના જેમ રાસપુટીનનું એક હથિયાર હતી તેમ તેણે એક રાજકુમારને પણ સાક્ષી રાખ્યો હતો. રાજકુમાર એન્ડ્રોમીકાફ મોસ્કોનાં એક ઉચ્ચ કુટુંબનો નબીરો હતો. રાસપુટીનનો તે દલાલ હતો. મોટા મોટા વેપારીઓ સાથે તે રાસપુટીનને પરિચય કરાવી આપતો હતો. આવીજ રીતે તેઓ બન્નેએ મળી એક વેપારી પાસેથી ૩,૬૦,૦૦૦ રૂપિયા લઇ તેને 'એક્સિલેન્સ'ની ઉપાધી ઝાર પાસેથી અપાવી હતી આ વેપારીએ જનરલ સૌખોમની લાફ્ને રાસપુટીન સાથે મેળવી આપ્યો તેની પાસેથી માસિક પાંચ હજાર રૂપિયા લઇ જીંદગી સુધી તેનું રક્ષણ કરવાનો ભાર તેણે પોતાને શિર લીધો.

એક દિવસ રાસપુટીનના બાલમિત્ર બારનેબીના હૃદયમાં એક સ્મારક બનાવવાની ઇચ્છા ઉત્પન્ન થઇ. રશિયામાં સ્મારકને બહુ પુજ્ય દષ્ટિથી જોવામાં આવે છે નવા સ્મારકોને જુના કરતાં વિશેષ આદર માન આપવામા આવે છે અને તેનો પ્રભાવ પણ સારો પડે છે. તે માટે જેટલા જોઇએ તેટલા રૂપિયા રશિયન પ્રજા કહાડી આપે છે. એક રશિયન ધનાઢય વ્યકિતનું કહેવું છે કે, ' એક સ્મારક સો મકાનો કરતાં પણ અધિક લાભદાયક છે ! "

બારનેબીએ એક વિચિત્ર યુકિત શોધી કહાડી. ચર્ચના જૂના પુરાણા દસ્તાવેજોમાંથી ટોબોલસ્કના એક વડા પાદરીનું

તેને જીવન ચરિત્ર મળ્યું. આ પાદરી ઘણો ભલો અને દાની હતો. તેને મરી ગયાને ઘણાં વર્ષો થઇ ગયાં હતાં. તેણે વિચાર્યું કે આ પાદરીના નામે જો સ્મારક બનાવવામા આવે તો લોકો પાસેથી પૈસા સારી રીતે પડાવી શકાશે. તરત જ તેણે આ વાત રાસપુટીનને લખી અને સ્મારકની આવક આવે તે તેને આપવાનું કહી તેની મદદ માગી. રાસપુટીન તેના આ પ્રસ્તાવને સંમત થયો ઝારીનાની મદદથી તેણે આ સ્મારક ઉભું કરવા માટે ઝાર પાસેથી પરવાનગી મેળવી. ઝારે પાદરીઓની કાઉન્સીલને લખ્યું કે, જો ઠીક લાગે તો આ સ્મારક બનાવવાની રજા આપવી, પરંતુ પાદરીઓએ આ કાર્યને નિરર્થક માની તે માટે રજા આપી નહિ. બરનેબી હતાશ થયો અને તેણે રાસપુટીનને લખી જણાવ્યું. રાસપુટીને તેને પાદરીઓના હુકમની પરવાહ કર્યાં વિના સ્મારક બનાવવાની સલાહ આપી. બારનેબીએ તરત જ પોતાનો કીમીયો અજમાવ્યો. તેણે એક અસ્થાયી સ્મારક ઉભુ કરી દીધું અને ત્યાં એક પેટી રાખી કે જેમા યાત્રાળુઓ, સ્મારકને માટે ભેટ સૌગાદ નાખી શકે. જેટલા સમજવાવાળા અને કંઇક જ્ઞાની હતા, તેઓ તેની મૂર્ખતા પર હસવા લાગ્યા જ્યારે દુર્બળ-વિશ્વાસુ અને અલ્પજ્ઞ લોકો સ્મારક તરફ શ્રધ્ધાની દૃષ્ટિથી જોવા લાગ્યા અને ભેટ ધરવા લાગ્યા. આવી રીતે અંધ શ્રધ્ધાળુઓ પાસેથી બારનેબીએ બે ત્રણ દિવસમાંજ ૨,૦૦,૦૦૦ રૂપિયા એકઠા કરી લીધા. આ વખતે યાત્રાળુઓની એટલી તો ભીડ થવા લાગી કે, રેલ્વેના અધિકારીઓ પણ કંટાળી ગયા. પાદરીઓની કાઉન્સીલે આ બાબતમાં પોતાનો હાથ નાખવાનો નિશ્ચય કર્યો

અને બારનેબી ઉપર સમન કહાડી હાજર થવાનો હુકમ ફરમાવ્યો. બારનેબીએ રાસપુટીનને તારથી પુછાવી જોયું કે, "હું જાઉં કે નહિ?"

રાસપુટીને તેવીજ રીતે ઉત્તર આપ્યો, "જાઓ. કોઈથી ડરતા નહિ હું પણ તે વખતે હાજરી આપીશ."

આ વખતે પાદરીઓની અદાલતદ્વારા જે રીપોર્ટ લખવામાં આવ્યો, તે રીપોર્ટ આ લેખક સ્વયં પોતાની આંખોએ જોયેલો છે.

બારનેબી હસતો હસતો પાદરીઓની અદાલતમાં હાજર થયો અને અદાલતની વાત સાંભળી રહ્યા, પછી બોલ્યો: –

"આ અદાલતની સત્તાનો હું સ્વીકાર કરતો નથી."

અદાલતે તેને ગિરફતાર કરવાનો હુકમ આપ્યો પણ રાજકુમાર એન્ડ્રોમાકાફે રાસપુટીનની આજ્ઞાથી તેને પોતાને ત્યાં છુપાવી દીધો. બારનેબીને શોધી કહાડવા બે પોલીસ અમલદારોને નિયત કરવામાં આવ્યા હતા. તેઓને છળ પ્રપંચ કરી તેમણે દેશનિકાલ કરાવી દીધા અને આખરે બારનેબીનો વિજય થયો. તરત જ તે ટોબોલ્સ્ક જઈ પહોંચ્યો અને સ્મારકને માટે પુષ્કળ ધન કમાવા લાગ્યો.

રાસપુટીન પણ પાદરીઓની કાઉન્સીલ તરફ બળતો હતો. તેણે હીકમત કરી એક પાદરી કે જે તેની બહુ જ વિરૂધ્ધ હતો તેને પદચ્યુત કરાવી દીધો.

આ વખતે રાસપુટીનની બન્ને કન્યાઓ યૌવન દશામાં ક્યારનીયે પદાર્પણ કરી ચુકેલી હતી. એકની ઉમર સત્તર વર્ષની

અને બીજીની ઉમર અઢાર વર્ષની હતી. બન્ને જરા શ્યામળી હતી બન્નેની આંખો રાસપુટીનના જેવી તેજસ્વી હતી. ખેડુતના કુટુંબમાં જન્મ લેવા છતાં સભ્યતાના શિખરે પહોંચી હતી. તેઓ ટેનીસ રમી જાણતી હતી, સારી રીતે નાચી શકતી અને ગાયન-કળામાં પણ પ્રવીણ હતી. તેનું કારણ માત્ર એકલુંજ હતું કે, રાસપુટીનની ચડતી કળા સાથે તેઓ હમેશાં ધનાઢ્ય અને રાજ કુટુંબો સાથે વિશેષ સંબંધમાં આવતી હતી તે વખતે પેટ્રોગ્રાડમાં એક ભવિષ્યવેત્તા આવ્યો હતો અને ભવિષ્ય ભાખતાં તેણે કહ્યું કે, "કુમારી મરિયમ મારામાં પ્રકટ થઇ હતી અને તે તેણે આજ્ઞા કરી કે, રશિયાનાં કલ્યાણ માટે જેને દૈવિક શક્તિઓ પ્રદાન કરવામાં આવી છે અને જે ઝાર અને ઝારીનાના જમણા હાથ જેવા ગણાય છે, તે રસપુટીનની કન્યાઓનું જે કોઇ પાણીગ્રહણ કરશે તેને ઇશ્વરના પુત્રો માનવામા આવશે અને તેમની બધી ઇચ્છાઓ પૂર્ણ કરવામા આવશે."

આ વાત કોના તરફથી ફેલાવવામાં આવી હશે, તેનો ખિયાલ તો વાંચકો કરી શકે એમ છે. આ વાત બહાર ફેલાતાંજ રાસપુટીનની કન્યાઓ માટે અગણીત માગણીઓ થવા લાગી, એક જનરલ, ડયૂમાના બે મેમ્બરો, કેટલાક ધનાઢ્યો, અને યુનીવરસીટીના પ્રોફેસરો આ કન્યાઓ સાથે વિવાહ કરવાને તૈયાર થઇ ગયા.

પરંતુ રાસપુટીન પોતાની જુદી જ ગનમાં રમતો હતો. તેણે બન્ને કન્યાઓને પોતાની પાસે બોલાવી લીધી અને આનાની હવાલાતમાં સોંપી દીધી. આનાએ રાજકુટુંબોમાં છોકરીઓને

પરિચય-વધારી દીધો અને એક દિવસે રાસપુટીન પાસે આવીને તેણે કહ્યું:—" આ છોકરીઓ કોઇ ગ્રેન્ડ ડયૂકની અર્ધાંગિનીઓ થોડા વખતમાંજ થશે."

રાસપુટીન આ શુભ સમાચાર સાંભળી રાજકુટુંબનો સંબંધી થવાનાં સુખસ્વપ્નો જોવા લાગ્યો.

પ્રકરણ ૧૨ મું

—:૦:—

જર્મન જાસુસોની પ્રપંચ જાળ

ઇ૦ સ૦ ૧૯૧૫ ની ૨૦ મી એપ્રીલના એક સરકારી અલીતા ઉપરથી માલૂમ પડયું કે, પોલંડમા રશિયન સેના પાછળ હઠવા લાગી છે. આ સમાચારથી પટ્રોગ્રાડમાં ભારે હીલચાલ મચી ગઇ, દરેક પ્રજાજન રશિયાનું શુ થશે તેની ચિંતા કરવા લાગ્યા. રસ્તામાં, ગલી કુચીઓમાં, બાગ-બગીચા દરેક સ્થળે માણુસો રશિયન લશ્કર વિષે જ વાતો કરવા લાગ્યા. પોલીસ રિપોર્ટમાં જણાવ્યા પ્રમાણે તે દિવસ રાતના લગભગ અગિયાર વાગે એક સ્ત્રી રાસપુટીનને મળવા આવી. આ સ્ત્રીએ આખા શરીર પર બુરખો ઓઢી લીધો હતો. રાસપુટીન તે વખતે ઘરમાં નહોતો એટલે તેણે તેની રાહ જોતી તે તેના બારણામાં ઉભી રહી.

રશિયાની અંદર રાતના કોઇ પણ વખતે ઇષ્ટ મિત્રોને મળવા લોકો જા-આવ કરતા હોય છે. રાતના બે બે-ત્રણ ત્રણ વાગે પણ ખાણાના મેળાવડાઓ થાય છે અને તે સ્થળે લોકો

એટલી મોડી રાતે એકઠા થઇને આનંદ લુટે છે. કોઇ કોઇ વખત લોકો ફરવાને બહાને પણ રસ્તાની અંદર રખડતા માલૂમ પડી આવે છે. અર્થાત્ આવી રીતે બુરખાવળી સ્ત્રીને રાતના વખતે રાસપુટીનને મળવા આવેલી જોઇ ચોકીદારો વિસ્મય પામ્યા નહિ. કારણ કે, મ્હોટે ભાગે ઘણી ખરી સ્ત્રીઓ અને પુરૂષો તેને રાતના વખતે જ મળવા આવતા હતા.

લગભગ રાતના એક વાગે રાસપુટીન બહારથી આવ્યો અને પોતાની માર્ગ પ્રતિક્ષા કરતી એક સ્ત્રીને બારણામાં ઉભેલી જોઇ તેણે પૂછ્યું:--" બાનુ, અત્યારે તબીયત બરાબર નથી. ઉંઘ પણ બહુ આવે છે માટે કાલે મળજો."

સ્ત્રીએ કહ્યુ:--" કોઇ પણ પ્રકારની ધાર્મિક સલાહ લેવા અત્યારે હું તમારી પાસે આવી નથી; પરંતુ એક એવા વિષય પર વાતચિત કરવા આવી છું કે, જેનાથી તમને અતુલનીય લાભ થઇ જશે."

લાભની વાત સાંભળતાં જ રાસપુટીનના મ્હોડામાં પાણી ભરાઇ આવ્યું. તેણે તેને ઘણા માન સાથે વર્તતાં કહ્યું:--" ચાલો, અંદર આવો."

આ સ્ત્રીનું નામ સિસિલીયા વૉર્નર હતું. કેટલાક વખત પહેલાં તે પોલેન્ડના રાજ પરિવારમાં અધ્યાપિકા તરીકે રહી હતી. વાતચિત પરથી તે જર્મનીના પક્ષની હોય એમ સાફ જણાઇ આવતું હતું. અધ્યાપિકાનો વ્યવસાય છોડયા પછી તેણે ટોપીઓની દુકાન ઉઘાડી હતી અને દર ત્રીજે મહિને પોતાના ધંધાની ખરીદી માટે તે સ્ટૉકહોમ (સ્વીડન) જતી હતી. કેટ-

લાક દિવસ બાદ જર્મનીથી ટોપીઓ અને શીટ લઇ ત્યાંથી તે પાછી ફરતી. તેનાં આવાં વર્તનથી લોકો આશ્ચર્યમાં પડી જતા કે, આવા લડાઇના વખતે કે જ્યારે સ્વીડન જવા માટે લોકોને ઘણીજ મુશ્કેલીએ પાસપોર્ટ મળતી હતી–ત્યારે તે ઘણી આસાનીથી મેળવી પોતાની મુસાફરી કરી શકતી હતી !

રાસપુટીન અને તે સ્ત્રી વચ્ચે ઘણા વખત સુધી વાતચિત થઇ. જ્યારે તે રાસપુટીન પાસેથી વિદાય થઇ ત્યારે પ્રાતઃકાળ થઇ ગયો હતો. આ બન્ને વચ્ચે શી વાતચીત થઇ ?

"ઓકરાના" નામનું પત્ર પોતાના તા ૮ મી આગસ્ટ ૧૯૧૬ ના અંકમાં એક રિપોર્ટ પ્રસિધ્ધ કરતા લખે છે કે,– "સિસિલીયાને જર્મનો તરફથી જાસુસ તરીકે નિયત કરવામા આવી હોય એમ જણાય છે, પરતુ હજી સુધી તેનાં ખાત્રી લાયક પ્રમાણો મળ્યાં નથી ! તેની ગેરહાજરીમાં તેના મકાન-માંથી જે પત્રોના ફોટોગ્રાફ મળ્યા હતા, તેની નીચે "એ" એ શબ્દ લખવામાં આવ્યો હતો. આ અક્ષરો ખરેખર રાજ્યની એક મહાન શકિતમાન સ્રીના હતા. આ પત્રો જનરલ 'ઓ' ના નામ પર લખવામાં આવ્યા હતા અને તેને લખ્યાને દસ વર્ષો થઇ ગયાં હતાં.

આ બધા પત્રો પૂરા હતા. તેનો એક પણ ટુકડો ફાટેલો નહોતો; પરંતુ એમાં તો સન્દેહ નહોતો કે, આ પત્રોમાં લખ-વામાં આવેલો મજકુર, તારીખ કિંવા પત્તો–એમાંનો કોઇ પણ અંશ ગુપ્ત વાતનો સ્ફોટ કરવાને કામ લાગી શકે તેમ નહોતો.

જે લોકો જનરલ ઓ'ના રહસ્ય વિષે સારી રીતે જાણતા હતા, તેઓને મન ઓકરાનાનો રિપોર્ટ કોઇ ભયંકર ભેદનો ઉકેલ કરી શકતો ન હોતો.

હવે આપણે સિસિલીયા અને રાસપુટીન વચ્ચે શી વાતચીત થઇ તે જોઇએ.

સિસિલીયા વૉર્નર એક ઑસ્ટ્રીયન સ્ત્રી હતી તેનો જન્મ વિયેનાની અંદર તા. ૨૩ મી જાનેવારી ૧૮૯૦ માં થયો હતો. વસ્તુત: તે જર્મન જાસૂસનું કામ કરતી હતી. દર ત્રીજે મહિને તે પોતાના કામનો રિપોર્ટ આપવા માટે સ્ટોકહોમ જતી હતી. વાચકોને યાદ હશે કે, જનરલ ઓ'નું મૃત્યુ થવા બાદ તેના ઉપયોગી કાગળોની ટ્રંક ગુમ થઇ ગઇ હતી. વળી ખાત્રીથી માનવામાં આવે છે કે, જર્મનીને જનરલ ઓ' તથા તેની પ્રેમિકાના સબંધની ખબર પડી ગઇ હોવી જોઇએ અને તે સાથે એટલી પણ ખાત્રી થઇ હોવી જોઇએ કે ઉભયના પ્રેમ પત્રો હસ્તી ધરાવતા હોય. આ પત્રો જનરલની પ્રેમિકા પર દબાણ કરવા ઉપયોગી થઇ પડશે એમ માની જર્મનીએ તે મેળવવા માટે પ્રયત્ન કર્યો હોય, તો તેમાં કાઇ નવાઇ પામવા જેવું નથી.

સ્વીડનની મુસાફરી કરતાં આ પત્રોના ફોટોગ્રાફ સિસિલીયાને મળ્યા હોય એ સંભવિત છે. આ પત્રોનો સિસિલીયાએ ઉપયોગ કરવા નિશ્ચય કર્યો હોય એ માનવા જેવું છે. પરંતુ એકદમ તે ખુલ્લા કરી પોતાને આફતમાં ઉતારે તેવી તે બેદરકાર નહોતી. તેણે રાસપુટીનને મળી પોતાનું કાર્ય સિધ્ધ કરવાનો નિશ્ચય કર્યો હોય અને રાસપુટીને લોભને વશ થઇ તેને મદદ કરવાનું

વચન આપ્યું હોય એ તેઓની મુલાકાત પરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

રાસપુટીન કંઈ લાલચને વશ થઈ કેટલા રૂપિયા લેવાને બહાને સિસિલીયાનું કામ કરવા તત્પર થઇ ગયો એ અમે કહી શકીએ એમ નથી; પરંતુ એટલું તો ખરૂં કે, તે દિવસથી જ રાસપુટીન યુધ્ધની વિરૂધ્ધ અને સન્ધિના પક્ષમાં થઇ ગયો.

આનાર્નો ડાયરી રાસપુટીનના આ પરિવર્તન પર પ્રકાશ નાખે છે. આ ડાયરીનો કેટલોક ભાગ પ્રાન્તિક સરકારના તાબામાં છે. તેમાં તા૦ ૩ જી સપ્ટેમ્બર ૧૯૧૫ ના દિવસે આના લખે છે કે-" રાસપુટીને આજ એક અદ્દભુત કામ કરી બતાવ્યું છે. તેણે મારા અને ઝારીનાના આત્મસંતોષ માટે જનરલ ઓ'ના આત્માનું આવાહન કર્યું હતું. પહેલાં તો અમોને અંધારાની અંદર ધૂમાડાના ગોટા જેવું જણાયું. પછી તેમાંથી આસ્તે આસ્તે એક મૂર્તિ દેખાવા લાગી શરૂઆતમાં તો અમે આ મૂર્તિને ઓળખી શક્યાં નહિ કારણ કે, ધૂમાડામાં તે ઝાંખી દેખાતી હતી; પરંતુ એટલું તો ખરૂં કે, તે મૂર્તિ જનરલ ઓ'નો ભાસ આપતી હતી. મૂર્તિ હોઠ ફફડાવતી હતી, પણ તેનો સૂર એટલો તો મંદ હતો કે, અમે સંપૂર્ણ સમજી શકતાં ન હોતાં જ્યારે રાસપુટીન તે સ્પષ્ટતાપૂર્વક સાંભળી શકતો હતો.

જનરલ ઓ'ની મૂર્તિ શોકાતુર જણાતી હતી. બે બુરખા-વાળાઓએ કેવી રીતે તેની હત્યા કરી, તેનું સવિસ્તર બયાન તેણે કહી સંભળાવ્યું.

ત્યાર પછી તેના હૃદયમાં હજુ પણ કેટલો બધો પ્રેમ

અસ્તિત્વ ધરાવે છે, તે બતાવવા તેની પ્રેમિકાએ તેના પર લખેલા બધા પત્રો અક્ષરશઃ ફરી સંભળાવ્યા. છેવટે યુધ્ધ વિષે તેણે ઘણો તિરસ્કાર બતાવ્યો. તેણે કહ્યું કે, માનવ જાતિને માટે ઘણી શરમની વાત છે કે, તેઓ પરસ્પરમાં લડી મરે છે. ત્યાર પછી તેણે યુધ્ધમાં મરી ગયેલાઓની વિધવાઓ અને બાળ બચ્ચાં-ઓનું કરૂણારસિક શબ્દ ચિત્ર ખેંચ્યું અને અંતે મહારાણીને પ્રાર્થના કરી કે જગતનાં કલ્યાણ માટે યુધ્ધ બંધ કરવુ જોઇએ."

મહારાણીએ તેને પૂછયુ:--" ઇશ્વર આ વિષે શું કહે છે ?"

ઓ'ના આત્માએ ઉત્તર આપ્યો:--" રાસપુટીનને લીધે રશિયા પર ઇશ્વરની મહેરબાની છે માટે હમણાં જ જો રશિયા સંધિ કરી લે તો તેના પર કાયમને માટે આશિર્વાદ વર્ષાવી તેનું રક્ષણ કર્યા કરીશ."

આ ઉપદેશ સાંભળી તરતજ ઝારીનાએ જનરલ ઓ'ના આત્મા પાસે યુધ્ધ બંધ કરાવવાની પ્રતિજ્ઞા લીધી.

પોતાના દેશ પ્રત્યેના કર્ત્તવ્યો માટે ઝારીના હમેશા ઉદાસ રહેતી કારણ કે, રશિયા માટે તેના મનમાં તિરસ્કાર હતો. તે જર્મનીના પક્ષમાં હતી. ઇશ્વરીય વાતો જાણવાની ઇચ્છા અને રાસપુટીન પર અંધ વિશ્વાસ–ઉભય કારણોને લીધે તે રાજ્ય તથા દેશ પ્રત્યે વિશ્વાસઘાત કરવાને તૈયાર થઇ ગઇ. તેણે યથા-શકિત યુધ્ધ વિરામના પ્રયત્નો કરવા માંડયા. રાસપુટીનથી તે એટલી તો દબાયલી હતી કે, તેના વિરૂધ્ધમાં યત્કિંચિત પણ જવા માટે હિંમત કરી શકતી ન હોતી. તે સિવાય રાસપુટીન રાજકુમારનાં સ્વાસ્થ્ય માટે તેને હમેશાં ચિંતામાં રાખતો હતો.

કોઈ કોઈવાર તે એવી પણ વાતો કરતો કે જેના લીધે ઝારીનાના મનમાં ખાત્રી થઇ ગઇ હતી કે, રાસપુટીનના લીધેજ તેનો પુત્ર વિશ્વસંસારમાં હૈયાત દેખાય છે. પોતાના પ્રિય પુત્રની જીંદગી માટે તેનાં રક્ષણ માટે–રાસપુટીનની ઇચ્છા મુજબ તેને વરતવું પડતું હતું. અને આવી રીતે રાસપુટીન ઝારીના દ્વારા ઝારને પણ પોતાની મુઠ્ઠીમાં રાખતો હતો

એક દિવસ રાસપુટીન G. Q. G. માં ગયો અને જનરલ ઇન ચીફ ગ્રેન્ડ ડયૂક નિકોલસને મળ્યો.

ગ્રેન્ડ ડયૂક અગાઉથીજ તેની માયાવી જાળ અને ફરેબથી જાણતો હતો એટલે તે તેના તરફ તિરસ્કારની દ્દષ્ટિથી જોતો હતો. પરંતુ તે સાથે તેની શક્તિથી પણ પરિચિત હતો એટલે તેની સાથે શત્રુતા ઉત્પન્ન ન થાય તેની ખબરદારી રાખતો. આજે રાસપુટીનને પોતાની પાસે આવેલો જોઇ તેણે તેનું સ્વાગત કર્યું અને આવવાનું કારણ પૂછયું.

રાસપુટીને કહ્યું:--" હું આપને એક વાતની સૂચના આપવા આવ્યો છું અને તે એ છે કે, કાલે કુમારી મરિયમ મારામાં પ્રગટ થઇ હતી અને તેણે જણાવ્યું છે કે, યુધ્ધ જલ્દી બંધ કરી દો નહિ તો ઇશ્વરનો તમારા પર કોપ થશે "

ડયૂકે ધીરજથી રાસપુટીનની વાત સાભળી લીધી. ત્યાર પછી સહજ ઉત્તેજીત બની કહ્યું:--" કુમારી મરિયમ મારામાં પણ પ્રકટ થઇ હતી અને મને કહ્યું છે કે, કાલે એક ધુતારો માયાવી માણુસ આવશે. અર્થાત્ તને સૂચના આપુ છું કે, જો તેને એક કુતરાની માફક લાત મારીને કહાડી મૂકવામાં આવશે તો

ઇશ્વર રશિયા પર સુપ્રસન્ન થશે.”

ડયૂકના એટલા શબ્દો સાંભળતાંજ રાસપુટીન ચુપચુપ કાન દબાવી ચાલ્યો નીકળ્યો.

પરંતુ તેનું પરિણામ શું આવ્યું ? થોડા દિવસ બાદ ગ્રેન્ડ ડયુકને તેના પદ પરથી પદભ્રષ્ટ કર્યાનો હુકમ મળ્યો. તરત જ તે કોકેશસ તરફ ચાલ્યો ગયો.

રાસપુટીન પોતાનો બદલો લેવામાં ફત્તેહ પામ્યો.

પ્રકરણ ૧૩ મું

રાજમુકુટના હીરા-ગુમ !

હવે તો રાસપુટીન ઝારીનાના શયનાગારમા બેસી ખુદ પોતે સમસ્ત રશિયન રાજ્યનો કારભાર જોવા લાગ્યો. લોકો હવે તેને રાસપુટીન નહિ પણ ‘પ્રચારક’ (Innovator) તરીકે બોલાવતા હતા. તે જે કાંઇ કરતો તેને માટે તે કોઇ વાતની જોખમદારીનો વિચાર કરતોજ નહિ તેમજ કોઇના પર દયા પણ બતાવતો નહિ. તે જે કોઇ ઉંધું-ચતુ કર્યા કરતો તેને માટે તેના મનમાં લેશ માત્ર પણ પશ્ચાતાપ થતો નહિ. તેની રજા વગર કોઇને પણ કોઇ જાતની પદ્વિ આપવામાં આવતી ન હોતી તેમજ લઇ પણ શકાતી ન હોતી. અર્થાત્ તેની આજ્ઞા વિના રશિયન સામ્રાજ્યનું એક પાંદડું પણ હાલતું નહિ એમ કહેવામાં આવે તો અતિશયોક્ત ભરેલું કહેવાય નહિ.

પોતાના ગૃહમાં બેસી નાલાયકોને પણ મોટી મોટી ઉપાધીઓ આપી તેઓને તે ઉચ્ચ પદે ચડાવી દેતો હતો ચાંદ અને સરકારી પદ્વિઓનું તેને ત્યા લીલામ થતું. તેની ઝોળીમાં જે વધારે ભીખ-લાંચ નાખતો તેને તે પ્રમાણે ઉપાધીઓ પ્રાપ્ત થતી. છતાં આ બધું કામ તે પોતાને હાથે કરતો ન હોતો. તે એવો તો ઠગબાજ અને ઉસ્તાદ હતો કે આ બધું લાંચ-રૂશ્વતું કામ તે પોતાના હસ્તકો-ખાંધીયા દ્વારા સાધી લેતો.-બારનેબીની બહેન તેની સેક્રેટરી હતી અને રાજકુમાર એન્ડ્રોમીકાફ તેનો દલાલ હતો તેઓ લોકોની પાસે વાતચીત કરી ખાનગીમાં રૂપિયા પડાવી લેતા હતા.

રાસપુટીનની આજ્ઞા પત્થર જેવાને પણ પીગળાવી દે તેવી હતી. તેના વચનનુ ઉલ્લંઘન કરવાને કોઇની હિંમત ચાલતી નહોતી. બધા હાકિમોને તે બેધડક પત્રો લખ્યા કરતો અને તેની સૂચના વિરૂધ્ધ જવાનો સાહસ કોઇ કરી શકતું નહિ. દિવસે દિવસે, તેનો દોરદમામ એટલો તો વધતો ગયો કે, જ્યારે તે રાજ મહેલમાંથી બહાર નીકળતો ત્યારે ઇંપીરીયલ કાઉન્સીલનો સભાપતિ તથા પ્રધાન મંત્રી પણ તેને નમીને સલામ કરતા.

યુધ્ધનું સ્વરૂપ દિન પ્રતિદિન ભીષણ થવા માંડયુ હતું; પરંતુ રાજ મહેલમાં તેની કોઇને પરવાહ નહોતી. યુધ્ધની શરૂઆતમાં એક મહારાણીની પોતાના દેશ પ્રત્યે જેટલી ફરજ હોય, તેટલી તેણે બજાવી હતી; પરંતુ હવે તેની મનોદશા બદલાઇ ગઇ હતી. ઝાર પર દબાણ કરી તે જર્મની સાથે સંધિ કરી લેવાને આતુર હતી. ઝારીના, કે જેણે રાજકાજમાં કયારેય પણ ભાગ ન લીધો હતો અને તેનાથી સે૦ ગાઉ દૂર ન્હાસતી હતી તે

હવે રશિયન રાજકારણમાં તનમનથી ધ્યાન રાખતી હતી. ઝારના પર આવતા દરેક તારો, કાગળો, તે ફોડી વાંચી લેતી હતી અને આના તથા રાસપુટીન તેને તેનાં આ કાર્યમાં મદદ કરતાં હતાં.

એક દિવસ પ્રાતઃકાળમા ખાસ ઝાર માટે છપાતા એક વર્તમાન પત્રની નકલ ઝાર વાંચતા બેઠા હતા, તેવામાં શાહી ખજાનાના વડા કાઉન્ટ ટોલ્સટોયે મુલાકાતની રજા માગી.

ઝારે બોલાવવાથી કાઉન્ટ ટોલ્સટોય તેમની સામે ઉપસ્થિત થયા. ઝારે જોયું કે, કાઉન્ટનો ચ્હેરો ફિક્કો પડી ગયો હતો અને ગભરાયેલો લાગતો હતો. તેની આવી દશા જોતાજ ઝારે પુછ્યું :- કેમ શું છે? તમે આટલા બધા ગભરાયેલા કેમ છો?"

કાઉન્ટે ધીમા સ્વરે ઉત્તર આપ્યો:-"હુજૂર, આપને એક ઘણુાજ દુઃખદ સમાચાર સંભળાવવાને આપની પાસે હાજર થયો છું. આજકાલ ઘણુાજ વિચિત્ર બનાવ બનવા લાગ્યા છે. રાજ્ય મુકુટના હીરાઓ કે જેને માટે ખાસ અભિમાન રાખવામાં આવતું હતુ અને જે દુનિયામાં સૌથી વિશેષ કીમતી અને મૂલ્યવાન માનવામાં આવતા હતા, તેની તપાસ દરરોજ એક વિશ્વાસી માણુસ રાખતો. આ હીરાઓ રાખવાનું સ્થળ તેના અને મારા સિવાય બીજા બે જણુ જાણે છે. એક આપ અને બીજાં મહારાણી—

કાઉન્ટે કરેલી આટલી બધી લાંબી પ્રસ્તાવના સાંભળી ઝારે અધીર બની પુછ્યું:-"તમે શું કહેવા માગો છો તેનો ખુલાસો કોને?"

કાઉન્ટ ભયભીત બની લથડતા અવાજે બોલ્યો:–" મહારાજ, મને દોષિત ગણશો નહિ. મારો કોઇ અપરાધ નથી. શું કહું, રાજમુકટના સુન્દર હીરાઓમાંથી માત્ર બે ત્રણ રહી ગયા છે, બાકીના—"

ઝારથી વધારે સાંભળી શકાયું નહિ. ક્રોધથી તેનું શરીર લાલ થઇ ગયું અને ઝપાટાબંધ આસન પરથી ઉઠી કાઉન્ટનું ગળું પકડતાં કહ્યું:–' શું ? રાજમુકુટના હીરા ચોરાવી દીધા ?"

ઝારના આ શબ્દો કાઉન્ટની છાતીમા તીર જેવા લાગ્યા. તેણે કંપિત સ્વરે કહ્યું:–" મહારાજ, તે સ્થળની માત્ર ચાર જણને ખબર છે એટલે હું કેમ સમજી શકું કે—"

ઝારે કર્કશ સ્વરે કહ્યું:–" પરંતુ રાત દિવસ તમે તેની તપાસ રાખતા હતા તો પછી તમારી જાણ વિના તે ચોરાઇ ગયા હોય એમ કેમ માની શકાય ? "

કાઉન્ટ વિનિત સ્વરે બોલ્યો:–" માત્ર એટલા જ માટે કે, ચોરી કરવાવાળાઓએ તેના પર નકલી હીરા-મોતીઓ જડી દીધાં છે અને નકલીપણું પણ સૂક્ષ્મ તપાસ પછી જ જણાઇ આવ્યું છે.'

ઝારે પગ અફાળતાં કહ્યું:–" તો પછી આ કામ એક દિવસમાં થઇજ કેમ શકે ? તેને માટે કેટલાંયે અઠવાડીયાં લાગ્યાં હશે અને તેનાથી સ્પષ્ટ જણાઇ આવે છે કે, ચોરોને ખજાનામાં આવવા જવાની સરળતા હોવી જોઇએ. "

કાઉન્ટે ઉત્તર આપતાં કહ્યું–" તે હું કેમ કહી શકું ! "

ઝારને કાઉન્ટની વાતમાં વિશ્વાસ આવ્યો નહિ. તરતજ

તેમણે ઝવેરીઓને બોલાવ્યા, તેની તપાસ કરાવી. કાઉન્ટની વાત સત્ય ઠરી. બધા મૂલ્યવાન હીરાઓ કહાડી લેવામાં આવ્યા હતા અને તેની જગ્યાએ ખોટાં નંગો જડી દેવામાં આવ્યાં હતાં.

આ તપાસને અંગે એક બીજી પણ વાત બહાર આવી. અને તે એ કે, ધારવા કરતાં પણ વિશેષ ચોરી થઇ હતી એમ ખબર પડી. એક ઝવેરી વીન્ટર પેલેસમાં એક સ્થાન પર અટકી જઇ બોલ્યો:-"ઓહ! આ તો નકલી પડદાઓ છે!"

વીન્ટર પેલેસમાં સાચા જરી કામથી ભરેલા રત્નજડીત પડદાઓ લગાવવામા આવ્યા હતા, તેની જગ્યાએ બનાવટી પડદાઓ ટાંગી દેવામાં આવ્યા હતા!

આ પરથી ઝારને એટલી તો ખત્રી થઇ કે, જેઓએ હીરાઓ ચોર્યાં, તેઓનું જ આ કામ હોવું જોઇએ. ઝવેરીઓ જ્યારે આ બધી તપાસ કરીને ગયા, ત્યારે તેઓએ ઝારને જણાવ્યું કે, આવું કામ જર્મન કારીગરો સિવાય બીજું કોઇ કરી શકતું નથી!

તરતજ ઝારે કાઉન્ટના તરફ એક તીવ્ર દૃષ્ટિ ફેંકી. કાઉન્ટના સમજવામાં તેનો આશય આવી ગયો એટલે કહ્યું:-"હું ઇશ્વરને સાક્ષી રાખીને કહું છું કે, આ કામ મારૂં નથી તેમ મારા કોઇ સાથીનું—"

ઝારે થોડા વખત વિચાર કર્યા પછી કહ્યું:-"ત્યારે તપાસ માટે બે માણસો બાકી રહ્યાં. એક હું અને બીજી એલેકઝાન્ડ્રા—"

વિના વિલંબે ઝાર ઝારીના પાસે પહોંચી ગયો. ઝારીના

તે વખતે એક પુસ્તક સાંભળી રહી હતી.

ઝારીનાએ ઝાર પાસેથી બધી હકીકત સાંભળ્યા બાદ બેપરવાઈથી જવાબ આપ્યો:–"ઇશ્વર એલેકિસસ (રાજકુમાર)ને ચિરંજીવ રાખે–બસ મને તેથી કાંઈ વધારે જોઈતું નથી."

ઝારીનાનાં આ વચનો સાંભળી ઝારના મનમાં સંદેહ દૃઢ થયો. તેણે કર્કશ સ્વરે કહ્યું:–"મને ખાત્રી છે કે, મારાથી કેટલીક વાતો ગુપ્ત રાખવામાં આવે છે–આજે હું બધી હકીકત જાણવા માગું છું."

ઝારીના ઝારને તેનો પ્રત્યુત્તર આપવા જતી હતી, એટલામાં આના દોડતી દોડતી ત્યાં આવી પહોંચી અને કહેવા લાગી:— "મહારાણી, જલ્દી ચાલો. રાજકુમારની પ્રકૃતિ એકાએક બગડી ગઈ છે!"

આનાના આવ્યા બાદ બન્નેની વાત દડી પડી ગઈ. તે આવી ન હોત તો આજે કાંઈ નવા–જૂની થયા સિવાય રહેત નહિ.

રાજકુમારને જે રોગ હતો, તે તેના મોસાળનો રોગ હતો. અને એમ પણ કહેવામાં આવે છે કે, પ્રિન્સ બિસ્માર્કે તેટલા માટે જ એલેકઝાન્ડ્રાના લગ્ન ઝારની સાથે કરાવ્યાં હતાં કે જેથી ઉક્ત વંશપરંપરાના રોગના પ્રભાવે ઝારનો વંશ નષ્ટ થઈ જાય.

બીજા દિવસે કાઉન્ટ ટોલ્સટોયને ઝારના હાથનો લખેલો એક પત્ર મળ્યો. તેમાં લખેલું હતું કે,:–"હીરાની ચોરીની વાત ગુપ્ત રાખવી અને ચોરોની તપાસ કરવાની જરૂર નથી!"

રશિયન રાજ્યક્રાંતિના આરંભ પછી રશિયન અમલદા-

રોએ હીરાઓ ચોરાઈ જવાનો અને તેની જગ્યાએ નકલી નગો જડી દેવાની વાતનો સ્વીકાર કર્યો હતો; પરંતુ આ હીરાઓ કોણે ચોરાવ્યા ? કોને માટે ચોરાવ્યા ? એ વાત તો હજી સુધી અંધારામાં જ છે !

જો રાસપુટીનને મારી નાખવામાં આવ્યો ન હોત, તો સંભવ છે કે, તે આ વિષય ઉપર પ્રકાશ નાખી શકત વળી તે એટલું તો ચોકકસ બતાવી શકત કે, હીરાની ચોરી થવા બાદ સિસિલીયા, એકાએક પેટ્રોગ્રાડ છોડીને કેમ ચાલી ગઈ અને તેને સ્ટોકહોમ અથવા ડામરસ્ટેટ જવા માટે પાસપોર્ટ કેમ આપવામાં આવી કે જેના પ્રભાવથી સિસિલીયાનાં પલાયન વખતે તેના સામાનની તપાસ પણ કરવામાં આવી ન હોતી !

પ્રકરણ ૧૪ મું

ઘેરાયેલું વાદળ

ઇ. સ. ૧૯૧૫ ના સપ્ટેમ્બર માસમાં રાજકુમાર ચેબરટાફની જગ્યાએ મી. ખવોસ્ટોવની રાજમંત્રી તરીકે નીમણુક રાસપુટીને કરાવી દીધી.

નવા મંત્રીએ રાસપુટીન સાથે ગુપ્ત રીતે સંકેત કરી રાખ્યો હતો કે, તે તેના વિશ્વાસનો ભંગ કરશે નહિ અને બધું રાજતંત્ર તેની ઇચ્છા મુજબ ચલાવવાનો પ્રયત્ન કરશે.

પોતાના બગલબચ્ચાનેજ રાજમંત્રી તરીકે નિયુકત કરવાથી રાસપુટીન હવે સમસ્ત રશિયા પર પોતાના પ્રભુત્વની છાપ પાડવા લાગ્યો. નવો મંત્રી ઘણો ચાલાક અને ઉચ્ચાભિલાષી હતો. તે પોતાની તુલના પ્રિન્સ બિસ્માર્કની સાથે કરતો અને કહેતો હતો કે મારા જેવી સફળતા તેણે પ્રાપ્ત કરી નથી !

કેટલાક દિવસ સુધી રાસપુટીન અને નવા મંત્રીમાં ઠીક બનાવ રહ્યો; પરંતુ એક દિવસ એક ન્હાની વાતે ગંભીર રૂપ લીધું અને બન્નેમાં વૈમનસ્ય ઉત્પન્ન થઈ ગયું, એક વીમા કંપનીનો દલાલ હતો. તેને કવિતા કરવાનો શોખ હતો. તેણે રાસપુટીનની પ્રશંસાની એક કવિતા બનાવી. તે કવિતામાં તેણે એક કસાઈ કે જે મોરક્કોનો પીર અને રશિયાનો રક્ષક હતો. તેની સાથે રાસપુટીનની તુલના કરી. આ કવિતા વાંચી રાસપુટીન એટલો તો ખુશ થયો કે, તે માણસને જનરલ ઇન્સ્પેકટર ઑફ પોલીસનો હોદ્દો આપવાને તેણે નવા મંત્રીને હુકમ કર્યો. જો કે, નવો મંત્રી રાસપુટીનની ઇચ્છા વિરૂધ્ધ રાજ્યનું એક પણ કામ કરતો નહોતો તો પણ આવું હાસ્યાસ્પદ કામ કરવાને તે આનાકાની કરવા લાગ્યો. રાસપુટીનને આથી ખોટું લાગ્યું. તેણે મંત્રીને તેના પદ પરથી પદચ્યુત કરવાનો પોતાના મનમાં નિશ્ચય કર્યો કારણ કે, પોતાની વિરૂધ્ધમાં જેટલા કંટક હોય તેને ઉખેડી નાખી મયદાન સાફ રાખવું એવો તેનો સ્વભાવ હતો. તરત જ તેણે મંત્રીને કહાડી મૂકવા માટે ઝાર અને ઝારીના પર દબાણ કરવાની શરૂઆત કરી દીધી.

મંત્રી પોતાનું ભવિષ્ય સમજી ગયો હતો. તે પણ સારી

પેઠે જાણતો હતો કે, રાસપુટીન જીવતો છે, ત્યાં સૂધી પોતાની ઉચ્ચાભિલાષાઓ પૂર્ણ થવાની નથી. એટલે તેણે પણ પોતાના મનમાં નિશ્ચય કર્યો કે, રાસપુટીનને જેમ બને તેમ જલ્દી ખુદાના દરબારમાં પહોંચાડી દેવો જોઇએ.

પ્રસંગવશાત્ તે જ દિવસે પોલીસ રિપોર્ટ તેના પાસે આવ્યો અને તે પરથી તેને જણાયું કે, પાદરી ઇલીઓડર જે પહેલાં રાસપુટીનનો મિત્ર હતો, તે આજકાલ નૉર્વેમાં દેશનિકાલ તરીકે જીંદગી વીતાવી રહ્યા છે અને રાસપુટીન પર ભયંકર બદલો લેવાના છળપ્રપંચો રચી રહ્યો છે. મંત્રીએ આ ઉપયુક્ત અવસરને મિથ્યા જવા દીધો નહિ. તેણે તરત જ ખટપટો કરવા માંડી.

રાજમંત્રીનો એક ડીટેકટીવ પરમ મિત્ર હતો. ગમે તેવું નીચમાં નીચ કામ પણ મંત્રીની આજ્ઞા હોય તો તે કરવા ચૂકતો નહિ. મંત્રીએ તેને બોલાવીને કહ્યું-" આજને આજ તું ક્રિશ્ચાનિયા ચાલ્યો જા અને ઇલીઓડરને મળ. તારા ખર્ચને માટે પાંચ હજાર રૂપિયા તને આપું છું અને કામ ફ-તેહ-કરીને આવ. "

પાદરી ઇલીઓડર ક્રિશ્ચિયાનિયામાં ઘણુંજ દરિદ્રતાપૂર્વક જીવન વીતાડતો હતો, છતાં રાસપુટીન પર બદલો લેવાના વિચારનો તેણે ત્યાગ કર્યો ન હોતો. રાત દિવસ તે તેને યમલોકમાં પહોંચાડવાની યુક્તિઓ રચ્યા કરતો હતો. તેના આ કાર્યમાં તેને મદદ કરનારા કેટલાક રશિયનો પણ હતા.

મંત્રીના અનુચરે ઘણી આસાનીથી ઇલીઓડરને ષડયંત્રમાં સામેલ કરી લીધો. ઇલીઓડરની ખુશાલીનો પાર રહ્યો

નહિ. રાજમંત્રીની સંપૂર્ણ મદદ મળશે એમ તેના મનને પૂર્ણ ખાત્રી થઇ. મંત્રી પાસેથી કેટલાક આવશ્યકીય કાગળ પત્રો તેને મળવાના હતા તે સિવાય ૧૬૦૦૦૦ નું ઇનામ પણ તેને આપવાનું મંત્રીએ કબૂલ કર્યું હતું.

આ પ્રમાણે સંકેત કરી એક તાગડો રચવામાં આવ્યો. રાસપુટીન ઘેર પાછો ફરે ત્યારે તેને છરી ભોંકી મારી નાખવાની વાત નક્કી થઈ અને તે સાથે હત્યાકારીઓને નહાસી છુટવાનો વખત મળે તે માટે પોલીસનું ધ્યાન બીજી તરફ દોરવવા બૉંબ ફેંકવાની ગોઠવણ પણ કરવામાં આવી.

પરંતુ રાસપુટીનને આ ગુપ્ત સંકેતની ખબર એકાએક મળી ગઇ. રાજમંત્રીના અનુચરે પ્રેટ્રોગ્રાડમાં વર્તમાન પત્રોના લેખકોની એક કલબ બનાવી હતી. આ કલબ સ્થાપવામાં તેના બે ઉદ્દેશ હતા. એક તો એ કે મંત્રીનાં દરેક કામોની બોલબાલા વર્તમાનપત્રોદ્વારા પ્રજાની અંદર કરી શકાય અને બીજું પોતાનાં કાર્યની સરળતા માટે જૂદી જૂદી બાતમીઓ મેળવી શકાય. આ કલબની અંદર મંત્રીના અનુચરને એક નવીન વ્યક્તિ સાથે મુલાકાત થઇ. આ વ્યક્તિ સાથે તેને દિન પ્રતિદિન ગાઢ પરિચય વધી ગયો અને ઉભય મિત્રો થઇ પડયા તે એટલે સુધી કે, તેની હાજરીમાં પણ મંત્રીનો અનુચર તેની સાથે ટેલીફોન દ્વારા વિના સંકોચે વાતચિત કરવા લાગ્યો. એક દિવસ મંત્રીનો અનુચર અને તેની સ્ત્રી જે પહેલાં થિયેટરની અંદર નટી તરીકે નોકરી હતી, તેઓ વચ્ચે કોઈ કારણસર ટંટો ઉપસ્થિત થયો. પેલો અજ્ઞાન માણસ જેનું નામ રાજ હતું તે વચ્ચે પડયો. અનુ

ચર પત્ની સાથે ઝઘડો કરી બહાર ચાલ્યો ગયો એટલે રાજા અને તેની સ્ત્રી બન્ને એકલાં પડયાં. રાજા તેની સાથે વાતચિત કરવા લાગ્યો. અનુચરની સ્ત્રી અત્યારે સંપૂર્ણ રીતે ક્રોધને વશ થઇ હતી એટલે મનમાંથી જેમ આવે તેમ બકવા મંડી. આ બકવાદની અંદર તેણે બધા ભેદ ભરમો ખોલી દીધા. ઇલીઓડરે પોતાના સાથીઓ સાથે પેટ્રોગ્રાડમાં આવવું-રાસપુટીનની હત્યા કરવાનો તાગડો-પોતાના પતિ તરફથી તેને મળનારી સહાયતા—અને મંત્રીનો દોરી સંચાર-વગેરે કાવતરાંની ગુપ્ત બાતમી તેણે રાજાને કહી સંભળાવી.

રાજાને તો જોઇતું હતું અને વૈદે બતાવ્યું તેવી સ્થિતિ થઇ. આ બધી ગુપ્ત વાતનો સ્ફોટ જો રાસપુટીન આગળ કરવામાં આવે તો અલભ્ય લાભ મળ્યા સિવાય રહે નહિ એમ તેના મનને પકકી ખાત્રી થઇ.

પરંતુ રાસપુટીનને મળવું કેવી રીતે ? કારણ કે, તેની પાસે પહોંચવું એ સહેલી વાત નહોતી અત્યારે તે પોક્રોવસ્કોઇનો એક ખેડુત નહિ પણ રશિયાનો તાજ વગરનો શહેનશાહ હતો. તેના દરવાજા પર ઘણો જ કડક પહેરો રાખવામાં આવ્યો હતો, અને કોઇ પણ વ્યકિત રૂપિયા લાવે નહિ યા આપવાનો વાયદો કરે નહિ, તેને તો રાસપુટીનનાં દર્શન પણ દુર્લભ થઇ પડતાં ! અર્થાત્ રાજા રાસપુટીનને મળવા માટે ગયો પણ દરવાજામાં જ અટકી પડયો. ત્યાં સુધી પહોંચવામાં તે સફળતા મેળવી શકયો નહિ.

આખરે તે નિરાશ થઇ પાછો ફરવા લાગ્યો એટલામાં એક

માણસે તેના ખભા પર હાથ મૂકી પૂછ્યું:-" તમારે પ્રચારક સાથે શું કામ છે ?"

રાજે પછવાડે ફરીને જોયું. એક વૃધ્ધ અને મલીન વસ્ત્ર પરિધાન કરી રહેલો માણસ તેની પછવાડે ઉભો હતો. બુઢ્ઢાએ પોતાનું નામ આપતાં કહ્યું:-" હું પોલીસ ઇન્સપેક્ટર છું અને રાસપુટીનની રક્ષા કરવાનો ભાર મારે શિર છે. એટલે તમારે કોઇ જરૂરી વાતચિત કરવી હોય, તો પહેલા મને કહી સંભળાવો એટલે તે વિષેની સૂચનાઓ હુ તેમને આપી આવું."

રાજે વિચાર્યું કે, આ વખતે ઇશ્વરે ખરેખરી સહાયતા કરી છે. તેણે ઇન્સપેક્ટરને મંત્રીના અનુચરની પત્નીને મ્હોડે સાંભળેલી બધી હકીકત કહી સંભળાવી અને કહ્યું કે, આ વાત તમે જલ્દી રાસપુટીનની પાસે પહોંચાડો નહિ તો તેનો જાન જોખમમાં છે."

પોલીસ ઇન્સપેક્ટર તરત જ રાસપુટીન પાસે ચાલ્યો ગયો અને તેને બધી બાતમી આપી દીધી.

ગમે તેમ હોય પણ તે દિવસે રાસપુટીને એક પત્રના સંપાદકે પણ કહ્યું હતું કે, પેટ્રોગ્રાડમાં એવી ગપ ઉડી છે કે, રાસપુટીનને સખ્ત રીતે જખ્મી કરવામાં આવ્યો છે.

અર્થાત્ ઇન્સપેક્ટર પાસેથી પુનઃ તે જ વાત સાંભળ્યા બાદ તેના મનને ખાત્રી થઇ કે, મારો જાન લેવાને કાવતરાંઓ રચાઇ રહ્યાં છે. તેણે ઇન્સપેક્ટરને કહ્યું:-" તમે આનાને જઇને કહો કે, રાસપુટીનનો જીવ જોખમમાં છે."

ઇન્સપેક્ટર તરત જ આના પાસે ગયો અને તેને સર્વ

વાતથી વિદિત કરી દીધી.

ઝારીના આનાના મ્હોડેથી બધી વાત સાંભળી ચિંતામાં પડી ગઇ. તેણે તરત જ પોલીસ તથા રાજ કર્મચારીઓને હુકમ આપી દીધા કે, આ કાવતરાંનો પત્તો આજને આજ લાગવો જોઇએ અને તેઓને પકડી સજા થવી જ જોઇએ; પરંતુ મંત્રીના અનુચરને વિના અપરાધે તો પકડી શકાય એમ નહોતું અને તે એવો નાદાન પણ નહોતો કે, એકાએક પોતાના અપરાધનો સ્વીકાર કરી લે; એટલે રાસપુટીને એક નવીન યુક્તિથી આ નાટકનો ફેંસલો કરી દીધો.

એક દિવસ મંત્રીનો અનુચર ભાડાની ગાડીમા બેસવા જતો હતો એટલામાં મહારાણીના પહેરેગીરોના એક લેફ્ટેનન્ટે તેને ધક્કો મારી પોતે ગાડીમાં ચડી બેઠો.

અનુચર સહજ ક્રોધે ભરાઇ બોલ્યો–" મહાશય, માફ કરજો. મેં આ ગાડી મારા માટે—"

લેફ્ટેનન્ટે એકદમ છેલ્લે પાટલે બેસી જવાબ આપ્યો:—" નહિ, બિલકુલ જૂઠી વાત છે."

વાત વાતમાં બન્ને લડી પડયા. અનુચર મંત્રીના જોર પર તેને દમ ભરાવા લાગ્યો જ્યારે લેફ્ટેનન્ટને મહારાણીની પીઠ હતી એટલે લેફ્ટેનન્ટે મિયાનમાંથી તલવાર બહાર કહાડી તેના પર ઉગામી.

એટલામાં લોકોની ભીડ થઇ ગઇ અને પોલીસ કોનસ્ટેબલો ત્યાં આવી પહોંચ્યા. તેઓ બન્નેને પોલીસથાણા પર લઈ ગયા.

અનુચરને ખબર ન હોતી કે, તેને ફસાવવાને આ કાવતરૂં

રચવામાં આવ્યું છે એટલે તે તો ખુશ થયો. અનુચર અને લેફ્ટેનન્ટ પોલીસની સાથે થાણા પર પહોંચ્યા બાદ તેને જણાયું કે, તેના પર આ એકજ આરોપ નહિ પણ બીજા મહા ભયંકર અપરાધો મૂકવામાં આવ્યા છે

થાણદારે પૂછ્યું-" તું રાસપુટીનને ઓળખે છે ?"

આ પ્રશ્ન સાંભળતાંજ તેનું કાળજું ધડકવા લાગ્યું. તેણે કહ્યું-" હા ઓળખું છું."

થાણદારે એક તીવ્ર દૃષ્ટિ તેના તરફ ફેંકી અને પછી કહ્યું:-- "તેના વિષે તું જે કાંઇ કરવા માગે છે, તેની અમોને બધી ખબર પડી ગઇ છે. માટે તારૂં ભલું ચાહતો હોય તો બધી હકીકત સાફ સાફ કબુલ કરી દે."

થાણદારની વાત સાંભળી તેના હાથ પગ થરથર કંપવા લાગ્યા. પોતાનું ભયંકર ભવિષ્ય તેની આંખો સામે દેખાવા લાગ્યું, છતાં તે ઘણો ચાલાક હતો એટલે તેણે વિચાર્યું કે, આ વખતે બધું કબુલ કરી મંત્રીને ફસાવીશ તોજ છુટી શકીશ.

તરતજ તેણે એક પત્ર રાસપુટીન ઉપર લખ્યો અને કાવતરાંનો બધો ઇતિહાસ લખી જણાવ્યો.

આ પત્ર વાંચી બેદરકારીથી પોતાના ખીસ્સામાં મૂકતાં રાસપુટીન પોતાના મનમાં બડબડયો:-"બસ, હવે મારો એક વાળ પણ કોઇ વાંકો કરી શકે એમ નથી."

અનુચરના મકાનની ઝડતી લેવામાં આવી ત્યાંથી કેટલીક પીસ્તોલો અને કાગળ પત્રો મળી આવ્યા. મંત્રીએ ૧૬૦૦૦૦ રૂપિયા આપવાનો જે પત્ર લખ્યો હતો, તે પણ ઝડતીમાં મળી

આવ્યો તરતજ કાવતરાંબાજોને પકડવામાં આવ્યા અને યોગ્ય સજાએ પહોંચાડી દેવામાં આવ્યા. રાજમંત્રીને પદચ્યુત કરવામાં આવ્યો અને તેના અનુચરને સાઇબેરીયા મોકલી આપવામાં આવ્યો.

આ પ્રમાણે રાસપુટીને એક કાંકરે બે પક્ષી મારી પોતાનો માર્ગ નિષ્કંટક કરી લીધો. એક તો મંત્રી અને બીજો ઇલીઓડર. રશિયામાં હવે તેની સામે માથું ઉંચકે એવો કોઇ પ્રતિસ્પર્ધિ રહ્યો નહિ તે એકલોજ રશિયાનો કર્તા હર્તા થઇ પડયો. પરંતુ રશિયન રાજસભા ડયુમાના કેટલાક સભાસદો તેનાથી નારાજ હતા. રાસપુટીન અને પ્રોટોપોપોવ એટલા બધા પતીત અને નીચ હતા કે, પોતાની ઉચ્ચાભિલાષાઓ પૂર્ણ કરવાને ગમે તેવું હલકામાં હલકું અને નીચ કામ કરવાને પણ તે પાછી પાની કરતા નહિ રાસપુટીનને હવે કોઇ તેના માર્ગમાં અટકાવે એમ નહોતુ એટલે અનાચાર—સ્વચ્છંદતાનું સામ્રાજ્ય વધી પડયું. જનસમાજમાં તેની નિંદા થવા લાગી. લોકો એટલા તો અસંતુષ્ટ બની ગયા હતા કે તે દિવસથીજ સ્વેચ્છાચારપૂર્ણ શાસનને ઉખેડી નાખવાનાં મૂળ પ્રજાની અંદર રોપાયાં.

જો કે, તે વખતે પણ તેની બુધ્ધિ અને ચતુરાઇના વખાણનારા પણ કેટલાક હરીના લાલ પડયા હતા અને કહેતા કે, તે આટલો ચાલાક અને બુધ્ધિમાન ન હોત તો આવી ઉચ્ચ પદ્દિએ પહોંચી શકત નહિ વસ્તુતઃ સાચી વાત તો એ છે કે, રાસપુટીન આ પ્રશંસાને લાયક કદાપિ હતોજ નહિ. ખરેખર જો તે બુધ્ધિમાન હોત તો પોતાના તરફની લોકોની અસંતુષ્ટ

વૃત્તિ અને તેનો જાન લેવાનાં થયેલાં કાવતરાંથી સમજી ગયો હોત કે, તેનો પાસો હવે ઉલટાવા માંડ્યો છે એટલે સર્વસ્વનો ત્યાગ કરી તે અલગ થઇ ગયો હોત રાસપુટીને સ્વપ્ને પણ આ બાબતનો વિચાર કર્યો નહોતો. તે એટલો તો મદાંધ હતો કે તેને પોતાની શકિત અને કાર્યો પર સંપૂર્ણ વિશ્વાસ હતો. તે એમ સમજતો કે સમસ્ત વિશ્વની કોઇ પણ શકિત તેનો સામનો કરી શકે એમ નથી; પરંતુ ઇશ્વરીય નિયમ મુજબ તેના કર્મનું ફળ તો નજીક આવ્યા જ કરતું હતુ.

પ્રકરણ ૧૫ મું

—:○:—

મોતનો ઘંટ

"બાનુ, હવે જરા પણ આગળ વધી શકાશે નહિ. પેટ્રોલ ખલાસ થઇ ગયું છે."

"વારૂ કાંઇ હરકત નહિ હું ઘેર સુધી પગેજ ચાલીને જઇશ. માત્ર દશ મિનિટનો રસ્તો છે-વધારે દૂર નથી"

તા. ૧૫ મી નવેમ્બર ૧૯૧૫ ની રાતના ૬ ૫ વાગી ગયા હતા. ઠંડીના દિવસો હોવાથી રસ્તા પર લોકોની અવર જવર ઓછી હતી. ઉપરોકત જવાબ આપી એક ખુબસુરત બાઇ મોટરમાંથી ઉતરી અને પોતાના ઘર તરફ ચાલવા લાગી. જે લોકો સડક પર ચાલી જતા હતા, તેઓને તેની ખુબસુરતી આકર્ષતી હતી. વસ્તુતઃ તે સ્ત્રી એટલી તો સુન્દર હતી કે,

તેને જોતાંજ જોનારના મ્હોડામાંથી ઉદ્દગાર નીકળી પડતા કે, "વાહ કયા પરિસ્રુરત હય !"

રસ્તા પર આવેલી એક હોટલની સામે કેટલાક માણસો ઠઠ્ઠા-મશ્કરી ચલાવી રહ્યા હતા, એટલે સ્ત્રીએ તેઓથી જરા આડા ફંટાઇ પોતાને રસ્તે ચાલવા માંડયું.

એટલામાં એક માણસ બોલી ઉઠયો, "ઓહ ! આ ચંદ્રમુખી વેશ્યા મારાથી બચી કયાં જવા માગે છે ?"

પેલી સ્ત્રીએ વિસ્મિત બની ઉપરોકત શબ્દ ઉચ્ચારનાર શખ્સ તરફ જોયું અને તેને ઓળખતાં જ જરા ગાલમાં હસી બોલી:-"ઓહો ! કોણ પ્રચારક ?"

"હા, હું પ્રચારક, અત્યારે તમારી મુલાકાત થવાથી તમારા પર હું અત્યંત પ્રસન્ન થયો છુ. અને ઇચ્છા રાખું છું કે, આજે રાતના હું તમોને મારી ઇશ્વરીય શકિતનો પરિચય કરાવું."

એટલું કહી રાસપુટીન તે સ્ત્રીની કમરમાં હાથ નાખવા આગળ વધ્યો; પરંતુ પેલી મહા ઉસ્તાદ હતી. બે ત્રણ ડગલાં તે પાછળ હઠી ગઇ અને તિરસ્કારસૂચક સ્વરે બોલી:-"રાસપુટીન ! અત્યારે તમે નશામાં ન હોત તો તમને ખબર પડત કે, તમે આજે કોની સાથે વાત કરવાની છૂટ લઇ રહ્યા છો !"

તેના આ શબ્દોનો પ્રભાવ રાસપુટીનના દિલપર બિલકુલ પડયો નહિ. પુનઃ તે લહેરમાં આવી બોલ્યો:-"હું જાણું છું કે, તમે મોસ્કોની પ્રખ્યાત વેશ્યા કરાલી છો. અને તેટલા માટે જ હું તમોને આજ મારા હાથે એક ઉમદા શરાબનો પ્યાલો પીવ-

જવા માંગું છું."

રાસપુટીન થોડો આગળ વધ્યો અને વેશ્યાનો હાથ પકડવા જાય છે એટલામાં કરાલીએ જરા પાછળ હટી તેના ગાલ પર એવી થપ્પડ મારી કે રાસપુટીન ગાલ પંપાળતો રહ્યો અને તે દમામમાં ને દમામમાં પલાયન કરી ગઈ!

એટલામાં રાસપુટીનના સાથીઓ તેની પાસે આવી પહોંચ્યા. રાજકુમાર એન્ડ્રોમીકાફ આ દેખાવ જોઇ મોટેથી હસીને બોલ્યો—"વાહ! વાહ! દુનિયામા એક પણ એક સ્ત્રી એવી નીકળી આવી કે જેણે તમારી ઇજ્જતને માટીમાં મેળવી દીધી?"

રાસપુટીન બોલ્યો—"કાંઇ હરકત નહિ. આ અપમાનનું તેને મહા ભયંકર ફળ ભોગવવું પડશે."

રાજકુમાર હસતાં હસતાં બોલ્યો—"રાસપુટીન જરા શુધ્ધિમાં આવો. તમે ભૂલો છો. કરાલી એવા માણસની પ્રેમિકા છે, જે તમારા કરતાં વિશેષ શકિતવાન છે."

રાજકુમારના શબ્દોએ રાસપુટીનના શરીરમાં ક્રોધની આગ ભડકાવી મૂકી. ક્રોધથી તેનો ચહેરો પિશાચના જેવો દેખાવા લાગ્યો. તેણે કહ્યું—"આજે હું પ્રતિજ્ઞા લઇને કહું છું કે મારા બોલેલા બોલોમાં જરા પણ ફરક પડવાનો નથી. તેની સિધ્ધી માટે જોઇએ તો મારા પ્રાણનો ભોગ આપવો પડે, રાજ મહેલમાં ઉલટપાલટ થઇ જાય કિંવા આખા રશિયન સામ્રાજ્યમાં દીવાસળી મૂકવી પડે-પણ આ અપમાનનો બદલો હું લીધા સિવાય રહીશ નહિ."

રાસપુટીનની આવી ભયંકર પ્રતિજ્ઞા સાંભળી તેના બધા સાથીઓ હેબતાઈ ગયા. રાસપુટીનના ક્રોધથી તેઓ સંપૂર્ણ રીતે વાકેફગાર હતા અને એટલું પણ જાણતા કે તેને સમજાવી-પટાવી શાંત કરવો એ પ્રયત્ન નિષ્ફળ જાય એમ હતો. તેઓમાંથી માત્ર એકલો રાજકુમાર નમ્રતાપૂર્વક બોલ્યોઃ—"રાસપુટીન, હોશિયારીમાં રહેજો. એવું ન બને કે, તમે ફટકો મારો તે પહેલાં તમારા પર તેનો ફટકો આવીને પડે!"

* * *

ઉપરોકત બનાવ બન્યાને એક અઠવાડીયું વીતી ગયું. એક મોટા સુસજ્જિત ઓરડામાં કેટલાક માણસો બેસી યુદ્ધના અગાઉના દિવસોજ માફક આનંદ ઉડાવી રહ્યા હતા. જો કે લડાઈને લીધે શેમ્પીનની કિંમત પચાસ રૂપિયે એક બાટલી થઈ ગઈ હતી!

ગ્રેન્ડ ડ્યૂક ડિમિટ્રી કે ગ્રેન્ડ ડ્યુક પોલનો પુત્ર અને ઝારનો પિત્રાઈ ભાઈ થતો હતો તે રાજકુમાર યુસોપોફની સાથે બેઠો હતો અને તેઓની આસપાસ બીજા બેચાર મિત્રો પણ શેમ્પીનની મજાહ ઉડાવી રહ્યા હતા.

એક બીજા ટેબલ પર રાસપુટીન, રાજકુમાર એન્ડ્રામિકાફ, સ્ટ્રિઆપચેફ અને બીજા બે ત્રણ દોસ્તો બેઠા હતા.

દરેક જણ ઠઠ્ઠા-મશ્કરીમાં આનંદ મેળવી રહ્યા હતા. બધાઓમાં રાસપુટીન જરા વધારે ખુશ મિજાજમાં હતો તે ઘણા જોરશોરથી હાથ પછાડી વાતો કરતો હતો. વાતમાં ને વાતમાં ટેબલ પર હાથ પછાડતાં તે બોલી ઉઠયોઃ—"ગ્રેન્ડ ડ્યૂક અને

મંત્રીઓની હું જરા પણ પરવાહ કરતો નથી, પાદરીઓની અદાલતનો સભાપતિ મારી આગળ કોઇહિસાબમાં નથી અને નાના નાના અધિકારીઓને તો હું ચીમટીમાં ચોળી નાખું એમ છું."

રાસપુટીનની આ ધ્રુષ્ટતા જોઇ ગ્રેન્ડ ડયૂક ડિમિટ્રીનો ચ્હેરો લાલ લાલ થઇ ગયો. ક્રોધમાં આવી તેણે ટેબલ પરનો કાચનો ગ્લાસ ઉપાડયો અને તેના પર અફાળી તેના ચૂરેચૂરા કરી નાખ્યા. તેણે રાજકુમાર યુસોપોફને ધીમેથી કાનમાં કહ્યું:–'આ હરામજાદો જો હમણાં ચુપ નહિ બેસી રહે તો અહિંયા ને અહિંયાં તેનો જાન લીધા સિવાય રહીશ નહિ."

રાજકુમાર યુસોપોફે ગભરાઇ ડયૂકને ઠંડો પાડતાં કહ્યું:–"અરે! આવી ઉતાવળ કોઇ દિવસ કરતા નહિ. આપણા બન્નેના કરતાં તે વિશેષ શકિતમાન છે. અને પેલા લોકોને–મારી મતલબ તો તમે સમજી ગયા હશો–કહીને આપણું સંપૂર્ણ અનિષ્ઠ કરી શકે એમ છે!"

રાસપુટીન પુનઃ બડબડવા લાગ્યો–"આ લોકોની સ્ત્રીઓ અને પ્રેમિકાઓ તરફનો જુસ્સો તો જુઓ–હું એમ કહી શકતો નથી કે તેઓ મારા પ્રભાવનો સ્વીકાર કરતા નથી–પરંતુ એક સોધારણ વેશ્યા કરાલી—"

કરાલી નામ સાંભળતાં જ ગ્રેન્ડ ડયૂક એકદમ ખુરસીમાંથી ઉઠીને ઉભો થઇ ગયો. કહેવામા આવતું હતું કે, ગ્રેન્ડ ડયૂક અને કરાલી વચ્ચે વિશેષ ઘનીષ્ઠ સંબંધ હતો. ગ્રેન્ડ ડયૂક ઉઠીને ઉભો થયો અને રાસપુટીનનો નશો ઉતારી દેવાને આગળ વધ્યો એટલામાં દૈવવશાત્ અથવા રાસપુટીનના નસીબને લીધે કુટ-

લોક વિખ્યાત આદમીઓ ત્યાં આવી પહોંચ્યા એટલે ગ્રેન્ડ ડયૂક લોહીનો ઘુંટડો ગળી જઈ પોતાના સ્થાન પર બેસી ગયો.

આવનારાઓમાં એક કોન્ઝરવેટીવ પક્ષનો સભાસદ હતો. તે વખતે તરતમાં જ ડયુમામાંથી આવતો હતો. કેટલાક કલાક પહેલાં તેણે રાસપુટીનની વિરૂધ્ધમાં એક ભાષણ આપ્યું હતું. કારણ કે તે તેને રશિયન રાજનીતિના સંચાલક તરીકે માનતો હતો. રાજ-સભામાં તેણે ભાષણ કરતા કહ્યું હતું કે, "દેશને માટે ઘણી શરમની વાત છે કે, એક ધુર્ત આદમીના ઇશારા મુજબ તુચ્છમાં તુચ્છ આદમીને આલા.દરજ્જાની પદ્દિએ ચડાવવામાં આવે છે જ્યારે ઉચ્ચ અધિકારીઓને નીચા દરજ્જા પર મૂકી માનભંગ કરવામાં આવે છે. આવી સ્થિતિ હવે લાંબો વખત ચલાવી લેવાય એમ નથી. આમાં સમસ્ત દેશનું અપમાન છે અને હવે દેશ સહન કરી શકે એમ નથી. ઝારની પાસે જઇ આપણે કહેવું જોઇએ કે, હવે આ લજ્જાયુકત પ્રહસન પર પડદો પાડવામાં આવે–કારણ કે હવે તેના જુલ્મો અસહ્ય થઇ પડયા છે"

સ્ટર્મરે (રાસપુટીને નિયત કરેલો પ્રધાન મંત્રી) પૌરીશકીવિચની આ વાત સાંભળી જરાં મોઢું મરડયું. આ સ્ટર્મર એક વખત જર્મની દ્વારા રૂમાનિયાનો નાશ જોઇ રહ્યો હતો અને વિશ્વાસઘાતી બની તેણે જર્મનોને ગેલીશિયાની સરહદ પર દાખલ થવા દીધા હતા.

સ્ટર્મર સિવાય ડયુમાના ઉદાર અને અનુદાર સભાસદો પૌરીશકીવિચની વાત સાંભળી બહુ ખુશ થયા અને રાસપુટીન તરફ ઘૃણા પ્રકટ કરવા લાગ્યા.

પૈરીશકીવિચ વીર અને સ્પષ્ટ વકતા હતો. વીરતાનું ઉદાહરણ આપતાં હજીપણ રશિયામાં તેનું નામ લેવાય છે. મોટા મોટા રાજનીતિજ્ઞ શત્રુઓ પણ તેની વીરતા અને સત્યતાનાં મુકત કંઠે વખાણ કરે છે.

પૈરીશકીવિચ રાસપુટીનનાં ટેબલ પાસે ગયો અને બોલ્યો– "કેમ ગ્રેગ્રરી, મજાહમાં તો છોને? ખુબ મૌજ ઉડાવી લ્યો– હવે થોડા દિવસ બાકી રહ્યા છે!"

રાસપુટીને પણ તેને તેવોજ પ્રતિ ઉત્તર આપતાં કહ્યું— "હા, હું મોજ ઉડાવી રહ્યો છું અને તમને પણ તેવીજ સલાહ આપું છું. કારણ કે, મને ખબર પડી ગઇ છે કે, તમારા દિવસ મારા કરતાં પણ જલ્દી ભરાઇ જવાના છે!"

પરંતુ રાસપુટીનના શબ્દોની તેના દિલ પર કાંઇ પણ અસર થઇ નહિ રાસપુટીનની આંખ સાથે આંખ મેળવી તે કહેવા લાગ્યો–"બચ્ચા, યાદ રાખજે કે, આનંદ પ્રમોદના દિવસો હવે વધારે વાર ટકવાના નથી. મૃત્યુ તારી રાહ જોઈ રહ્યું છે અને કોઇ "માઇનો પૂત" ઉત્પન્ન થઇ તારા વિષમય પંજામાંથી રશિયાને છોડાવ્યા વિના રહેશે નહિ."

ત્યાર પછી આ વાદવિવાદ બંધ પડી ગયો. દરેક પોત પોતાને સ્થાને બેસી ગયા. રાસપુટીન ચુપ થઇ ગયો. થોડીવાર ચુપચુપ બેસી રહ્યા પછી તે બોલ્યો:—"ચાલો બીજી જગ્યાએ જઇ મોજ ઉડાવીએ." એટલું કહી પોતાના સાથીઓને લઇ ત્યાંથી તે ઉઠી ગયો.

હવે માત્ર બે ટેબલ બાકી રહ્યાં હતાં. એક પર ડયુમાના

મેમ્બરો બેઠા હતા અને બીજા પર ગ્રેન્ડ ડયુક તથા તેના મિત્રો હતા.

રાજકુમાર યુસોપોફ ત્રેવીશ વર્ષનો નવયુવાન હતો. ઝારનો બનેવી થતો હતો તેણે પૌરીશકોવિચની પાસે જઇને તે કહ્યુ—"આપની વાતચિત સાંભળી હું બહુ ખુશ થયો છું અને આપની વીરતા માટે આપને ધન્યવાદ આપુ છુ."

પૌરીશકોવિચે કહ્યું—"રાજકુમાર! આપે આપેલા ધન્યવાદ માટે આપનો ઉપકાર માનું છું"

રાજકુમારે કહ્યુ:-"આપે હમણાં કહ્યું કે, કોઇ 'માદને પૂત' ઉત્પન્ન થશે, જે રશિયાને રાસપુટીનના પંજામાથી છોડાવશે. આપની ઇચ્છા હોય તો એ કામ કરવાને હું તૈયાર છું."

પૌરીશકોવિચ તો રાજકુમારનું આ ધૈર્ય જોઇ વિસ્મિત બની ગયો. તે કાંઇ પણ જવાબ આપી શકયો નહિ એટલે ગ્રેન્ડ ડયુક બોલી ઉઠયો:-"અને હું તમોને યથાશકિત મદદ કરીશ. આ બદમાશોના અત્યાચારો આપણે ઘણા વખત સુધી સહન કર્યાં; પરંતુ હવે સહન થઇ શકે એમ નથી. રશિયાનાં કલ્યાણ માટે આજે આપણે પ્રતિજ્ઞા કરવી જોઇએ કે, રાસપુટીનને જયાં સુધી આ દુનિયામાંથી વિદાય કરી દઇએ નહિ ત્યાં સૂધી કોઇ સુખચેનથી બેસશું નહિ."

હૉટેલનો આ વિશાળ ઓરડો કે જેની અંદર આ બે ટોળીઓ સિવાય બીજું કોઇ નહોતું તેઓએ રાસપુટીનને યમલોકામાં પહોંચાડી દેવાની પ્રતિજ્ઞા કરી.

પ્રકરણ ૧૬ મું

કર્મ-ફળ

શુક્રવાર તા. ૧૬ મી ડીસેમ્બર ૧૯૧૬ની રાતના અગીયાર વાગે બરફ પડતો હતો સમસ્ત પૃથ્વી બરફથી આચ્છાદિત થઇ જઇ શુભ્રવસ્ત્રની ચાદર પાથરી હોય તેવો ભાસ થતો હતો.

પહેરેગીરો ઉદાસ ચિત્તે અહિં-તહિં ફરતા હતા. સડકો પર માણસનું નામો નિશાન પણ જણાતુ ન હોતું માત્ર કોઇ મોટર કિંવા સ્લેજનો ધ્વનિ ક્વચિત કાને પડતો હતો.

જેવી ભીષણ રાત્રિ હતી, તેવોજ સમય પણ ભીષણ કૃત્યો કરવા માટે અનુકુળ હતો

રાજકુમાર યુસોપોફના મકાનમાં પાંચ પુરૂષ અને એક સ્ત્રી ગુફતગુ કરતા બેઠા છે. તેઓમાં એક તો ખુદ રાજકુમાર, ગ્રેન્ડ-ડયુક ડિમિટ્રૂ, પોરીશકીવિચ, એક બીજી વ્યકિત તથા પ્રખ્યાત વેશ્યા કરાલી હતી.

ગ્રેન્ડ ડયુકે રાજકુમારને કહ્યું-" શું તમે ખાત્રીપૂર્વક કહો છો કે તે આવ્યા વિના રહેશે નહિ ?"

રાજકુમારે જવાબ આપ્યો-" હા. છેલ્લા પંદરેક દિવસ થયાં મેં તેની સાથે એટલો બધો ઘનિષ્ટ સંબંધ વધારી દીધો છે કે, તે આવ્યા સિવાય રહેશે નહિં."

ગ્રેન્ડ ડયુકે સહજ હસી જરા ઉદાસ ભાવથી કહ્યું-"રાજકુમાર અમે પણ તમને નકામા આ ઝંઝટમાં સામેલ કરી લીધા !"

રાજકુમારે સહેજ વિસ્મત બની કહ્યું:-" તમે આ કેવી વાત કરો છો ? રશિયાને માટે મારો જાન આપવાને પણ હું તૈયાર છું."

તેઓની આ પ્રમાણે વાતચિત ચાલતી હતી, પણ પૌરીશ-કીવિચના મનની બેચેની તો વધતી જ જતી હતી. તેણે નિરૂત્સાહી બની કહ્યું.-" તમે બધા ગમે તેમ કહો, પણ સમય નકામો બરબાદ કરવા જેવું છે. મને લાગે છે કે, તે સમજી ગયો હોવો જોઇએ કે દાળમાં કાંઇક કાળું છે, એટલે આવ્યો નથી."

રાજકુમારે તેને હિંમત અને ખાત્રી આપતાં કહ્યું:-" મારા શબ્દો પર વિશ્વાસ રાખો. મેં તેને એવી તો સરસ લાલચ આપી છે કે, તે તેનો ત્યાગ કરી શકશે નહિ." એટલું કહી રાજકુમારે કિંચિત્ હસી કરાલીના મ્હોડા તરફ જોયું. પૌરીશકીવિચના મનને પણ કાંઇક ખાત્રી થઇ. તે સહજ હસ્યો અને કહેવા લાગ્યો કે, આવે તો આજના જેવો મોકો ફરી મળનાર નથી. ઝાર અને રશિયાનાં ભલાં માટે તે પાજીને તો આ સંસારમાંથી યમલોકમાં પહોંચાડી દેવો જ જોઇએ. હજી પણ જો ચેત્યા ન હોત તો તે દુષ્ટ અધમે આપણને તેમજ સમસ્ત રશિયાને જર્મનીના હવાલામાં સોંપી દીધાં હોત. મહારાણી તેના પર અંધ બની ગઇ છે. તેની તરફ તે પોતાની આંતરચક્ષુને બદલે સ્થુલ દ્રષ્ટિથી જુએ છે, જ્યારે ઝારની દુર્બલતાની તો વાત જ શી કરવી !"

રાજકુમાર યુસોપોફનું વિશાલ ભવન એક બગીચાની અંદર આવેલું હતું. તેને બે દરવાજા હતા. એક સિંહદ્વાર જે સર્વ સાધારણ વપરાસ માટે હતું જ્યારે બીજું ગુપ્તદ્વાર કે જ્યાંથી

રાજકુમારના મિત્રો અને વિશ્વાસુ આદમીઓ જ આવજાવ કરી શકતા હતા. રાસપુટીન આજે આ ગુપ્તદ્વારથી આવવાનો હતો.

વળી રાસપુટીનની પોતાની પણ ઇચ્છા એવી હતી કે, ગુપ્તદ્વારમાંથી મહેલમાં દાખલ થવું કારણ કે, તેને ચેતા પહોંચી ગયા હતા કે પોતાનો જાન લેવાનું કાવતરૂં રચાઈ રહ્યું છે.

*　　　　*　　　　*

રાત્રિના અગીયાર વાગી ગયા, પણ રાસપુટીન આવ્યો નહિ એટલે કાવતરાંબાજોની અધીરતા વધવા લાગી. જે ઓરડામાં આ બધા બેઠા હતા, ત્યાં સંપૂર્ણ અંધારૂં હતુ. માત્ર બે જણના મનને જ ખાત્રી હતી કે રાસપુટીન આવ્યા વિના રહેશે નહિ. એક તો રાજકુમાર અને બીજી એક સ્ત્રી કે જેને મળવા માટે જ રાસપુટીન અહિં આવવાનો હતો.

અગીયાર વાગીને ઉપર વીસ મીનીટ થઇ. એટલામાં ગુપ્તદ્વાર પર એક મોટર આવીને ઉભી રહી. લીલાં વસ્ત્ર ધારણ કરેલી એક વ્યક્તિ મોટરમાંથી ઉતરી. તેણે બારણાંની ઘંટી વગાડી. નોકરો બધા અલગ થઇ ગયા અને ખુદ રાજકુમારે બારણું ઉઘાડી રાસપુટીનને આવકાર આપતાં કહ્યું–" આવો, અંદર આવો, બીજું કોઇ નથી. "

રાસપુટીન રાજકુમારની પછવાડે બંગલામાં દાખલ થયો. દિવાનખાનામાં દાખલ થયા પછી પોતાનો ઝભ્ભો ઉતારતાં તેણે રાજકુમારને પૂછ્યું–" તમે મને ક્યાં લઇ જાઓ છો ?"

" ભોજન લેવાના ઓરડામાં. ત્યાં સંપૂર્ણ એકાંત છે. વળી ત્યાં ઉત્તમોત્તમ શરાબની બાટલીઓ મંગાવીને રાખી છે એટલે

રાજકુમારી આવે ત્યા સૂધી આપણે વાતો કરતા ત્યા બેસીએ."

ત્રણ સીડીઓ પસાર કર્યાં બાદ તેઓ ભોજન કરવાના ઓરડામાં આવી પહોચ્યા. ટેબલ ઉપર લાલ શરાબની બે બાટલીઓ પડી હતી. એક સાદી બાટલી હતી અને બીજીને ખાલી કરી એક સુવર્ણખચિત સુરાહીમા ઠાલવી દેવામાં આવી. તેમાં પોટાસિયમ સ્થાનાઇડ (વિષ) મેળવેલું હતું. એક ચાદીની રકાબીમાં થોડા બિસ્કીટ પણ પડયા હતા કે જેમાં પણ વિષ મેળવવામાં આવ્યુ હતું. આ વિષ બહુ તીવ્ર હતુ. બે કલાક પહેલાં પૈરીશકીવિચના કુતરા ઉપર પ્રયોગ દાખલ તેને ખવરાવી જોયાં હતાં. બિસ્કીટ ખાતાજ કુતરો રામશરણ થઇ ગયો જે હજુ સૂધી બગીચાના એક ઝાડ નીચે પડયો હતો.

રાસપુટીનના હાથમાં શરાબની સુરાહી આપતાં રાજકુમારે કહ્યું-" કહો, શું પીશો ?"

રાસપુટીને જરા વિચાર કર્યાં પછી જવાબ આપ્યો— 'હમણાં તો કાંઇ પીવું નથી કારણ કે બિલકુલ તરસ લાગી નથી."

બન્ને આદમીઓ આધ્યાત્મિક વિદ્યા ઉપર વાતચિત કરવા લાગ્યા. કારણ કે રાસપુટીનને પોતામામા ઇશ્વરીયશકિત છે, એવું સમજાવવાનો બહુ શોખ હતો.

રાજકુમારે કહ્યુ-"મી. ગ્રેગરી, તમે શું આધ્યાત્મિક વિદ્યાના થોડા ચમત્કાર મને બતાવી શકશો ? આત્માઓનું આવાહન કરી તેઓની સાથે વાતચિત કરવાની મને બહુ ઇચ્છા છે."

"આવા ચમત્કારો તો મેં કેટલાય જણને બતાવ્યા છે. મી. પ્રોટોપોપને પણ બતાવ્યા હતા; પરતુ તેના જેવો મૂર્ખ

આદમી આજ સૂધી મેં ક્યાંઇ જોયો નથી. એક એવી જ બીજી વ્યક્તિને પણ બતાવ્યા છે. અને તેણે તેમાં એટલે સૂધી સિધ્ધિ મેળવી છે કે, ગઇ કાલે રાતના તેણે પિટર ધી ગ્રેટના આત્માને બોલાવ્યો; પરંતુ દોસ્ત ! ત્યારે એક વાત બહુ ખરાબ કરી ! "

" કઇ ? "

" તે બોલ્યો કે, અત્યારે જો પીટર જીવતો હોત તો હું તેને ચાબુકથી ફટકાવ્યા સિવાય રહેત નહિ. આ વાત મેં આજ સવારના સ્ટર્મરને કહી. તે તો સાંભળીને એટલો બધો ગભરાઇ ગયો કે ન પૂછો વાત ! " એટલુ કહી રાસપુટીન ખડખડ હસી પડયો.

" વારૂ, ત્યારે મને પણ શિખડાવો. મારી સ્ત્રી પણ આ બાબત જાણવાને બહુ ઉત્સુક છે "

" ઠીક છે. તમારી ઇચ્છા હશે, તો શિખડાવી દઇશ."

આમ વાતચિત ચલાવતાં રાજકુમારને તરસ લાગી એટલે તેણે સાદી બાટલી ઉઠાવી અને તેમાંથી એક ગ્લાસ ભરી શરાબ પી ગયો.

રાસપુટીનનું પણ કંઇક પીવાનું મન થયું એટલે તેણે કહ્યું:–" લાવો એક ગ્લાસ હું પણ લઉં " એમ કહી સાદી બાટલીમાંથી એક ગ્લાસ ભરી તે ગટગટાવી ગયો.

પુનઃ વાતચિત શરૂ થઇ. વચ્ચે વચ્ચે તે બિસ્કીટના એકાદ બે કકડા મ્હોડામાં મૂકવા લાગ્યો, બિસ્કીટ જેમ જેમ ખવાતી ગઇ તેમ તેમ તેની તરસ વધવા લાગી, એટલે બાજુમાં પડેલી સરાઇ લઇ તેમાંથી તેણે ગ્લાસ ભરવા માંડયા.

થોડો વખત રાજકુમાર બગાસાં ખાતાં વિચારવા લાગ્યો કે શું ખરેખર આ શખ્સનો અંતકાલ નજીક આવી ગયો છે ? તેની આ વિચારમાળા ચાલતી હતી ત્યારે રાસપુટીનના હાથ અને મ્હોડું ચાલતાં હતા. એક પછી એક બિસ્કીટો તે ચાવ્યેજ જતો હતો છતાં તે માહેલા વિષનો પ્રભાવ કાંઇ પણ દેખાતો નહોતો. રાજકુમાર ભયભીત બની તેના ચ્હેરા સામું જોઇ રહ્યો. તેને તેની ઇશ્વરીય શક્તિની યાદ આવી તેણે વિચાર્યું કે, ખરેખર આનામાં ઇશ્વરીય શક્તિ હોવી જોઇએ તેમ ન હોય તો વિષની અસર તેના પર કેમ થતી નથી ? શું ખુદ ઇશ્વર તેનું રક્ષણ કરે છે ?"

આવી રીતે સાશંક મન થવાથી કંઇક બ્હાનું બતાવી રાજકુમાર ત્યાંથી ઉઠ્યો અને ગભરાતો ગભરાતો તેના બીજા સાથીઓ લપાઇ બેઠા હતા તે ઓરડામાં આવી પહોંચ્યો.

તેણે તેઓને ધીમે સ્વરે કહ્યું:–"રાસપુટીન મરી શકશે નહિ !"

"કેમ ?" તેઓમાના એકે પુછ્યું. 'મશ્કરી તો કરતા નથી ? વિષથી ન મરે તો શું થઇ ગયું. લ્યો આ પિસ્તોલ અને ચલાવો ગોળીબાર બિસ્કીટો ભલે હજમ કરી જાય, પણ ગોળી તો હજમ કરી શકશે નહિ ?"

રાજકુમારમાં કાંઇક હિંમત આવી. જમણા હાથમાં પિસ્તોલ લઇ પીઠ પાછળ સતાડી તે રાસપુટીન બેઠા હતો તે ઓરડામાં આવી પહોંચ્યો. રાસપુટીન આ વખતે ઓરડાની અંદર આંટાફેરા માર્યા કરતો હતો.

રાજકુમારે તેને પૂછ્યું:–"કેમ, શું કરો છો ?"

"તમારી શરાબ છે તો લહેજતદાર પણ જરા ગરમ બહુ હોય એમ જણાય છે."

"ઓહ! થોડા વખતમાં જ બધી ગરમી જતી રહેશે. આવો આપણે આ કારીગરી જોઇએ. મને ખાત્રી છે કે તમોને તે પસંદ પડયા સિવાય રહેશે નહિ."

એટલું કહી તેણે ડાબે હાથે ટેબલ પર પડેલી હાથીદાંતની કોતરેલી ક્રોસની આકૃતિ બતાવી. રાસપુટીને તે આકૃતિને પોતાના હાથમાં લીધી અને ધ્યાનપૂર્વક જોવા લાગ્યો એટલામાં રાજકુમારે પિસ્તોલના બે બાર કર્યાં અને રાસપુટીન જમીન ઉપર પટકાઇ પડયો.

રાજકુમાર ખુશાલીમાં આવી જઇ દોડતો પોતાના સાથીઓ પાસે પહોંચી ગયો અને કહેવા લાગ્યોઃ "બસ! મામલો ખત્મ. આ વખતે તે ખરેખર મરી ગયો!"

આ સમાચાર સાંભળી બધા એક બીજાના મ્હોડા તરફ વિસ્મયતાની દષ્ટિથી જોઇ અભિનંદન આપવા લાગ્યા. ગ્રેન્ડ ડ્યુકનું ઘર નજીકમાં જ હતું. રાસપુટીનની લાશને ઉપાડી જવા માટે પોતાની મોટર લેવા તે ઘેર ચાલ્યો ગયો.

બાકીનાઓની ખુશાલી આજે સમાતી નહોતી. તેઓ સમજતા હતા, કે રશિયાની આજે ભયંકર નરપિશાચના હાથમાંથી મુક્તિ થઇ ગઈ. એટલામાં કોઇનાં પગલાંનો અવાજ સંભળાયો.

પૌરીશકીવિચ બોલી ઉઠયોઃ– કોણ છે?" એટલું કહી તે બારીની બહાર જોવા લાગ્યો.

તેણે જે દશ્ય જોયું તેથી તેનાં રૂવે રૂવાં ઉભાં થઇ ગયાં.

લોહીથી તરબોળ થયેલો રાસપુટીન પોતાનો ઝભ્ભો પહેરી લઇ સીડી ઉતરી બાગના દરવાજા તરફ દોડયો જતો હતો. પૌરીશકીવિચ પોતાની પિસ્તોલ લઇ તેની પછવાડે દોડયો. રાજકુમાર પણ એક મોટો ડંડો લઈ તેમની પાછળ ગયો.

રાસપુટીન જેમ બને તેમ જલ્દી બાગમાંથી પલાયન કરી જવાનો પ્રયત્ન કરતો હતો. તેના શરીરમાંથી ટપકતા લોહીથી જમીન લાલ થઇ જતી હતી. જેવો તે દરવાજામાં પહોંચે એટલામાં ત્રણ ફાયરો થઇ. રાસપુટીન ચક્કર ખાઇ જમીન ઉપર પડયો. ઉપરથી રાજકુમારે એવા તો જોરથી તેના માથામાં ડંડો માર્યો કે, તેની ખોપરી ફાટી ગઇ અને તે ઇશ્વરના દરબારમાં કરેલાં કર્મોનો હિસાબ ચુકવવા ચાલ્યો ગયો.

છેલ્લા ત્રણ અવાજોએ પોલીસનું ધ્યાન ખેંચ્યું. તેઓ દોડીને ત્યાં આવી પહોંચ્યા. તપાસ કરતા રાસપુટીનની લાશ જોઇ આશ્ચર્યથી તેઓ ત્યાંજ થંભી ગયા.

પૌરીશકીવિચ આગળ આવ્યો અને પોલીસ અધિકારીઓને પોતાના નામનો કાર્ડ આપતાં બોલ્યો:—"આનું ખૂન મેં કર્યું છે. આ મારો કાર્ડ હ્યો: હું ડયુમાનો એક મેમ્બર છું."

પોલીસ લોકો વિપત્તિમાં આવી પડયા. કાર્ડ લઇ ત્યાંથી ચાલ્યા ગયા. એટલામાં ગ્રેન્ડ ડયુક મોટર લઇ આવી પહોંચ્યો. તેની સાથે ત્રણ માણસો હતા. એક મોટર ચલાવવા વાળો, બીજો એક ડૉકટર જે તેનો મિત્ર થતો હતો અને ત્રીજો એક નોકર હતો.

રાસપુટીનની લાશને મોટરમાં મૂકી બધા તે મોટરમાં બેઠા

એટલે ગાડી ચાલવા લાગી. અત્યારે રાતના બે વાગી ગયા હતા.

મોટરને પૂર ઝડપથી નદી તરફ હંકારી જવાનો ડોકટરે હુકમ આપ્યો નદીના પુલની ત્રીજી મહેરાબ પાસે મોટરને ઉભી રાખવામાં આવી.

ડોકટર તથા ડયુકના માણસે લાશને મોટરમાંથી બહાર કહાડી અને જેવા તેઓ તેને પુલની નીચે નદીમાં ફેંકી દેવા જાય છે, ત્યાં રાસપુટીને તેઓના કપડાં પકડી લીધાં. આહ ! હજી પણ રાસપુટીનમાં કિંચિત્ જીવ રહ્યો હતો ! છતાં બન્નેએ હિંમત લાવી તેને નદીના ગર્ભમાં ફેંકી દીધો. નોકરનું કપડું ચરરર કરતું ફાટી ગયું.

પુલ પરથી નીચે ફેંકાયેલો રાસપુટીન નીચે બરફ પર પડયો અને ત્યાંથી ગબડતો ગબડતો નદીના પાણીમાં ગાયબ થઇ ગયો.

થયું. પાપાત્માને તેના કર્મનું ફળ મળી ગયું. આનું નામજ ઇશ્વરીય ન્યાય.



ઉપસંહાર

રાસપુટીન મરી ગયો. તેના વિયોગમાં ઝારીના એટલી તો શોકાતુર બની ગઈ કે, પોતાનાં કર્ત્તવ્યોનું પણ તેને ભાન રહ્યું નહિ. તેણે ઝારને એક પત્ર લખ્યો અને તેમાં જણાવ્યું કે, " રાસપુટીનના હત્યાકારીઓને યોગ્ય શિક્ષા થવીજ જોઈએ. "

ઝાર પણ એટલો બધો અંધ વિશ્વાસી અને દુર્બળ હૃદયનો બની ગયો હતો કે, ઝારીનાની આજ્ઞાનુસાર તેણે હત્યાકારીઓનો પત્તો મેળવી તપાસ કરવાનો હુકમ ફરમાવ્યો.

ઝારીના આ વખતે હૃદયશૂન્ય બની ગઈ હતી. હત્યાકારીઓને ફાંસીને લાકડે લટકાવવાને કિંવા કેદખાનામાં મોકલી આપવાને તે ઉત્સુક બની ગઈ હતી. પરંતુ ઝાર આટલી બધી ભયંકર શિક્ષા કરવાને ડરતો હતો. તેણે પ્રોટોપોપોફને કહ્યું— " હત્યાકારીઓને દેશનિકાલ કરી દો. "

ઝારનો કાકો અને દિમિટ્રીનો પિતા ગ્રેન્ડ ડયુક પોલ પુત્રના છૂટકારા માટે ઝાર પાસે આવ્યો પણ તેને દાદ મળી નહિ. રાસપુટીનનાં મૃત્યુને રાજકીય અપરાધ ગણી ઝારે ક્ષમા આપવાની ના કહી. અને વાસ્તવિક રીતે જોતાં ઝારની આ ગણના સત્ય હતી કારણ કે, રાસપુટીનનું મૃત્યુ એ રશિયન રાજક્રાંતિનું શરૂઆતનું મુહૂરત હતું.

ગમે તેમ હોય, પણ તે વખતે હત્યાકારીયોના મનમાં તે વાત નહોતી. તેઓએ પોતાની વ્યક્તિગત ઉચ્ચ અભિલાષા વિનાજ આ કાર્ય કર્યું હતું. તેઓ એમ પણ જાણતા હતા કે, તેઓનાં આ કાર્યને કોઈ જાણી શકશે નહિ; પરંતુ છેલ્લા ત્રણ બંદુકના

બારે પોલીસને જાણ કરી દીધી હતી. જો પોલીસને આટલી પણ ખબર ન પડી હોત તો રશિયન પ્રજા એમજ માનત કે, રાસપુટીન કોઇ અજ્ઞાત મઠમાં તપ કરવા ગયો છે અને ત્યાંથી થોડા વખતમાંજ આવી પહોંચશે.

રાસપુટીન મરી ગયો. તેની લાશને નેવામાંથી બહાર કહાડવામાં આવી અને પોક્રાવસ્કોઇ મોકલી દીધી. ડોકટરી તપાસને અંતે માલૂમ પડયું કે, તેના શરીરમાં ત્રણ ગોળીઓ લાગી હતી. એક છાતીમાં અને બીજી બે બીજાં સ્થળોએ લાગી હતી.

રશિયન રાજક્રાંતિ થયા બાદ જનતાએ રાસપુટીનની લાશને કબરમાંથી ખોદીને બહાર કહાડી અને તેના ટુકડે ટુકડા કરી ગીધોને ખવરાવી દીધી !

આવી રીતે રશિયન ઇતિહાસમાં અમર નામ કરી જનાર પ્રોક્રોવસ્કોઇનો એક ખેડુત-પોતાની ઉન્નતિ કરતાં તાજ વગરના રાજાની પદ્દિ પામી પોતાના કર્મનું ફળ ભોગવવા ત્યાંથી એવો તો પટકાયો કે, દુનિયાનાં એક મહા પ્રતાપશાળી રાજ્યને પણ પોતાનાં મૃત્યુ સાથે તેણે ડામાડોળ સ્થિતિમાં લાવી મૂકયું કે જેનું પરિણામ અત્યારે પણ આપણી નજર સામે તરે છે !

સમાપ્ત

રાસ્કલ રાસપુટીન



રાસપુટીને તે આકૃતિને પોતાના હાથમાં લીધી અને ધ્યાનપૂર્વક
જોવા લાગ્યો એટલામા રાજકુમારે પિસ્તોલના બે બાર કર્યાં
અને રાસપુટીન જમીન ઉપર પટકાઈ પડ્યો

નાસાલ રાસપુટીન અને જર્મન શાહજાદીઓ



રશિયન શહેનશાહના જનાનખાનામાં પોલમ પોલ ચલાવનાર
રાસપુટીનનું રક્ષણ કરતી ચારે શાહજાદીઓ.